# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા برکاتِ خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

૧-માર્ચ-૨૦૦૫

મુહર્રમ-સફર (مُحَرَّمْ-صَفَرْ)

હિજરી સન : ૧૪૨૬

વર્ષ : ૦૨ અંક : ૦૩, સળંગ અંક : ૧૫



★ સ્થાપક અને પ્રકાશક ★

ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15–00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

## ★ રુત્બા રઝા કા હૈ ★

અઝ : 'આકિબ' બરકાતી પેટલાદી

રૂહાની તૌર પર તો વો રુત્બા રઝા કા હૈ
બરકાતી ખાનકાહ મેં ચર્ચા રઝા કા હૈ

હર હર અદા હૈ સુન્નતે મહબૂબે કિબ્રીયા
ઈશ્કે નબી મેં ડૂબા સરાપા રઝા કા હૈ

યે બોલતી ઝુબાનેં યે ચલતે હુએ કલમ
કિસકા યે ફૈઝ હૈ પસે પર્દા રઝા કા હૈ

હોતા હૈ નજદીયોં કે કલેજે સે આરપાર
ક્યૂંકર ન આરપાર હો નેઝા રઝા કા હૈ

સૂરજ પે ખાક ડાલતે ફિરતે હો દોસ્તો !
રોશન નબી કે નૂરસે ચેહરા રઝા કા હૈ

માને ન માને કોઈ મગર હક્ક તો હૈ યહી
સુન્ની કે સર પે આજ ભી સાયા રઝા કા હૈ

તખ્તા ઉલટ કે જિસને હુકૂમત કા રખ દિયા
વો મુસ્તફા રઝા હૈ જો બેટા રઝા કા હૈ

મસ્લક નયા નહીં, હૈ યેહી મસ્લકે હુસૈન
ઈસ દૌર મેં જો મસ્લકેવાલા રઝા કા હૈ

**"આકિબ"** જો શૌકે દીદે રઝા હૈ તો દેખલે
અખ્તર રઝા કે ચેહરેમેં જલ્વા રઝા કા હૈ


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ..........................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) માર્ચ-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : 03 ★ સળંગ અંક : ૧૫


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** **આ આપણી શાદીઓ છે કે આપણી બર્બાદીઓ ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૪ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૭ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી **અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૮ |
| ૦૮. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ **અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૧ |
| ૦૯. | સદ્‌વર્તન (હુસ્ને અખ્લાક) અને આપણા નબી صلی اللہ علیہ وسلم | **અઝ** : સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા *(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ, રાજપુરીગેટ, બાલાસિનોર)* | ૨૪ |
| ૧૦. | ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નાં સાયન્ટિફિક મંતવ્યો | **કાર્યાલય** | ૨૭ |
| ૧૧. | ઈસ્લામમાં સૂર્યગ્રહણની હકીકત | **કાર્યાલય** | ૩૨ |
| ૧૨. | શું તમે જાણો છો ?! | **અઝ** : જનાબ મુહમ્મદ ઈમરાન-વોરાસમની | ૩૬ |
| ૧૩. | મુસલમાનોના બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ ની ઈન્સાફ પસંદી | **અઝ** :જનાબ મૌલાના સૈયદઅલી મિસ્બાહી વાગરાવાળા *(ઉસ્તાદ દારુલ ઉલૂમ બુખારિયા-ચાંચવેલ)* | ૩૮ |
| ૧૪. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૩૯ |
| ૧૫. | અઝવાજે મુતહ્હરાત | **અઝ** : હઝરત મુફતી હારૂન રશીદ અમજદી કંબોલ્વી | ૪૦ |
| ૧૬. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.) **અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૪ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |
| ૧૭. | આ છે લેખનકાર્યના શોખીન નસીબદાર તલબા ! | **કાર્યાલય** | ૪૭ |

તંત્રી લેખ

# આ આપણી શાદીઓ છે કે આપણી બર્બાદીઓ ?!

આજે કોઈક ઠેકાણે શાદી હોય તો મોટાભાગે આ દશ્ય જોવા મળે છે કે કેટલાક નવયુવાનો, વડીલો, ફટાકડાની હાર ગોઠવે છે, અથવા દારૂગોળાવાળી કોઠીઓ ગોઠવી જોરદાર ધડાકાઓથી સમગ્ર વાતાવરણને હચમચાવી નાખવામાં આવે છે, સાથે સાથે બેન્ડ બાજા પર માઈકો સાથે ફિલ્મી ગીતોની ધૂન ચાલે અને તેના તાલ પર કેટલાક ડાન્સ કરતા હોય છે, વળી કેટલાક ઉત્સાહીઓ બગીમાં ઠાઠથી કોટ પેન્ટ તથા ટાઈ સાથે ચશ્મા લગાડી હારતોરા પહેરલ દુલ્હાને પણ ઉઠાવી લાવે છે અને તેને નચાવે તથા નાચે છે ક્યારેક છોકરીઓ પણ નાચતી હોય છે અને ખૂબ મેકઅપ કરીને બનીને ઠનીને આવેલી યુવતીઓ યુવાનોમાં ભેળસેળ થઈ છૂટથી સૌ આ મન્ઝરની મજા માણે છે, સ્ત્રીઓ ટૂંકી બાંય, પહોળા ગળાના તથા પારદર્શક ચુસ્ત કપડાં પહેરી અંગપ્રર્દશન કરતી પોતાના સૌંદર્ય તરફ પુરૂષોને આકર્ષવાના હેતુથી અવનવા નખરાં સાથે કૂદાકૂદ કરતી હોય છે. યુવાનો યુવતીઓમાં ક્યારેક ઠઠ્ઠા મશ્કરી ચાલે છે, ફિલ્મી ગીતોને કટ કરવાની હરીફાઈ ચાલે છે તેમાં કશીય શરમ વિના છોકરા છોકરીઓ સામે સામે થાય છે, હુરીયો બોલાવાય છે, નજરોને બેલગામ છોડી મૂકીને સૌ સ્વચ્છંદી વાતાવરણ સર્જીને શૈતાની લિજ્જત માણવામાં ડૂબી જાય છે. કેટલીક જગાએ શરાબ પીને જાનૈયા છાકટા બને છે.

યહ મુસલમાં હૈ ! જિસે દેખ કે શરમાએ યહૂદ !

આ પ્રમાણે શરીઅતનું સરે આમ ઉલ્લંઘન કરતાં કરતાં (મુસલમાનભાઈ બહેનોની) બારાત લગ્ન માંડવે પહોંચે છે અથવા ક્યાંક હોલ પર જાય છે. ત્યાં સ્ટેજ પર નિકાહની વિધિ થયા બાદ દુલ્હા દુલ્હનને સાથે સાથે ખુરશી પર બેસાડીને એકબીજાની જાહેરમાં મશ્કરી કરતા ક્રિશ્ચન ટાઈપ અવનવા ખેલ સૌ લોકો સમક્ષ થાય છે. વળી પછી દુલ્હાને મુબારકબાદી આપવા માટે હાર પહેરાવીને સૌ તેને ગળે મળે છે. પુરૂષો તો ઠીક પણ **નામહરમ સ્ત્રીઓ, જુવાન છોકરીઓ તેને ગળે બાઝે છે ! હાથ મેળવવાની વાત નહીં ! બાકાયદા ભેટે છે.** નીચે તે યુવાન બૈરીનો પતિ ઉભો છે, ભાઈ ઉભો છે, બાપ ઉભો છે તે સર્વ આ તમાશો બેશરમ બનીને જોતા રહે છે. (એવાને જ શરીઅતમાં **"દય્યૂષ"** કહેવાય છે, કે જે જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં એવું હદીષમાં છે.)

અને આ સર્વ ચીજોનું પિક્ચર શરૂથી અંત સુધી વીડીઓ પર ઉતરી રહ્યું છે. સર્વનું વારાફરતી શુટીંગ થતું હોય છે. તદ્દન નાચનારી જેવા શણગારો, પોતાના શરીરનું પ્રદર્શન કરતા ડ્રેસીસ પહેરીને આવતી સ્ત્રીઓને વીડીઓ ઉતારનારો અવનવી એક્ટિંગ કરવાનું કહીને તેવા બેશરમીભર્યા પોઝ ઉતારે છે અને પછી આ કેસેટો દેશ વિદેશ સગા સંબંધીઓને જોવા મોકલવામાં આવે છે જ્યાં ફિલ્મના શોની જેમ પોતાની જ પુત્રીઓનું પિક્ચર સર્વ લોકો જોઈને આનંદ માણે છે.

शर्मे नब्बी खौफे खुदा, यह भी नहीं वो भी नहीं !

વળી તદન યહૂદી તથા ક્રિશ્ચન ટાઈપ રસમો શરૂ થઈ ગઈ છે ! દુલ્હા દુલ્હન ક્રિશ્ચન જેવા ડ્રેસમાં સજજ થઈને કેક કાપવાની રસમ કરે છે તથા અન્ય ન જાણે શું શું નાટકો થાય છે ! વળી દુલ્હન જે રૂમમાં બેસે છે ત્યાં અન્ય સહેલીઓ હોય છે ત્યાં બિભત્સ ફિલ્મી ગીતો સતત કલાકો સુધી વાગતાં રહે છે, ન કોઈને ખુદાનો ડર ન શરમ ન હયા ! ન નમાઝના સમયનો ખયાલ ! ન શરીઅતના હુકમોની કાંઈ પરવા ! આ બધુ તદન સામાન્ય થતું જઈ રહ્યું છે.

कल्बमें सोज़ नहीं रूहमें अेहसास नहीं
कुछ भी पैगामे मुहम्मद का तुम्हें पास नहीं

અને માહોલ એવો થઈ ગયો છે કે કદાચ જ આ ખેલોથી કોઈ ઘર બાકી રહે. કેટલાક **તો બાપુ કહેવાતા તથા મોલ્વી, હાફેઝ કે પીર મુકર્રિરોને ત્યાં પણ આ રસમો થાય છે ! ધામધૂમથી બેન્ડબાજા, માઈકો પર ગીતો, મર્દ ઔરતની ભેળસેળ, વીડીઓ શુટીંગ તથા સર્વ ઈસ્લામ વિરૂધ્ધની રસમો થતી અમો જોઈ રહ્યા છીએ !** આવા જ લોકો માટે ડો. ઈકબાલે કહ્યું હશે કે :–

उठा मैं मद्रसाओं खानकाहोंसे नमनाक
न ज़िंदगी, न महोब्बत, न मअरेफत, न निगाह ! *(નમનાક = અશ્રુમય આંખે)*

સાચુ જ કહ્યું છે, કોઈક દર્દે દિલ રાખવાવાળા રહબરે કે, **"બગાડ ઉપરથી આવે છે ! રહબર ભટકે છે તો કૌમ ભટકે છે."** એંજીન પાટા પરથી ઉતરી જાય તો બીચારા ડબ્બા ક્યાં જવાના !

પણ હે મુસલમાનો ! હે રસૂલેપાકના આશિકો ! શરમ કરો ! શરમ કરો ! તમે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! શાદીઓમાં થતી આ રસમો તમારી દુનિયા તથા આખેરત બંને માટે બર્બાદીનો સબબ છે. મારી પ્યારી બહેનો ! **તમે ક્રિશ્ચન કે યહૂદણો નથી પણ તમે હઝરત ફાતમાની કનીઝાઓ છો !** આ નગ્નતાના તમાશા અને બેલગામ નજરો તમને ક્યાં લઈ જશે જાણો છો ?! સાંભળો ! અલ્લાહના રસૂલે ફર્માવ્યું કે :

**"જે કપડાં તો પહેરશે છતાં નગ્ન હશે, પુરૂષોને પોતાની પ્રતિ આકર્ષનારી અને પોતે પુરૂષો તરફ આકર્ષિત થવાવાળી.... આવી સ્ત્રીઓ જન્નતમાં દાખલ નહીં થાય અને જન્નતની ખુશ્બુ પણ એમને મળશે નહીં ! જ્યારે કે જન્નતની ખુશ્બુ દૂર દૂર સુધી પહોંચતી હશે."** *(સહીહ મુસ્લિમ, મિશ્કાત, પેજ–૩૦૬)*

હે બહેનો ! શું તમને રસૂલુલ્લાહ ﷺ ની વાત પર વિ□સ નથી ? તમારામાં જરા પણ શરમ હોય તો સાંભળો કે આપણને પૈદા કરનાર રબ, આપણને આ રૂપ, રંગ, હાથ, પગ, કાન તથા આ આંખો આપી તે જ રબ પોતાના પ્યારા રસૂલ થકી પયગામ પહોંચાડે છે કે હદીષોમાં છે :–

**"જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે ઝાનિયહ્ (બદ્‌ચલન) છે !"**

વિચારો ! **ક્યાંક રસૂલે પાક ﷺ ની બોલીમાં તમે તો બદ્‌ચલન નથી ને !** સાવધાન

થઈ જાવ અને શરમને અપનાવો અને ઈજ્જતવાળી બનો. અને દરેકને નજરોને પણ બચાવવાનો હુકમ છે કે આપણો પેદા કરનાર રબ ફર્માવે છે :–

''હે મહબૂબ ! તમે મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહની હિફાઝત કરે.'' (સૂરએ નૂર) એ જ પ્રમાણે નજરોને કંટ્રોલ કરવાનો સ્ત્રીઓને પણ કુર્આનમાં હુકમ છે.

હદીષમાં છે કે, **જે આંખ હરામથી ભરવામાં આવશે (હરામ ચીજો જોશે) તે આંખમાં કિયામતમાં આગના સળીયા નાખવામાં આવશે.**

હે મુસલમાન ભાઈઓ તથા બહેનો ! ઈમાની ગૈરતને જાગૃત કરો અને વિચારો કે આ શાદીઓમાં શું થઈ રહ્યું છે ?! અને આપણે એ લાયક છીએ ! કે અલ્લાહની જ ભૂમિ પર રહીને, તેનો જ ખોરાક ખાઈને તેણે જાઈઝ કામ કરવા માટે આપેલ આંખો, કાન, હાથ, પગનો દુરુપયોગ કરીએ પછી કઈ ભલાઈ આપણા ભાગે આવી શકે છે ?!

હદીષમાં એ પણ છે કે, **"જે નામહરમ સ્ત્રી પુરૂષ એક બીજાને મુસાફો કરશે કે હાથ પકડશે તો કિયામતના દિવસે તે હાથોને આગની સાંકળો વડે જક્ડવામાં આવશે."** તો શાદીમાં દુલ્હાને ભેટી પડતી નામહરમ સ્ત્રીઓ વિચારે કે તેણીઓ કેવા ભયાનક અઝાબને વહોરી રહી છે !

જેઓ શાદીની ખુશીના નશામાં ફટાકડા ફોડે છે તેના વિશે આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : **''આતશબાજી (ફટાકડા... વગેરે)** જે રીતે શાદીઓ અને શબે બરાતની રાતે કરવામાં આવે છે, બેશક ! **હરામ** અને **સંપૂર્ણ ગુનોહ** છે કેમ કે એ માલનો વ્યય છે.

કુર્આનમાં એ લોકોને **''શૈતાનના ભાઈ''** કહેવામાં આવ્યા છે.'' (ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૭૭)

બીજા એક ઠેકાણે શાદીમાં બેન્ડબાજા વિશે આ'લા હઝરતે જણાવ્યું કે, ''કેવળ ફૂલોનો સેહરો જાઈઝ અને આ જે **વાજાંઓ** શાદીઓમાં વગાડાય છે તથા તેનો રિવાજ છે તે બધું **નાજાઈઝ** તથા **હરામ** છે.'' *(અલ્મલ્ફૂઝ કામિલ, પેજ–૩૮)*

બેન્ડ બાજાંઓ, ગીતો, ગાયનો, તથા ફુહશ (બેહૂદા) વાતો વિશે આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : આ ગાવા વગાડવાનો જે શહેરોમાં રિવાજ છે તે કશી શંકા વગર મના તથા નાજાઈઝ છે. ખાસ કરીને તે મલઊન તથા નાપાક રસમ કે જે તમીઝ વગરના મૂર્ખ જાહિલોએ મલઊન હુનૂદ શૈતાનોથી આ ગંદી વાત શીખી છે એટલે કે બિભત્સ ગાળોનાં ગીતો ગવડાવવાં અને હાજર રહેલ સ્ત્રી પુરૂષોને લચ્છેદાર સંભળાવવું, દુલ્હા, દુલ્હનના ઘરાનાની પાક દામન ઔરતોને ઝિનાના શબ્દોથી વર્ણન કરવું કરાવવું, ખાસ કરીને આ મલઊન બેહયા રસમનો મજમો ઔરતોમાં થવો, તેઓનું આ નાપાક બિભત્સ હરકત પર હસવું, અટ્ટહાસ્યો કરવાં, પોતાની કુંવારી છોકરીઓને આ બધું સંભળાવીને બદ્લેહાજ, બેગૈરત (બેશરમ), ખબીષ, બદ્તમીજ પુરૂષોના હાજર થવાની જગાએ રાખવી, ક્યારેક નામ માત્રનું લોકોને દેખાડવા માટે એકાદવાર ધમકાવી દેવું પણ સંપૂર્ણ બંદોબસ્ત ન કરવો. **આ બુરી ગંદી રસમ છે, જેના પર અલ્લાહ તઆલાની સેંકડો લાનતો ઉતરે છે.** તેના કરવાવાળા, તેના પર રાજી થનારા, પોતાને ત્યાં તેની (રોકથામ માટે) પૂરતો બંદોબસ્ત ન કરનારા સૌ ફાસિક, ફાજિર, કબીરા

ગુનાહમાં પડનારા, જબ્બારના અઝાબના તથા જહન્નમના અઝાબના હક્કદાર છે.... *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૭૭)*

## શાદી સંબંધે વધુ એક પ્રશ્ન અને તેનો જવાબ

**સવાલ** : અમારે ત્યાં મુસલમાનોની શાદી પોતાના પૂરાણા રિવાજ મુજબ જ થાય છે. જેમ કે દુલ્હામિયાંને સેહરો બાંધીને ગળામાં નોટોના હાર નાખી દીધા, હાથમાં તલ્વાર આપીને દુલ્હામિયાંને ઘોડા પર, પાલકીમાં કે ગાડીમાં બેસાડીને સાથે જાનૈયાઓનું મોટું સરઘસ નીકળે છે જેની આગળ ઢોલ, શહનાઈઓ વગાડતા દુલ્હનના ઘરે પહોંચે છે. ત્યાં દુલ્હનવાળા દુલ્હનને સોના ચાંદીનાં ઘરેણા પહેરાવેલ હોય છે. ત્યારબાદ હક્ક પ્રમાણે મહેર નક્કી કરીને ઈમામ સાહબ અને અન્ય વડીલ લોકો શરીઅત પ્રમાણે નિકાહખ્વાની કરે છે. શું પૂરાણા રિવાજ પ્રમાણે થયેલ શાદીમાં દુલ્હા દુલ્હનના નિકાહ શરીઅતની રૂએ દુરુસ્ત તથા જાઈઝ થયા કે નહીં ? બૈયનૂ તૂજરૂ.

**જવાબ** : જણાવેલ સંજોગોમાં ઢોલ વગાડવું નાજાઈઝ તથા ગુનોહ છે. કેવળ એલાન કરવાના હેતુસર નાબાલિગા (નવ વરસથી નાની) બાળકીઓએ દફ વગાડવાની ઈજાઝત છે, જ્યારે કે સંગીતના કાયદા હેઠળ ન હોય અને ન તેના વગાડવાવાળા મર્દ હોય કે મર્દોના માટે સદંતર મના છે. આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ લખે છે : "પવિત્ર શરીઅતે શાદીમાં નિકાહના એલાનના હેતુસર કેવળ દફ વગાડવાની ઈજાઝત આપી છે જ્યારે કે શરીઅત પ્રમાણેના હેતુથી આગળ ન વધે. અને શૈતાની લિજ્જત પામવા (મજા માણવા)ની હદો સુધી ન પહોંચે. ઉલમા શર્ત લગાડે છે કે સંગીતના કાયદાઓ પ્રમાણે (દફ) ન વગાડવામાં આવે, તાલ સુરના પ્રમાણે ન હોય ન તેમાં (દફમાં) ઝાંઝર હોય અને તેની (તેને વગાડવાની) રજા કેવળ નાબાલિગા બાળકીઓના માટે છે, નહીં તો મર્દોના માટે દરેક રીતે મકરૂહ છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૭૭)*

નવશાને પાલકીમાં, ઘોડા પર તેમજ ગાડીમાં સવાર કરવો જાઈઝ તથા દુરુસ્ત છે. એવું જ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૭૭ પર છે. અને સેહરો બાંધવો પણ જાઈઝ તથા દુરુસ્ત છે, પણ એવો સેહરો જે ખાસ હિંદુઓમાં રિવાજ છે તે નાજાઈઝ છે. એવું ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૨ પર છે.

અને **નોટોનો હાર નાજાઈઝ છે** કે હાર કેવળ ફૂલોનો જ જાઈઝ છે. અને જ્યાં સુધી નિકાહની વાત છે તો નિકાહ તો દરેક રીતે થઈ જાય છે, એમાં કાંઈ વાંધો આ નાજાઈઝ કામોના સબબે નથી પડી શક્તો.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અજમલહુસૈન બલરામપુરી *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, બસ્તી, યુ.પી., બહવાલા માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, ફેબ્રુ.–૦૪)*

તો જેઓ અલ્લાહની આપેલી દૌલતનો નાજાઈઝ ઉપયોગ કરી શાદીઓમાં ડાન્સપાર્ટીઓ, મ્યૂઝિક પાર્ટીઓ, બેન્ડબાજા તથા અન્ય ક્રિશ્નો જેવા પ્રોગ્રામો કરી લાખો ઉડાવે છે તેમણે ખુદાનો ખૌફ કરીને તે નાણાને ગરીબ મુસ્લિમો તથા ગરીબ સાદાતોની શાહઝાદીઓની શાદીમાં સહાય કરવી જોઈએ કે જેઓ પૈસાના વાંકે પોતાના અરમાનોને ટુંપો દઈને બેઠેલી છે. તમારામાં ખરેખર મહબ્બતે રસૂલ છે, મહબ્બતે આલે રસૂલ છે તો આ બાબતે ગંભીરતાથી વિચારશો.

હે મુસલમાનો ! તમે જે યૂરોપ તથા અમેરિકાની ગંદી સંસ્કૃતિનું અનુકરણ કરો છો ! તેઓ કેટલા નીચ છે તે જાણવું છે ? સાંભળો ! "ત્યાં શીલ, ચારિત્ર્યનું કોઈ મૂલ્ય જ નથી... આપણે ત્યાં પરબમાં જઈને પાણી પીવું એ ગુનો નથી બનતો તેમ ત્યાં નાઈટ કલબોમાં જઈ સેક્સ માણવામાં કોઈ નીચાજોણું થતું નથી ! જરા આંચકો લાગે એવી વાત છે પણ સાચી છે. અમેરિકાથી પધારેલા એક મિત્રે કહ્યું, અમારે ત્યાં ક્યારેક તો એવો ય ઈત્તેફાક બને છે કે દીકરો સેક્સશોપ (વૈશ્યાઘર)નાં પગથિયાં ઉતરી ઘર તરફ જઈ રહ્યો છે અને બાપ પગથિયા ચઢી અંદર જતો હોય ! બંનેની આંખો મળે છે પણ સહજ રીતે તેઓ આગળ વધી જાય છે. કોઈની આંખ શરમથી ઢળી જતી નથી !" *(ગુજરાત મિત્ર, ૨૮ નવે. ૦૪)* શું તમે આટલી હદે નીચ થવા માંગો છો ?! અગર "ના !" તો એમના તરીકાને છોડો ! અને ઈસ્લામના પાકીઝા તરીકાને અપનાવો.

## ઈસ્લામમાં નિકાહનું મહત્વ

"નિકાહ" (શાદી) તથા પતિ પત્નીનો સંબંધ એ માનવજાતની પાયાની તથા પ્રાકૃતિક જરૂર છે, એટલા માટે દરેક માનવજાતિમાં એ કોઈ ન કોઈ રૂપમાં મૌજૂદ છે. અને વિ□ના દરેક ધર્મમાં એના કાંઈ ન કાંઈ નિયમ ઘડાયેલા છે. પરંતુ લગભગ દરેકે તેને કેવળ એક રિવાજ તથા દિલ બેહલાવવાના હેતુથી અધિક નથી મૂલવ્યો ન તો તેની દુરંદેશીપૂર્ણ હિકમતોને લક્ષમાં લીધી છે. પણ ઈસ્લામે તેના અન્ય કાનૂનોની જેમ નિકાહ તથા પતિ પત્નીના સંબંધોના નિયમોની પણ વિસ્તારપૂર્વક સ્પષ્ટતા કરી છે એટલું જ નહીં પણ તેને એક ઈબાદત તથા અલ્લાહની નિકટતા પામવાનો ઝરીયો દર્શાવ્યો છે. અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું કે :–

**"જ્યારે બંદો નિકાહ (શાદી) કરી લે છે તો તેનો અડધો દીન મુકમ્મલ થઈ જાય છે."** *(મિશ્કાત, પેજ–૬૭૮, બહાવાલા બયહકી)*

એક હદીષમાં છે કે, **"પરણિતની નમાઝ એ અપરણિતની નમાઝ કરતાં ચાલીસ ગણી અફઝલ છે."**

એક હદીષમાં છે, **"નિકાહ (શાદી) કરો ! કેમ કે પરણિત શખ્સની એક દિવસની ઈબાદત અપરણિતની એક હજાર વરસની ઈબાદતથી અફઝલ છે."**

શક્તિ હોવા છતાં નિકાહ ન કરનારને ચેતવણી આપણાં રસૂલે કાઈનાત ﷺ એ ફર્માવ્યું :–

**"અપરણિત પુરૂષો શૈતાનોના ભાઈ છે, જો નસરાની હોત તો વાત જુદી હતી પણ મુસલમાને તો મારી સુન્નત પ્રમાણે નિકાહ કરવો જોઈએ."** *(નુઝહતુલ મજાલિસ)*

અને એ સીધી વાત છે કે જે માણસ શાદી કરી લે છે તે ભયાનક ગુનાહોના ખતરાઓથી સુરક્ષિત થઈ જાય છે. બદ્નઝરી તથા ઝિના જેવા ગુનાહોથી તે બચી જાય છે કેમ કે શરીઅતના કાનૂન પ્રમાણે પતિ તથા પત્નીનું પવિત્ર બંધન તેમના માટે બસ હોય છે.

સુબ્હાનલ્લાહ ! શાદી તથા નિકાહનો ખયાલ ઈસ્લામમાં કેટલો પાકીઝા તથા પવિત્ર છે કે એક પવિત્ર માહોલને બકરાર રાખવા માટે ઈસ્લામ શાદીનો હુકમ આપે છે તથા તેમાં અગણિત ભલાઈઓ દર્શાવવામાં આવી રહી છે, જેમ કે ઉપર દર્શાવવામાં આવ્યું. નિકાહને ઈબાદતનો દરજ્જો આપવામાં

આવ્યો અને પરિણત વ્યક્તિની ઈબાદતના પણ દરજ્જાઓ વધારી દેવામાં આવ્યા. પરંતુ અફસોસ કે નિકાહ જેવી સુન્નતને અદા કરવાના પ્રસંગે આપણા સમાજમાં અજબનાં દશ્યો જોવા મળે છે અને અસંખ્ય હરામ કામોથી આ પ્રસંગને ઘેરી લેવામાં આવે છે.

બીજી એક અતિ ગંભીર બાબત શાદીઓમાં જોવા મળે છે કે લોકો શાદી નક્કી કરવામાં સામા પક્ષની ધન, દૌલત, રૂપ વગેરે જુએ છે પણ તેઓ ઈમાનવાળા છે કે નહીં તેના પ્રતિ ઘણા લોકો લક્ષ જ નથી આપતા અને વર્તમાન સમયના મુનાફિકો વહાબી, દેવબંદી, મૌદૂદી, ગૈરમુકલ્લિદ વગેરેને ત્યાં પણ સંબંધો કરતા જાય છે. જ્યારે કે ઈસ્લામી રૂએ સુન્નીના નિકાહ તેમને ત્યાં થઈ શકતા જ નથી, ભલે ધામધૂમથી ગમે તે વિધિઓ થાય. અને તેમના નિકાહમાં હાજરી આપનારા **ઝિનાના દલાલ** ગણાશે. આવો ! એ જ બાબતની સ્પષ્ટતા કરતો એક ફત્વો જોઈ લો ! :–

**મસ્અલા** : એક શહેરમાં અમુક લોકો વહાબી, તબ્લીગી ખયાલના છે અને અધિકતર લોકો સુન્ની છે. લોકોની સુન્નીઓ સાથે છોકરીઓની લેણદેણ થાય છે પણ તે છોકરા, છોકરીઓના ખયાલ નામાલૂમ જેવા હોય છે બલ્કે મોટે ભાગે સુન્નિયતના માનવાવાળાં હોય છે. તો આ સંજોગોમાં કોઈ ઈમામનું તેમના નિકાહમાં શરીક થવું અને પઢાવવું શરીઅતની રૂએ કેવું છે ? તેમજ આવા ઈમામની ઈકતેદા સહી છે કે નહીં ? તહકીક વગર કોઈને વહાબી, દેવબંદી બનાવી દેનારના બારામાં શું હુકમ છે ?

**અલ્જવાબ** : અમુક લોકો જેઓ વહાબી, તબ્લીગી ખયાલોના છે, જો તે લોકોને મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ અહમદ અંબેઠીના કુફ્રી લખાણો હિફઝુલ ઈમાન, પેજ–૮, ૧૪, ૨૮ અને બરાહીને કાતિઅહ, પેજ–૫૧ ઉપર યકીની માહિતગારી હોવા છતાં વર્ણવેલ મોલ્વીઓને કાફિર મુર્તદ નથી કહેતા, તો તેઓ ફતાવા હુસ્સામુલ હરમૈન પ્રમાણે કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે રિશ્તો જોડવો હરામ તથા નાજાઈઝ છે, કેમ કે મુર્તદના નિકાહ કોઈની સાથે થઈ શકતા જ નથી. જેમ કે ફતાવાએ આલમગીરી, ભાગ–૧, મિસ્રી પેજ–૨૬૩ માં છે : (અર્થ) મુર્તદના નિકાહ મુર્તદ સ્ત્રી, મુસલમાન સ્ત્રી અને અસલી કાફિર સ્ત્રી કોઈની સાથે જાઈઝ નથી અને એ જ પ્રમાણે **મુર્તદ સ્ત્રીના નિકાહ કોઈની સાથે પણ જાઈઝ નથી** એવું જ મબસૂતમાં છે.

અને મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?

**ખુલાસો** : એ કે જેનાં મા બાપ મુર્તદ કે ગુમરાહ હોય અને તેઓના (છોકરાઓનો) તેમની સાથે સંબંધ કટ થયેલો ન હોય તો **તેમના નિકાહમાં શરીક થવું અને તેમનો નિકાહ પઢાવવો જાઈઝ નથી.** અને જે ઈમામ પૈસાની લાલચે જાઈઝ નાજાઈઝ ન જુએ તેની પાછળ નમાઝ ન પઢો કેમ કે એવો ઈમામ વિના ગુસ્લ, વુઝૂ એ પણ નમાઝ પઢાવી શકે છે. કોઈને તહકીક વિના વહાબી, દેવબંદી બનાવનાર સખ્ત ગુનેહગાર છે. વહુવ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

**લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી *(૧૯, સફર, હી. ૧૪૦૧)*

મૌલા તઆલા આપણને શરીઅત પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَإِنَّهَا لَكَبِيرَةٌ إِلَّا عَلَى الْخٰشِعِيْنَ ﴿٤٥﴾ الَّذِيْنَ
يَظُنُّوْنَ أَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَأَنَّهُمْ إِلَيْهِ رٰجِعُوْنَ ﴿٤٦﴾ يٰبَنِيْٓ إِسْرَآءِيْلَ
اذْكُرُوْا نِعْمَتِيَ الَّتِيْٓ أَنْعَمْتُ عَلَيْكُمْ وَأَنِّيْ فَضَّلْتُكُمْ عَلَى الْعٰلَمِيْنَ ﴿٤٧﴾
وَاتَّقُوْا يَوْمًا لَّا تَجْزِيْ نَفْسٌ عَنْ نَّفْسٍ شَيْـًٔا وَّلَا يُقْبَلُ مِنْهَا
شَفَاعَةٌ وَّلَا يُؤْخَذُ مِنْهَا عَدْلٌ وَّلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٤٨﴾ وَإِذْ
نَجَّيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ يُذَبِّحُوْنَ
أَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ۚ وَفِيْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ
عَظِيْمٌ ﴿٤٩﴾

**તર્જુમો** : અને બેશક ! નમાઝ જરૂર ભારે છે, પણ આજિઝી કરનારાઓ પર (ભારે નથી) જેઓ યકીન કરે છે કે તેઓ મુલાકાત કરનારા છે પોતાના રબ સાથે અને તેઓ તેની જ તરફ પલટનારા છે[૬૩]. હે યાકૂબની ઔલાદ ! યાદ કરો મારું તે એહસાન જે મેં તમારા પર કર્યું અને (એ કે) મેં ફઝીલત આપી હતી તમને સર્વ જહાનવાળાઓ પર[૬૪] અને ડરો તે દિવસથી જ્યારે ન બદલો દઈ શકશે કોઈ શખ્સ કોઈનો કાંઈ પણ અને ન કબૂલ કરવામાં આવશે તેના માટે સિફારિશ[૬૫] અને ન લેવામાં આવશે તેનાથી કોઈ બદલો અને તેઓને મદદ કરવામાં આવશે. અને યાદ કરો જ્યારે નજાત બખ્શી અમે તમને ફિરઔનીઓથી જેઓ પહોંચાડતા હતા તમને સખ્ત અઝાબ, (એટલે) ઝબહ કરતા હતા[૬૬] તમારા પુત્રોને અને જીવતા રહેવા દેતા હતા તમારી ઔરતો (બેટીઓ)ને, અને એમાં ઘણી કઠીન આજમાઈશ હતી તમારા રબની[૬૭].

## ★ તફસીર ★

**૬૩.** લુગત (શબ્દકોશ)ના આલિમોની દૃષ્ટિ ظن એ શબ્દોમાંથી છે જે વિવિધ તથા વિરોધાભાસી અર્થો પર દલીલો પૂરી પાડે છે. જેમ કે ظن નો અર્થ "શક" પણ છે અને "યકીન" પણ છે અને આ આયતમાં ظن "યકીન"ના અર્થમાં વપરાયો છે.

**૬૪.** દુનિયાની સર્વ કૌમો, ખાનદાન તથા તેની વ્યક્તિઓ અલ્લાહ તઆલાની મખ્લૂક હોવામાં અને આદમની ઔલાદ હોવામાં સૌ સમાન છે. અલ્લાહ તઆલાની નજીક ઉચ્ચતા તથા બુઝુર્ગીનો દારોમદાર તે ઉમદા ગુણો તથા ખૂબીઓ પર છે જેનાથી કોઈ કૌમ કે વ્યક્તિ સંબંધિત થાય છે. કેવળ કોઈ ખાનદાનની વ્યક્તિ હોવું અથવા કોઈ વંશજથી (સંબંધિત) હોવું કોઈ મતલબ ધરાવતુ નથી. હિદાયત, ઈલ્મ તથા હિકમત અને હુકૂમત આ ત્રણ એવી ચીજો હતી જે એક સાથે તે સમયે બની

ઈસ્રાઈલ સિવાય કોઈ કૌમમાં જોવા મળતી ન હતી, એટલા માટે તેની મહાનતા તથા ઉચ્ચપણુ સિદ્ધ થયેલ હતું. પરંતુ જ્યારે હઠ (જીદ) અને પૂર્વગ્રહ (અદાવત)ના કારણે તેમણે હિદાયતનો પૈગામ ઠુકરાવી દીધો અને પોતાની મનેચ્છાઓની પૂર્ણતાના માટે ઈલ્મ તથા હિકમતના આસ્માની સહીફાઓ (કિતાબો)માં ફેરફાર તથા બગાડ શરૂ કરી આપ્યો અને અંબિયાએ કિરામની તૌહીન તથા બેઅદબીને પોતાનો ધંધો બનાવી લીધો અને અમુકને કત્લ પણ કરી નાખ્યા. તો આ કરતૂતોના લીધે તેમના પર ઝિલ્લત તથા મુફલિસીની લઅનત થોપી દેવામાં આવી. જેમ કે તેમણે પોતે પોતાના હાથો વડે પોતાની ફઝીલતનું ગળુ દબાવી દીધું અને ઉચ્ચપણાનો જનાઝો કાઢી નાખ્યો. હવે આ ફઝાઈલ તથા ખૂબીઓની વારિસ મુસ્લિમ ઉમ્મત હતી એટલા માટે ફઝીલત (મહાનતા) તથા કરામત (વિશિષ્ટા)નો તાજ તેના માથા પર રાખી દેવામાં આવ્યો અને તેને كنتم خیر امة "કુન્તુમ ખૈર ઉમ્મહ્"ની ખુશખબરી સંભળાવી દેવામાં આવી, એટલા માટે મુસ્લિમ ઉમ્મત પર બની ઈસ્રાઈલની ફઝીલતનો સવાલ જ ઉપસ્થિત નથી થતો.

**૬૫.** દુનિયામાં "મુજરિમ"ની મુક્તિ માટે જેટલા પણ તરીકા છે સૌને નકારી દેવામાં આવ્યા કે કિયામતના દિવસે આ તરીકાઓમાંથી કોઈ તરીકો કામ આવશે નહીં. મોઅતઝલા ફિર્કાવાળાએ આ આયતથી ગુનેહગાર મો'મિનના માટે શફાઅતનો પણ ઈન્કાર કર્યો છે જે ગલત છે. અલ્લામા કર્તબી رحمۃ اللہ علیہ લખે છે :–

اجمع المفسرون علی ان المراد بھذہ الاٰیۃ النفس الکافرۃ لاکل نفس۔

"સર્વ મુફિસ્સરોનો ઈજમાઅ છે કે નફસથી મુરાદ કાફિર છે ન દરેક નફ્સ." અલ્લામા બયઝાવી رحمۃ اللہ علیہ મોઅતઝલાનો રદ કરતાં લખે છે કે આ આયત કાફિરોના માટે ખાસ છે કારણ કે ગુનેહગાર મો'મિનના માટે શફાઅત બાબતે કેટલીયે આયતો તથા હદીષો (જે તવાતુરની હદે પહોંચેલી છે) દલીલો પૂરી પાડે છે. તેમજ આયતનું ઉતરાણ યહૂદીઓના એ ગલત અકીદાને બાતિલ ઠરાવવા માટે થયો કે તેઓ સમજતા હતા કે તેમના અમલો તથા અકીદા ગમે તેવા પણ હોય છતાં તેમની નજાત યકીની છે.

**૬૬.** બાળકોને કત્લ કરવાનું કારણ શું હતું ? તેનું વર્ણન કુર્આને નથી કર્યું. અલ્બત્ત આમ મુફસ્સિરોનો ખયાલ છે કે જ્યોતિષોએ ફિરઔનને બતાવી દીધું હતું કે બની ઈસ્રાઈલમાં એક છોકરો પેદા થનારો છે જે તારી સત્તાનો તખ્તો ઉલ્ટાવી કાઢશે. તો સાવચેતીનાં પગલાં રૂપે તેણે હુકમ આપી દીધો કે બની ઈસ્રાઈલને ત્યાં જે પુત્ર પેદા થાય તેને કત્લ કરી દેવામાં આવે અને પુત્રીઓને જીવતી રહેવા દેવામાં આવે જેથી મોટી થઈને તેમની લોંડીઓ બને. તે સમયની વહેમીલી મિસ્રી વિચારશૈલીથી આ કાંઈ અશક્ય પણ ન હતું. પરંતુ શેખ મુહમ્મદ અબ્દહૂએ એક અન્ય કારણ વર્ણવ્યું છે : તેઓ કહે છે કે બની ઈસ્રાઈલની નસલ એટલી તીવ્ર ગતિ તથા અધિક્તાથી વધવા માંડી હતી કે ફિરઔનને એ ભય સતાવવા લાગી ગયો કે જો તેમની પેદાઈશની ગતિ એ જ પ્રમાણે રહી તો બની ઈસ્રાઈલની લઘુમિત ગુરૂમતિમાં ફેરવાઈ જશે અને પોતાની મોટાભાગની બહુમતિની બિના પર એઓ કાંઈ ઈન્કિલાબ પેદા કરી દેશે. આ ભય હેઠળ તેણે બની ઈસ્રાઈલની નસલની કતલનો આ જુલ્મી હુકમ આપ્યો.

**૬૭.** આ મુસીબત તથા નેઅમત બંનેમાં આજમાઈશ છે. પ્રથમમાં સબ્ર તથા સંયમની અને બીજામાં શુક્ર તથા ધૈર્યની. ذلکم નો નિર્દેશ આ બંને ચીજો પ્રતિ છે, ઔલાદના કત્લની મુસીબત અને તેનાથી છૂટકારાની નેઅમત.

## દર્સે હદીષે પાક

### મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૪ ★

હઝરત અમ્ર ઈબ્ને આસ رَضِيَ اللهُ عَنْهُ થી રિવાયત છે[૧]. ફર્માવે છે કે હુઝૂર صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّم ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી કે આપનો હાથ લંબાવો જેથી હું આપની બયઅત કરું[૨]. આપે હાથ લંબાવ્યો તો મેં હાથ પાછો ખેંચી લીધો[૩]. ફર્માવ્યું, હે અમ્ર ! આ શું ?! મેં અર્ઝ કરી કે કાંઈક શરત લગાડવા ચાહું છું ! ફર્માવ્યું, શું શરત ? મેં અર્ઝ કરી કે મારી બખ્શિશ થઈ જાય[૪]. ફર્માવ્યું, હે અમ્ર ! શું તને ખબર નથી કે ઈસ્લામ પાછલા ગુનાહો નાબૂદ કરી દે છે અને હિજરત પાછલા ગુનાહો મિટાવી દે છે અને હજ્જ પણ પાછલા ગુનાહો મિટાવી દે છે[૫]. આ મુસ્લિમે રિવાયત કરી અને તે હદીષો જે હઝરત અબૂહુરૈરહ્ رَضِيَ اللهُ عَنْهُ થી રિવાયત થયેલ છે, ફર્માવે છે : ફર્માવ્યું અલ્લાહ તઆલાએ કે હું તમામ શરીકોમાં શિર્કથી પાક છું અને બીજી એ કે અઝમત (મહાનતા) તથા બુલંદી (ઉચ્ચતા) મારી ચાદર છે. (જો અલ્લાહે ચાહ્યું તો અમે એને રિયા તથા ઘમંડના પ્રકરણોમાં વર્ણવીશું.)

## ★ સમજૂતી ★

**૧.** આપ અમ્ર ઈબ્ને આસ સહમી કરશી છે. સન. હિ. ૫ માં ખાલિદ બિન વલીદ رَضِيَ اللهُ عَنْهُ અને ઉષ્માન ઈબ્ને તલ્હાના સાથે મદયનમાં આવીને ઈસ્લામ લાવ્યા. હુઝૂર صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّم એ તેમને અમ્માનના ગવર્નર મુકર્રર કર્યા. આપ હઝરત અમ્ર તથા ઉષ્માન તથા મુઆવિયા رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْن ના આમિલ રહ્યા. આપ ફાતેહે મિસ્ર છે. મિસ્રમાં જ નેવું વરસની વયે હિ.સ. ૪૩ માં વફાત પામ્યા. *(અકમાલ)*

**૨.** આ ઈસ્લામની બયઅત છે. સહાબાએ કિરામ ઈસ્લામ સ્વીકારતી વખતે હુઝૂર صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّم ની બયઅત પણ કર્યા કરતા હતા એટલે કે "અડગ રહેવાના વાયદાની બયઅત." જેથી આ બયઅતે તકવા, બયઅતે જેહાદ, બયઅતે શહાદત, કોઈ ખાસ મસ્અલા પર બયઅત એનાથી અલગ છે. આજકાલ સામાન્યતઃ પીરોથી બયઅત એ બયઅતે તૌબા અથવા બયઅતે તકવા થાય છે. બયઅતના સમયે શયખ (પીર)ના હાથમાં હાથ આપવો સુન્નત છે, જેમ કે આ હદીષથી જાણવા મળ્યું.

**૩.** બેઅદબીના માટે નહીં, બલ્કે મુખ્તાર બંદો માનતા હતા. (જેથી બખ્શિશની માંગણી કરી.)

**૪.** જુઓ, બખ્શવાનું કામ અલ્લાહનું છે અને (સહાબી) શર્ત લગાડી રહ્યા છે ! જેથી રસૂલુલ્લાહ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّم ને આપણે પણ કહી શકીએ છીએ કે અમને જન્નત અતા ફર્માવો ! હુઝૂર ! અમને દોઝખથી નજાત નસીબ કરો !

**૫.** જાણવા મળ્યું કે ઈમાન અને નેક અમલો ગુનાહની માફીના ઝરીયા છે.

રબ ફર્માવે છે :–

**اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَات**

પણ તેનાથી ગુનાહો નષ્ટ થાય છે ન કે બંદાઓના હક્કો. નવ મુસ્લિમ ઈમાન લાવ્યા બાદ કુફ્રના સમયનું કરજ પણ અદા કરશે અને શરીઅતની શિક્ષાઓ તથા કેસાસ પણ માથે રહેશે, જેથી હદીષ પર કોઈ વાંધો રહેતો નથી. એટલા માટે એવું કોઈ નથી કહી શકતું કે કુફ્રના સમયમાં ઝુલ્મથી કત્લ કરીને લોકોના માલ મારી ખાવ અને બાદમાં કલ્મો પઢીને મુસલમાન થઈ જાવ તો બધું જ માફ ! તો એ અશક્ય છે.

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ

# شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

***(વિભાગ-૧૦)***

## કમાલાતે મુસ્તફા ﷺ
## (મુસ્તફા ﷺ ની વિશિષ્ટતાઓ)

આમાંથી નબી કરીમ ﷺ ની એક વિશિષ્ટતા અને પ્રતિષ્ઠા અને બુઝુર્ગી મેઅરાજનો બનાવ છે. જેની સૂરએ અસરા (બની ઈસરાઈલ) અને સૂરએ નજમમાં ચર્ચા છે અને આપના ફઝાઈલ (વિશિષ્ટતાઓ)માંથી એક આ કાર્ય પણ છે કે અલ્લાહ તઆલાએ આપને લોકોની ખરાબીઓથી રક્ષિત રાખ્યા હતા. જેમ કે આ કાર્યની જવાબદારી લેતાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺ ને ખુશખબરી આપી હતી :–

وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ **અર્થ** : અને અલ્લાહ લોકોથી તમારી દેખભાળ કરશે. *(સૂરએ માઈદા, આયત–૬૭)*

એના અનુસંધાનમાં આ આયતે કરીમા પણ છે :

اِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْ يُخْرِجُوْكَ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ وَاللّٰهُ خَيْرُ الْمَاكِرِيْنَ ۝

**અર્થ** : અને અય મહબૂબ ! યાદ કરો જ્યારે કાફિરો તમારી સાથે છળકપટ કરતા હતા કે તમને બંધ કરી દે અથવા શહીદ કરી દે યા કાઢી મૂકે અને તેઓ પોતાનું છળકપટ કરતા હતા અને અલ્લાહ પોતાની ગુપ્ત તદબીર કરતો હતો અને અલ્લાહની તદબીર સર્વોત્તમ છે. *(સૂરએ અન્ફાલ, આયત–૩૦)*

મહબૂબે પરવરદિગારની હિફાઝતના વિશે આ પણ બારી તઆલાનો ઈર્શાદ છે :–

اِلَّا تَنْصُرُوْهُ فَقَدْ نَصَرَهُ اللّٰهُ اِذْ اَخْرَجَهُ الَّذِيْنَ كَفَرُوْا ثَانِيَ اثْنَيْنِ اِذْ هُمَا فِي الْغَارِ اِذْ يَقُوْلُ لِصَاحِبِهٖ لَا تَحْزَنْ اِنَّ اللّٰهَ مَعَنَا ۚ فَاَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلَيْهِ وَاَيَّدَهٗ بِجُنُوْدٍ لَّمْ تَرَوْهَا وَجَعَلَ كَلِمَةَ الَّذِيْنَ كَفَرُوا السُّفْلٰى ۗ وَكَلِمَةُ اللّٰهِ هِيَ الْعُلْيَا ۗ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ۝

**અર્થ** : જો તમે મહબૂબ (પૈગંબર)ની મદદ નહીં કરો, તો બેશક ! અલ્લાહે તેમની મદદ કરી જ્યારે તે બંને ગુફામાં હતા. જ્યારે પોતાના મિત્રને કહેતા હતા, ચિંતા કરો નહીં, બેશક ! અલ્લાહ આપણી સાથે છે તો અલ્લાહે તેના પર પોતાનું સાંત્વન ઉતાર્યું અને એવા સૈન્યો વડે તેની મદદ કરી જે તમે જોયા નહીં અને કાફિરોની વાત નીચી કરી. અલ્લાહની જ બોલબાલા અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે. *(સૂરએ તૌબા, આયત–૪૦)*

અહીં એ બનાવની ચર્ચા કરી છે અને મક્કાના મુશ્રિકોની તે યાતનાઓને દૂર કરવાની ચર્ચા છે. જ્યારે તે પોતાના દારુલ નદવાના કાર્યક્રમના પ્રમાણે

અલ્લાહના મહબૂબના રિસાલતના મહેલનો ઘેરાવ કરી લે છે જેથી પોતાની નાપાક ફૂંકોથી હમેશાંના માટે મુસ્તફવી ચિરાગને બુઝાવી દે. જો કે જ્યારે તે જાને જાનાં મુબારક મકાનથી તશરીફ લઈ જાય છે અને જ્યારે "સૌર"નામની ગુફામાં આરામ ફર્માવે છે ત્યારે અલ્લાહના રક્ષણનું આ અક્કલને પરેશાનીમાં નાખનારું દશ્ય સામે આવે છે કે બંને અવસર પર દુશ્મન આપને જોવાથી લાચાર બની જાય છે. પછી આપ પર સંતોષ અને ચેન નાઝિલ કરવામાં આવ્યું. તેમજ સુરાકા બિન માલિકનો બનાવ જેની મુહદ્દિષો અને સીરતકારોએ ગારે ષૌર અને હિજરતના બનાવમાં ચર્ચા કરી છે. આ બધા બનાવો અલ્લાહના વાયદા પ્રમાણે રક્ષણના માટે ઉઘાડી સાબિતી આપતા અને ઈમાનવર્ધક બનાવો છે. મુસ્તફાની શ્રેષ્ઠતાઓ અને ખૂબીઓને મશ્હૂર કરતી અને આપના ઉચ્ચ રુત્બાની ચર્ચા કરવાવાળી આ સૂરત પણ છે :–

**અર્થ** : અય મહબૂબ ! إِنَّا أَعْطَيْنَاكَ الْكَوْثَرَ ۝ બેશક ! અમે તમને فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ۝ إِنَّ અસંખ્ય ખૂબીઓ આપી شَانِئَكَ هُوَ الْأَبْتَرُ ۝ તો તમે પોતાના રબ માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. બેશક ! જે તમારો દુશ્મન છે તે જ દરેક ભલાઈથી વંચિત છે. *(સૂરએ કૌષર)*

આ આયતોમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ ﷺ ને આગાહ કર્યા કે તેમને શું શું બક્ષિસ આપવામાં આવેલું છે. "કૌષર" જન્નતમાં એક નહેર છે. તેની તફસીરમાં બીજા કેટલાય કથનો છે. પોતાના ખાસ ઈનામોની ચર્ચા કર્યા પછી અલ્લાહ તઆલાએ મુસ્તફાના દુશ્મનોની અપ્રિય વાર્તાલાપનો જવાબ આપ્યો અને પોતાના હબીબને સાંત્વન આપતાં ફર્માવ્યું કે, મુસ્તફાના દુશ્મન અને રિસાલતના ગુસ્તાખ જ વંશ વિચ્છેદ પામેલ છે અને દરેક ભલાઈથી વંચિત છે. અલ્લાહ عزوجل એ મુસ્તફાની વિશેષતામાં આ પણ ઈર્શાદ ફર્માવ્યો છે :–

**અર્થ** : અને બેશક ! وَلَقَدْ آتَيْنَاكَ سَبْعًا مِّنَ અમે તમને સાત આયતો الْمَثَانِي وَالْقُرْآنَ الْعَظِيمَ આપી જે દોહરાવવામાં આવે છે અને શ્રેષ્ઠતાવાળું કુર્આન. *(સૂરએ હિજર, આયત–૮૭)*

કહેવામાં આવ્યું છે કે, "સબએ મષાની"થી કુર્આને કરીમની તે પ્રથમ સાત સૂરતો મુરાદ છે જેને તવાલે મુફસ્સલ કહેવામાં આવે છે. અને "અલ કુર્આનિલ્અઝીમ"થી ફાતિહા મુરાદ છે. બીજું કથન એ છે કે "સબએ મષાની"થી સૂરએ ફાતિહા અને કુર્આને અઝીમથી પૂરું કુર્આન મુરાદ છે. ત્રીજું કથન એ છે કે, તે આયતો જેમાં મનાઈ ફર્માવેલા આદેશો, ખુશખબરીઓ અને ભય અને દષ્ટાંત રૂપે પ્રખ્યાત હોય તેવી વાતો અને અલ્લાહના ઈનામોની ચર્ચા સામેલ છે તેને સબએ મષાની કહેવામાં આવી છે અને એ કે અમે આ મહાન કિતાબના દ્વારા તમને ઘણા બધા ઈલ્મો બક્ષિસ કરી દીધા છે.

કહેવામાં આવ્યું છે કે, સૂરએ ફાતિહાને આ કારણે સબએ મષાની કહેવામાં આવે છે કે તે વારંવાર દરેક રકાતમાં દોહરાવવામાં આવે છે. એ પણ કહેવામાં આવ્યું છે કે, તેને સબએ મષાની એટલા માટે કહેવામાં આવે છે કે, આ ફખ્રે દો આલમ ﷺ ના માટે ખાસ ફર્માવીને નાઝિલ કરવામાં આવી હતી, જ્યારે બીજા અંબિયાએ કિરામ તેનાથી વંચિત રહ્યા. કુર્આને કરીમને સબએ મષાની એ માટે કહેવામાં આવ્યું છે કે, તેમાં પાછળના અંબિયાના હાલાતને અવારનવાર દોહરાવવામાં આવ્યા છે. સબએ મષાનીના અર્થમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, અય હબીબ ! અમે તમને સાત બુઝુર્ગીઓથી સન્માનિત કર્યા છે જે આ મુજબ K[o/ s! f **હિદાયત** (૨) **નબુવ્વત** (૩) **રહમત** (૪) **શફાઅત** (૫) **વિલાયત** (૬) **તા'ઝીમ** (૭) **સકીનત** (ધૈર્ય).

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ટ્રેકટર તથા ખેતિનાં અન્ય સાધનો

એ જ બનાવોમાંથી ખેતિ કરવાનાં સાધનો છે જે હમણાં નવા શોધાયાં છે. અબી અમામા અન્સારીની હદીષમાં એના બારામાં ઈશારો છે. તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે :–

لاتقوم الساعة حتیٰ ترجعوا حرثین

"કયામત કાયમ થશે નહીં જ્યાં સુધી કે તમે ફરી ખેડૂત બની જાવ." *(તિબ્રાની, કબીર)*

તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કથન "તમે લોકો ફરી ખેડૂત બની જાવ"નો મતલબ એ છે કે તમારામાં એ લોકોની અધિક્તા થઈ જશે જેઓ ખેતીમાં વ્યસ્ત થઈ જશે. અને એને રોજીનું સાધન અને વેપારનો ઝરીયો બતાવશે, નહીં તો આમ તો ખેતિ પહેલા દિવસથી મૌજૂદ છે. હકીકતમાં અહીં ખેતિના સાધનો એટલે ટ્રેકટર વગેરેની તરફ નિર્દેશ છે કે જેના થકી આ વિશાળ તથા ફેલાયેલી જમીનમાં ખેતિ કરવું સરળ બની ગયું છે કે પહેલાં માણસ જાનવરો વડે જમીનના દસમા ભાગ કે તેનાય અડધા ભાગમાં ખેતિ કરવા માટે લાચાર હતો, પરંતુ જ્યારે આ ટ્રેકટર વગેરે શોધાયાં તો એ કામ સરળ થઈ ગયું, તો લોકો ખેતિ તરફ આકર્ષાવા લાગ્યા કેમ કે એમાં તે અઢળક નફો થાય છે જે બીજા વેપારમાં નથી થતો. એટલે સુધી કે ઘણા લોકોએ પોતાની મિલ્કતોને છોડીને અને પોતાના વેપારોને ત્યજીને ખેતિ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ભલે ભાડે લઈને પણ. આ રીતે લોકો ખેડૂત બની ગયા, અલ્લાહ બેહતર જાણનાર છે અને તેની અતાથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم.

## કેમેરો અને ફોટોગ્રાફી

એનામાંથી જ તે તસ્વીરનાં સાધનો છે જેના સબબે દુનિયામાં ફોટા આમ થઈ ગયા. અને જેના થકી મસ્જિદો ખાસ કરીને હરમૈન શરીફૈનની તસ્વીરો ઉતારવામાં આવી જેમ કે સૌનો અનુભવ છે કે ઘણાય ઘરો તથા મકાનોમાં આ તસ્વીરો મૌજૂદ છે એના પ્રતિ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશારો ફર્માવ્યો છે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં હુઝૈફા ઈબ્ને અલીમાનથી રિવાયત કરી કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "કિયામતની નજદીકની બોત્તેર નિશાનીઓ છે." ત્યારબાદ પૂરી હદીષ વર્ણન થઈ છે અને એમાં આ પ્રમાણે છે :–

وحليت المصاحف وصورت المساجد وطولت المنائر

**તર્જુમો** : "કુર્આને કરીમને સજાવવામાં આવશે, મસ્જિદોની તસ્વીરો (ફોટાઓ) બનાવવામાં આવશે અને ઊંચા મીનારા બનાવવામાં આવશે." *(હિલ્યા)* (કેમેરાની શોધ ફ્રાન્સના હેન્સ સેન્ટરે, ઈ.સ. ૧૮૨૬ માં કરી)

કેમેરા વગેરેની શોધ પછી જ મસ્જિદોની

તસ્વીરો બનાવવામાં આવી. આ હદીષમાં એ ચીજની ખબર છે કે એ કેમેરા વડે મસ્જિદોના ફોટા લેવામાં આવશે અને પછી લોકો એ ફોટાઓને ઘરો અને દુકાનોમાં લટકાવશે. તમે જુઓ છો કે ઘણા મકાનો અને દુકાનો વગેરેમાં મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બયતુલ મુકદસ વગેરેની તસ્વીરો લટકેલી છે અને એ તસ્વીરોમાં ઘણા ઊંચા ઊંચા મીનારાઓ છે જેમ કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું.

## મસ્જિદોને તોડીને સડકોને વિસ્તારવી

એનામાંથી જ એ છે કે શહેરોમાં સડકોની મરમ્મત તથા પહોળાઈ વધારવામાં આવશે અને તે માર્ગો જે મકાન તથા મસ્જિદો આડે આવશે તેને તોડી પાડવામાં આવશે. ક્યારેક તો મસ્જિદને બદલે બીજી જગાએ મસ્જિદ બાંધી આપવામાં આવશે અને ક્યારેક નહીં, બલ્કે લોકો તેનાથી તદ્દન બેપરવા થઈ જશે. આવા બનાવો આ પહેલાં ન હતા બલ્કે આ જમાનામાં ઉદ્‌ભવ પામ્યા, કે જે કિયામતની નિશાનીઓમાંથી છે.

તિબ્રાનીએ કબીરમાં ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

ولاتقوم الساعة حتیٰ یکون السلام علیٰ معرفة وحتیٰ تتخذ المساجد طرقا فلا یسجد لِلّٰہ فیھا۔

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે સલામ કેવળ ઓળખીતા પારખીતા સુધી રહી જશે, મસ્જિદોને રસ્તા બનાવી લેવામાં આવશે, એમાં અલ્લાહને માટે સજદો કરવામાં નહીં આવે." *(તિબ્રાની કબીર)*

એ જ પ્રકારની એક અન્ય હદીષ જે આગળ આવી રહી છે જે અનસ ઈબ્ને માલિકથી રિવાયત પામેલી છે.

તો હવે મસ્જિદોને રસ્તો બનાવી લેવામાં આવી છે અને કોઈ તેમાં અલ્લાહને માટે સજદો નથી કરતું એટલા માટે કે હવે તે મસ્જિદો નથી રહી બલ્કે ત્યાં સડકો તથા રોડ બની ગયા છે.

## દૂરબીન

એનામાંથી જ દૂરબીન છે (ડેન્માર્કના મેનેઝ લેપ્રશેએ ઈ.સ. ૧૬૦૮ માં શોધ કરી) કે જેના થકી બારીક ચાંદને જોઈ શકાય છે, ઝીણા ઝીણા તારાઓને જોઈ શકાય છે એટલા માટે એ એવાં યંત્રો છે જે દૂરને નજીક કરી દે છે અને નાનાને મોટું કરી દે છે. ચાંદ આંખોથી દેખાય તે પહેલાં જ દૂરબીન થકી જોઈ લેવામાં આવે છે. તિબ્રાનીએ અવસતમાં, દારકુતનીએ ઈફરાદમાં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنھما થી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

من اقتراب الساعة ان یریٰ الھالال قَبَلًا فیقال للیلتین،، وان تتخذ المساجد طرقا، وان یظھر موت الفجاۃ۔

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે પ્રથમ રાતનો ચાંદ સાફ સાફ જોવામા આવશે, તો કહેવામાં આવશે કે આ બે રાતોનો છે અને મસ્જિદોને રસ્તો બનાવી લેવામાં આવશે અને મૌત અચાનક આવવા લાગશે (એટલે હાર્ટ ફેઈલ). *(તિબ્રાનીએ અવસત)*

હુઝૂર ﷺ નું કથન :–

قبلا بفتح القاف والباء એનો અર્થ એ છે કે ચાંદ પૂરો તુલૂઅ થતાં પહેલાં જ તેના મોટા ભાગના હિસ્સાને જોઈ લેવામાં આવશે જેવું કે ઈબ્ને અષીરે નિહાયામાં વર્ણન કર્યું અને કુર્તબીએ તઝકેરામાં હિરવીથી નકલ કર્યું. ત્યાં એ કૌલ અધિક છે જેની સ્પષ્ટતા આગામી હદીષમાં થાય છે.

من اشراط الساعة انتفاخ الاھلة ویقال رأیت قبلا و قبلا، بفتح القاف وکسرھا ای معانیة۔

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે ચાંદ ફૂલી જશે અને કહેવામાં આવશે કે મેં સાફ સાફ જોયો છે ફતહ કાફ અને કસ્ર કાફ બંનેની જેમ જોવો." *(તિબ્રાની અવસત)*

ચાંદના ફૂલી જવાના બારામાં જે હદીષથી દલીલ કરવામાં આવી એ બે રીતે રિવાયત પામેલી છે : એક અબૂ હુરૈરહ્થી અને એક ઈબ્ને મસ્ઊદથી. (رضی اللہ عنہما)

અબૂ હુરૈરહ્ની હદીષને તિબ્રાનીએ સગીરમાં રિવાયત કરી અને તેના શબ્દો આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

من اقترب الساعة انتفاخ الاهلة وان يرىٰ الهلال للیلة فیقال هو ابن لیلتین

"કિયામતની નિશાનીઓમાંથી ચાંદનું ફૂલી જવું છે એ રીતે કે એક રાતના ચાંદને જોવામાં આવશે તો કહેવામાં આવશે કે આ તો બે રાતોનો છે." *(તિબ્રાની સગીર)*

ઈબ્ને મસ્ઊદની હદીષ જેને તિબ્રાનીએ કબીરમાં વર્ણન કરી, તેના શબ્દો આ પ્રમાણે છે :– من اقترب الساعة انتفاخ الاهلة "કિયામતની નિશાનીથી ચાંદનું ફૂલી જવું છે."

દૂરબીનના બારામાં આ હદીષ સ્પષ્ટ છે કેમ કે ચાંદના ફૂલી જવાનો મતલબ એ નથી કે તે ખરેખર ફૂલી જશે બલ્કે એનો અર્થ એ છે કે જે વખતે ચાંદ નાનો હશે તો મોટો જોવા મળશે અને તે પ્રથમ દિવસ જ હોય છે જ્યારે કે ચાંદ સૂરજથી જુદા થયા બાદ જાહેર થાય છે કે તે દિવસે તે આંખોથી તો નાનો જ દેખાય છે પણ દૂરબીનથી મોટો જોવામાં આવે છે જાણો કે તે ફૂલેલો છે. એટલે સુધી કે જે લોકો મોટી મોટી દૂરબીનો વડે ચાંદ જોવા માટે નિયુક્ત હોય છે તેઓ કહે છે કે ચાંદ બે રાતોનો છે જો કે તે એક જ રાતનો હોય છે. એ પણ યાદ રાખશો કે હદીષમાં આ વધારો અમુક રાવીઓની પોતાની સમજના પ્રમાણે છે એટલા માટે કોઈપણ એના બારામાં સહમત નથી. હા ! શબ્દો બસ એ જ શબ્દો છે من اقترب الساعة انتفاخ الاهلة જેમ કે બીજી હદીષમાં પણ છે.

**ખુલાસો** : "ઈન્તેફાખુલ અહિલ્લહ્"ની હદીષથી જે અર્થ અમે વર્ણવ્યો છે તે એ સંજોગોમાં છે જ્યારે કે એને નુકતાવાળી ખે (ખા)થી પઢવામાં આવે. પરંતુ જે રિવાયતમાં "ઈન્તજુલ અહિલ્લહ્" જીમ સાથે આવ્યું છે. (ઈબ્ને મસ્ઊદની હદીષમાં એ જ સહીહ છે, તદ્ ઉપરાંત અન્ય હદીષોમાં પણ એ પ્રમાણે આવ્યું છે) તે હદીષ પણ વર્તમાનકાળના બનાવોમાંથી એક છે અને અર્થમાં ફાયદો આપે છે અને તે એ કે ચાંદની ખબર રેડીયો, ટેલીફોન અને ટેલીગ્રાફ થકી દૂર દૂર સુધી પહોંચી જશે. એટલા માટે કે લુગત (શબ્દકોશ)માં "ઈન્તેફાજ"નો એ જ અર્થ છે. એ તેમના કૌલ "ઈન્તફજ તિલ અર્નબુ"થી બન્યો છે. એ ત્યારે કહેવામાં આવે છે જ્યારે સસલુ પોતાના ઠેકાણેથી નીકળીને ઝડપથી દોડવા લાગે છે. "ઈન્તફજત" શબ્દ બે અર્થો માટે એક સાથે દલીલ પૂરી પાડે છે. લિસાન (અરબી ડિક્ષનરી)માં છે, "નફજલ અર્નબુ" એ ત્યારે કહેવામાં આવે છે જ્યાર સસલુ ઉઠીને ઉભુ થાય અને દોડવામાં ઝડપ કરે. "ઈન્ફજ હસ્સાઈદુ" એ ત્યારે બોલવામાં આવે જ્યારે કે શિકારી સસલાને તેના શરણસ્થાનેથી નીકળવા માટે મજબૂર કરી દે. અને "હદીષે કીલા"માં છે કે "ઈન્તફજત મિન્હુલ્ અર્નબુ" સસલુ એનાથી દોડી નીકળ્યું. ઈબ્ને અષીરે નિહાયહ્માં એવું જ વર્ણન કર્યુ છે. ઈશરાને સાઅતની હદીષમાં "ઈન્તેફાજુલ અહિલ્લહ્" જીમ સાથે વર્ણન કરવામાં આવેલ છે. "ઈન્તફજલ્ અર્દુ જમ્બલ બઈર"થી એ ત્યારે કહેવામાં આવે છે જ્યારે ઊંટના પડખાં પેદાઈશના હિસાબે મોટાં જાડાં થઈ જાય. એ સર્વ વર્ણન તેમની સમજના પ્રમાણે છે.

પરંતુ પ્રસંગ એથી વિરૂધ્ધ દલીલ પૂરી પાડી

રહ્યો છે, કેમ કે હદીષ કિયામતની નિશાનીઓ અને કિયામતની નિકટતાના બારામાં છે, અને તે સમય તે આ જ આપણો સમય છે. જેથી હદીષના બારામાં તે લોકો કરતાં આપણે વધારે જાણીએ છીએ કેમ કે આપણે આબેહુબ રીતે એ ચીજનો અનુભવ કરી રહ્યા છીએ જેની નબી અકરમ صلی اللہ علیہ وسلم એ ખબર આપી. જેથી "ઈન્તેફાજુલ અહિલ્લહ્"નો અર્થ છે પોતાની જગાએથી ફેલાઈ જવું. અને એ ખબરનું પોતાના ઠેકાણેથી આગળ વધીને ઝડપભેર તે દૂર દૂરના વિસ્તારોમાં પહોંચી જવું કે જ્યાં ચાંદ જોવામાં નથી આવ્યો. દા.ત. જો ક્યાંક દૂરબીન વડે ચાંદ જોવામાં આવે પછી તેની ખબર રેડીયો પરથી પ્રસારિત કરવામાં આવે તો એ તે જ ઘડીએ દુનિયાના ખૂણે ખૂણે પહોંચી જશે. એ જ પ્રમાણે "ઈન્તેફાજુલ અહિલ્લહ્"નો અર્થ ખાત્રીપૂર્વક નિશ્ચિત થઈ ગયો જેમ કે "ઈન્તેફાજુલ અર્નબ" જ્યારે કે સસલાને તેના સ્થાનેથી ભડકાવીને ઉઠાડવામાં આવે અને તે ખૂબ તીવ્ર ગતિથી દોડી જાય.

હવે આ હદીષ બે વાતો માટે દલીલ પૂરી પાડે છે એક ચાંદના દેખાવા બાબતે વિવિધ પ્રકારની દૂરબીનોનું પામવું, બીજું એ યંત્રોનું પામવું જેના થકી ચંદ્ર દેખાયાની ખબર દૂર દૂર સુધી પહોંચી જાય દા.ત. ટેલીફોન, રેડીયો, ટેલીગ્રાફ.

# ફતવા વિભાગ

**સવાલ :** જે બિચારી ઔરતોને એનો ઈલ્મ ન હોય કે તેમણે કેવળ **સોના** તથા **ચાંદી** સિવાય બીજી ધાતુઓનાં ઘરેણાં પહેરવાં મના છે. તે તેણીઓ અજ્ઞાનતામાં એવાં ઘરેણા પહેરે તો શું તેણીઓ ગુનેહગાર થશે ? બયનૂ તુજરૂ. [**પ્રશ્નકર્તા :** સુગરા બશીર કાદરી, મુકુંદ નગર, મહારાષ્ટ્ર]

**જવાબ :** શરીઅતે પાકમાં જહાલત (અજ્ઞાનતા)નું બહાનું ચાલતુ નથી. હદીષ શરીફમાં છે : **તલબુલ્ ઈલ્મિ ફરીદતુન્ અલા કુલ્લિ મુસ્લિમ.** અને એક રિવાયતમાં "મુસ્લિમહ્"નો શબ્દ પણ આવ્યો છે. એટલે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, **"ઈલ્મ હાંસલ કરવો દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રી પર ફર્ઝ છે."** *(સુનને ઈબ્ને માજહ, પેજ-૨૦)*

આ હદીષ શરીફ હેઠળ અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "અહીં ઈલ્મથી મુરાદ જરૂરત મુજબના શરીઅતના મસાઈલ છે. નમાઝના જરૂરી મસાઈલ શીખવા **દરેક મુસલમાન પર** ફર્ઝ છે, હૈઝ તથા નિફાસના જરૂરી મસાઈલ **દરેક સ્ત્રી માટે**, વેપારના મસાઈલ દરેક વેપારી માટે, હજજના મસાઈલ હજ્જમાં જનાર પર **ફર્ઝે અયન** છે." *(મિર્અતુલ મનાજીહ, ભાગ-૧, પેજ-૨૦૨)*

જેથી દરેક વ્યક્તિ માટે એટલો ઈલ્મ જરૂરી છે કે કમસે કમ જીવનની જરૂરિયાતોમાં સામે આવનાર દરેક ચીજના બારામાં એ એટલું જાણી શકે કે શું હલાલ છે અને શું હરામ. એટલા માટે ન જાણવું મજબૂરી નથી. સોનુ, ચાંદીના સિવાય અન્ય ધાતુઓનાં ઘરેણા પહેરીને જે નમાઝો પઢવામાં આવી છે સૌ મકરૂહે તહરીમી, દોહરાવવી વાજિબ થઈ. તે સૌને (સોના ચાંદી વિનાનાં ઘરેણા હટાવીને) પઢવી વાજિબ છે.

દુર્રે મુખ્તાર બાબુસ્સિફતુસ્સલાતમાં છે :-

کل صلاۃ أدیت مع کراھۃ التحریم تجب اعادتھا۔

*-(ભાગ-૧, પેજ-૪૫૭)*

**જેથી સોના, ચાંદી સિવાયની અન્ય ધાતુઓનાં ઘરેણા ઉપયોગ કરનારી સ્ત્રીઓ જરૂર ગુનેહગાર છે.** તેણીઓ તૌબા તથા ઈસ્તિગફાર કરે અને ભાવિમાં આ પ્રકારનાં ઘરેણા પહેરવાથી પરહેઝ કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર : મુહમ્મદ નિયાઝ બરકાતી મિસ્બાહી*** (દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી) *-(કન્ઝુલ ઈમાન-દિલ્હી ફેબ્રુઆરી-૦૪)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ગીબતનો ઈલાજ

ગીબત દિલની બીમારીઓમાંથી એક ખતરનાક બીમારી છે. જેનો ઈલાજ કરવો ફર્ઝ છે. ગીબતની આદત ધરાવતા માણસે કોઈની ગીબતને પોતાના પર પારખી જોવી જોઈએ. જો તે જ બુરાઈ તેને પોતાનામાં દેખાય તો વિચારે કે આ જ રીતે બીજો પણ માઝૂર અને મજબૂર હશે જેમ કે તે પોતે છે. અને જો તેને પોતાની જાતમાં એબ ન મળે તો પછી એ સમજે કે પોતાના ઐબથી બેખબર થઈ જવું એ જાતે જ એક મોટો એબ છે બલ્કે બધા જ ઐબોથી વધીને છે. અને જો સાચે જ તમારામાં ઐબ ન હોઈ તો પછી માત્ર બીજાની ગીબત કરી પોતાને ઐબદાર બનાવવાની શું જરૂર છે ?! તમારે તો અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ કે તેણે ઐબોથી દૂર રાખ્યા અને બીજામાં જો ઐબ છે તો પણ વિચારે કે માણસ બુરાઈઓનું પુતળુ છે. આપણે શરઈ હદોની પાબંદી સારી રીતે નથી કરી શક્તા ભલે સગીરા ગુનાહો કર્યા હોઈ તો બીજાના ઐબોને જાહેર કરી લોકો સામે બયાન કરવા કેટલું બુરું કહેવાય ! અલ્લાહની પનાહ ! જો આજ ગુનાહના કારણે જહન્નમમાં ધકેલી દેવામાં આવશે તો શું થશે ?!

કીમીયાએ સઆદતમાં ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ગીબતના આઠ (૮) કારણોનું વર્ણન કર્યું છે જેના પર ધ્યાન આપવું જોઈએ કે લોકો ગીબત શા માટે કરે છે જેથી અસલ બીમારીને જડથી કાઢી નાખવામાં આવે.

**પહેલું** કારણ તો એ છે કે બની શકે છે કે કોઈ પર ગુસ્સો આવી જાય અને તેની ગીબત શરૂ કરી દીધી તો એ ભૂલવું ન જોઈએ કે શું માત્ર ગુસ્સાના કારણે પોતાને દોઝખમાં ઝોંકી દેવો જરૂરી છે ?! બીજાને ભલે કોઈ નુકસાન થાય કે ન થાય પણ ગીબત કરી પોતાનું આમાલનામું સિયાહ થઈ ગયું ! વળી પોતાની નેકીઓ પણ તેને આપી દીધી. કાશ ! ગુસ્સાના સમયે માફીનો સહારો લીધો હોત તો ગીબતથી પણ બચી જાત અને આ ફઝીલત પણ મળત કે **જે કોઈ ગુસ્સાની હાલતમાં માફ કરશે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને ફર્માવશે કે જન્નતની હૂરોમાંથી તને પસંદ હોઈ તે લઈ લે.**

**બીજું** કારણ એ છે કે ગીબતના સહારે કોઈ માણસની હિમાયત અને ટેકેદારી કરવી હોય. એનો ઈલાજ એ છે કે આ હકીકતથી આગાહ રહેવું જોઈએ કે બીજાની રઝા અને ખુશી માટે અલ્લાહની નારાઝગી વહોરી લેવી કેટલી મોટી અભણતા તથા બેવકૂફી છે ! ટૂંકમાં એ કે જે વાતમાં અલ્લાહની રઝા હોય તેના માટે લોકોનો વિરોધ તથા ક્રોધનો પણ સામનો કરવો પડે તો પરવાહ ન કરવી જોઈએ.

**ત્રીજું** કારણ એ કે કોઈ માણસ પોતાની પ્રશંસા કરવા ઈચ્છે છે, સામાન્ય વાત છે કે પ્રશંસા માટે તેનું કોઈ મોટું કારનામુ અથવા પરહેઝગારી જરૂરી છે પણ પોતાનો સિક્કો જમાવવા કોઈપણ વસ્તુ ન મળતાં તે બીજાના ઐબો ગણવા બેસી જાય છે જેથી તેની અઝમત લોકોના દિલોમાં બેસી જાય. દા.ત.

આમ કહે કે ફલાણો માણસ કાંઈ નથી જાણતો ! (મતલબ હું વધુ જાણું છું) તો આવા માણસે વિચારવું જોઈએ કે બુદ્ધિશાળી તો આવી વાત માનશે નહીં અને લોકો તેને જ અભણ અને જાહિલ સમજશે. અને જો કોઈ કમઅક્કલ અને અભણ તેનો ચાહક બની પણ જાય તો તેણે વિચારવું જોઈએ કે પોતાને અલ્લાહની બારગાહમાં ગુનેહગાર બનાવી કોઈ બેવકૂફને પોતાનો અકીદતમંદ બનાવી લીધો તો પણ તેનો શું ફાયદો ?!

**ચોથુ** કારણ રશ્ક અને હસદ હોઈ શકે છે. એટલે કે કોઈની પાસે ઈલ્મની સાથે સાથે માલ અને દૌલત પણ છે અને લોકો તેના પ્રત્યે ઘણો જ સારો વિચાર ધરાવે છે અને હસદ કરનારને આ જરા પણ નથી ગમતું અને તેની ખામીઓ અને ઐબો ઢુંઢવા લાગે જેથી તેની સાથે ટકરાવ કરી ઝઘડો કરી શકે. જ્યારે કે હકીકતમાં આ પોતાની સાથે જ ઝઘડો છે કે દુનિયા તથા આખેરતમાં હસદ તથા ગીબતના અઝાબની તૈયારી કરી રહ્યો છે.

**પાંચમું** કારણ કોઈનો ઠઠ્ઠા કરી તેને અપમાનિત કરવાની કોશિશ કરવી. પણ જે માણસ બીજાની મશ્કરી કરી તેને અપમાનિત કરવાની કોશિશ તો કરી રહ્યો છે પણ તે એ વાત ભૂલી જાય છે કે તેના આ કૃત્યથી બીજો માણસ ભલે અપમાનિત થાય કે ન થાય પણ તે પોતે અલ્લાહની બારગાહમાં રુસ્વા થઈ રહ્યો છે કે જ્યારે કયામતના દિવસે તે માણસ પોતાના ગુનાહોનો બોજ ઠઠ્ઠા ઉડાવનાર પર મૂકી આપશે અને તેને ગધેડાની જેમ દોઝખ તરફ હાંકી લઈ જશે તે સમયે તેના અપમાન અને રુસ્વાઈ પર લોકો કેવાં હસશે ?! તે સમયે તેને બીજાના ઠઠ્ઠા ઉડાવવાનો સાચો અર્થ ખબર પડશે.

**છઠ્ઠું** કારણ એ કે દા.ત. કોઈ માણસના ગુનાહો પર સખત ગુસ્સો આવી જાય અથવા તે માણસના ગુનાહ કરવા પર આશ્ચર્ય થાય અને આ જ ક્રોધ કે આશ્ચર્યના કારણે તે માણસનું નામ લઈને પોકારવા લાગે કે જુઓ ફલાણા માણસે કેવો ગુનોહ કર્યો છે ! જેના કારણે બેખબરને પણ તેના વિશે જાણ થઈ જાય. જ્યારે કે આમ કરવાથી ગુનાહોથી નફરતનો સવાબ નહીં મળે જેથી આવા સમયે નામ લેવાના બદલે માત્ર તાજ્જુબ તથા નફરત જાહેર કરવું પૂરતું છે.

**સાતમું** કારણ એ પણ થઈ શકે છે કે કોઈ માણસે ગુનોહ કર્યો અને આ સાંભળનાર માટે ખૂબ જ અફસોસનું કારણ બન્યું. જેમ કે દીનદારોની આદત હોય છે અને કોઈના ગુનાહ કરવાથી તેઓને દિલી દુઃખ પણ થાય છે પણ હમદર્દી જાહેર કરતાં તે (દીનદાર માણસ) તેનું (ગુનાહ કરનારનું) નામ પણ લેતો રહે છે, અને ગફલતના કારણે ભૂલી જાય છે કે આ રીતે નામ લેવું ગીબત છે અને શૈતાને હસદના કારણે આ નામ તેના મુખે ચઢાવ્યું છે. કારણ કે જ્યારે શૈતાને જોયું કે આ હમદર્દીને બદલે તેને સવાબ મળશે તો કેમ ન એને ગીબતમાં સાંકળી લેવામાં આવે જેથી તેને સવાબ ન મળે.

**આઠમું** કારણ એ પણ બની શકે છે કે કોઈ કોઈને બદ્દિયાનતીના આરોપમાં પકડી લઈએ અને તે પોતાના છૂટકારા માટે બીજા પર આરોપ લગાડવા લાગે. તેને જે સજા થશે તે તો થશે જ પણ તેણે બીજા પર આરોપ ન લગાડવો જોઈએ અને એવા વિચારો પણ ન કરવા જોઈએ કે માત્ર હું જ આવાં કામો કરું છું ? ફલાણો પણ આવાં કામો કરે છે ! તો આ સ્પષ્ટ બેવકૂફી ગણાશે. કારણ કે બીજાને જોઈ ગુનાહોમાં લાગી જવું પછી આ પ્રકારના વિચારો કરવા બેકાર છે. ટૂંકમાં એ કે ગુનાહોની તરફદારી કરવી બેવકૂફી છે પછી તેમાં હીલા બહાનાં કરવાં પણ ખોટું છે. એક તો ખોટું કામ કર્યું બીજી આ રીતે ગીબત કરી, માટે આવી વાતોથી

પણ બચવું જોઈએ.

### ★ બદન (શરીર)ની ગીબત ★

એ રીતે કહેવામાં આવે કે આ કેટલો લાંબો છે, કાળા ધુમાડાની જેમ છે, બીલાડી જેમ આંખોવાળો છે, હાથીની આંખોવાળો છે. એ જ રીતે એક આંખવાળા માણસને તેની પીઠ પાછળ કાણો કહેવું વગેરે બધી શરીરની ગીબત છે.

### ★ અખ્લાક (સંસ્કાર)ની ગીબત ★

દા.ત. આ રીતે કહે કે બુરી આદતવાળો છે, ઘમંડી છે, બકવાસ કરનાર છે, બુઝદિલ અને નકામો છે વગેરે.

### ★ કૃત્યની ગીબત ★

બેનમાઝી છે, રુકૂઅ, સજદા પણ બરાબર નથી, કુર્આન પણ નથી પઢી શક્તો, મેલાં કપડાવાળો છે, દેખાડવા માટે બધાં કામો કરે છે વગેરે.

### ★ પહેરવેશની ગીબત ★

ફકીરો જેમ ખુલ્લા ચોલા રાખે છે, ખૂબ જ ભડકીલાં કપડાં પહેરે છે વગેરે, મતલબ કે સાંભળનારને જે પણ વાત બુરી લાગે તે વાતને તેની પીઠ પાછળ કહેવી ગીબત છે. એકવાર હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہ હુઝૂર સાથે ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા, તેમાંથી એક જણે ફર્માવ્યું કે ફલાણો માણસ ખૂબ જ સૂએ છે. ત્યાર પછી તેમણે જમવા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી શાક માંગ્યું તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે શાક તો તમે ખાઈ ચૂક્યા છો ! તેમણે આશ્ચર્યમાં પૂછયું કે, સરકાર ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમને તો ખબર જ નથી ! તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારામાંથી એક જણે ગીબત કરી અને બીજાએ સાંભળી.

## ગીબતથી બચવાનો અજોડ નુસ્ખો

સૈયેદના શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "જઝબુલ કુલૂબ"માં નકલ ફર્માવે છે કે તાજદારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માને આલીશાન છે, જ્યારે કોઈ મજલિસમાં બેસો અને **"બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિન"** કહો તો અલ્લાહ તઆલા તમારા પર એક ફરિશ્તો લગાડી આપશે જે તમને ગીબતથી દૂર રાખશે. અને જ્યારે મજલિસથી ઉઠો તો પણ આ જ પ્રમાણે પઢો તો તે લોકોને તમારી ગીબત તથા બુરાઈથી દૂર રાખશે.

## ગીબત ક્યા લોકો માટે જાઈઝ છે ?!

- મઝલૂમનું હાકેમ સમક્ષ જાલિમના સખત ઐબો બયાન કરવા જેથી તેને ઈન્સાફ મળી શકે.
- મુફતી સામે ફત્વો લેવા માટે કોઈના ઐબો બયાન કરવા.
- મુસલમાનોને દગા ફસાદથી બચાવવા કોઈના ઐબ બયાન કરવા.
- જે માણસ જાહેર ફિસ્કો ફુઝૂર અને વિવિધ ગુનાહોમાં સપડાયેલ હોય દા.ત. ચોર, ડાકૂ, ખયાનત કરનાર, વ્યભિચારી આવા લોકોના ઐબો લોકો સમક્ષ બયાન કરવા જેથી તેમના ધોકાથી લોકો બચી શકે.
- કોઈ માણસની ઓળખ માટે તેના કુખ્યાત ઐબને તેના નામ સાથે બયાન કરવા.
- કોઈ માણસને બુરાઈથી વંચિત રાખવા પ્રભાવશાળી હસ્તી સામે તેના ઐબો અને બુરાઈઓ બયાન કરવી જેથી તેના રુઆબ અને પ્રભાવના કારણે તે માણસને રોકી શકાય.

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

## અકીદાઓનું બયાન

### અલ્લાહ તઆલાની જાત અને સિફાત (ખૂબીઓ)ના અકીદા

**અકીદો** : અલ્લાહ એક છે. પાક (પવિત્ર) છે. બે મિસાલ (અજોડ) અને બે ઐબ છે. અર્થાત એના જેવો કોઈ નથી અને ખામી વિનાનો છે. દરેક પ્રકારની ખૂબીઓ અને કમાલોથી સંપૂર્ણ છે. કોઈ પણ બાબતમાં કોઈ પણ એનો ભાગીદાર (શરીક) નથી. ન એના જેવો કોઈ છે કે ન તો એની બરાબરમાં કોઈ છે કે ન તો એનાથી વધીને કોઈ છે.

એ પોતે એની તમામ ખૂબીઓ અને ગુણો સહિત હમેશાંથી છે, અને હમેશાં રહેશે. હમેશગી એની જ જાત અને સિફાત (ગુણો)ને માટે છે. એના સિવાય જે કંઈ પણ છે તે પહેલાં ન હતું પરંતુ જ્યારે એણે પેદા કર્યું તો થયું. તે પોતે પોતાની જાતે જ છે. એને કોઈએ પેદા કર્યો નથી. એ કોઈનો પિતા કે પુત્ર નથી. એની કોઈ પત્ની કે સગાં સંબંધી પણ નથી. એ સૌથી બેપરવા છે. એ કોઈ પણ બાબતમાં કોઈનો મોહતાજ નથી. રોજી આપવી, મારવું, જીવાડવું એના જ તાબામાં છે. એ સૌનો માલિક છે, જે ચાહે તે કરે. એના હુકમની વિરૂધ્ધ કોઈ જરા પણ કાંઈ બોલી શક્તું નથી. એની મરજી વિના એક પાંદડું પણ હાલી શક્તું નથી. એ દરેક છુપી, જાહેર, થનાર ન થનાર દરેક બાબતને જાણે છે. કોઈ ચીજ એના ઈલ્મ કે જાણની બહાર નથી. દુનિયા અને આખેરતની દરેક ચીજ એણે જ પેદા કરી છે.

બધા એના જ બંદા છે. એ પોતાના બંદાઓ ઉપર માતા પિતાથી પણ વધુ દયાળુ છે. કૃપાળુ, પાપો ક્ષમા કરનાર, તૌબા કબૂલ કરનાર છે. એની પકડ ઘણી જ સખ્ત છે. જેનાથી એની મરજી વિરૂદ્ધ એટલે કે એ ન છોડવા ચાહે તો કોઈ છૂટી શક્તું નથી. આબરૂ આપવી કે આબરૂ છીનવી લેવી એના જ કબ્જા હેઠળ છે. જેને ચાહે આબરૂદાર બનાવે અને જેને ચાહે તેને બેઆબરૂ કરી દે. માલ અને દૌલત એના જ કબ્જા હેઠળ છે. જેને ઈચ્છે તેને માલદાર (તવંગર) કરે અને જેને ઈચ્છે ફકીર (ગરીબ) કરે. હિદાયત અને ગુમરાહી એના તરફથી છે. જેને ચાહે તેને ઈમાનની દૌલતથી માલામાલ કરે અને જેને ચાહે તેને કુફ્રમાં રાખે. એ જે કંઈ કરે છે તે એની હિકમત અને રહસ્ય છે, ઈન્સાફ (ન્યાય) છે. મુસલમાનોને જન્નત આપશે, અને કાફિરોને જહન્નમમાં સખ્ત અઝાબ (શિક્ષા) કરશે. એનાં દરેક કાર્યમાં હિકમત (રહસ્ય) હોય છે. એ રહસ્ય (ભેદ) બંદાની સમજમાં આવે કે ન આવે. એની નેઅમતો એનાં એહસાનો અગણિત છે. તે જ એના લાયક છે કે એની ઈબાદત બંદગી (પૂજા) કરવામાં આવે એના સિવાય કોઈ ઈબાદત (બંદગી) કે પૂજાને લાયક નથી.

**અકીદો** : અલ્લાહ તઆલા શરીર અને શારીરિક આકૃતિથી પવિત્ર છે. એટલે કે એ પોતે ન શરીર કે બોડી ધરાવે છે અને ન તો એવી બાબતો એને છે કે જે શરીર (બોડી)થી સંબંધ ધરાવે છે બલ્કે એના માટે એ અશક્ય છે. જેથી એ સમય, જગા,

મકાન, દિશા, શક્કલ, સૂરત, વજન (માપ) વધારે–ઓછું, સમાઈ જવું, ભેગું મળી જવું, ઉત્પન્ન થવું, જવું–આવવું, ફેરફાર થવું વગેરે તમામ એવી બાબતો કે જે શરીર કે બોડી સાથે સંબંધ ધરાવે છે તેનાથી પવિત્ર છે. કુર્આન શરીફમાં જે એવા શબ્દો આવેલા છે દા.ત. વજહહુ, રિજલ, દિહક વગેરે જેનો જાહેરી અર્થ શરીર સાથે સંબંધ બતાવે છે એનો જાહેરી અર્થ લેવો ગુમરાહી અને બદ્મઝહબી છે. બલ્કે એવા શબ્દોના અર્થોમાં તાવીલ કરવામાં આવે છે, કેમ કે એનો જાહેરી અર્થ ખરેખર મતલબ નથી કારણ કે એવી બાબતો એના માટે અશક્ય છે. દા.ત. **યદ**નો (જાહેરી અર્થ હાથ)નો તાવીલ મતલબ "કુદરત"થી અને **વજહહુ** (જાહેર અર્થ એનું મોઢું)નો તાવીલ મતલબ 'એની હસ્તીથી', **ઈસ્તવાઅ** (જાહેરઅર્થ બેસવું)નો તાવીલ મતલબ ઉપરવટ અને તવજ્જોહથી કરવામાં આવે છે. પરંતુ સારું અને સલામતીભર્યું તો એ જ છે કે જરૂરત વિના તાવીલ કે મતલબ પણ ન કાઢવામાં આવે. બલ્કે એ શબ્દોની સચ્ચાઈનું યકીન રાખે અને એની મુરાદ મતલબને અલ્લાહથી સુપ્રત કરે કે તે જ તેની મુરાદ અને મતલબને જાણે છે. અમારું તો અલ્લાહ અને તેના રસૂલની વાત પર ઈમાન છે કે **ઈસ્તવાઅ** સાચું છે. **યદ** સાચું છે. પરંતુ એનો **ઈસ્તવાઅ** મખ્લૂક લોકોની જેમ નથી. તેવી જ રીતે એનો **યદ** (હાથ) મખ્લૂકના યદ (હાથ) જેવો નથી. એનું કલામ (વાત) એનું જોવું એનું સાંભળવું મખ્લૂકની જેમ નથી.

**અકીદો** : અલ્લાહ તઆલાની જાત અને સિફતો (ગુણો) મખ્લૂક પણ નથી અને મકદૂર પણ નથી.

**અકીદો** : અલ્લાહ તઆલાની જાત અને સિફતો સિવાયની જેટલીય ચીજો છે તે બધીય હાદિસ છે એટલે કે પહેલાં ન હતી પરંતુ પછીથી પૈદા કરાયેલી છે.

**અકીદો** : અલ્લાહ તઆલાની સિફતોને મખ્લૂક કહેવી અથવા હાદિસ (પાછળથી ઉદ્ભવનાર અને નષ્ટ થનાર) બતાવવી ગુમરાહી અને બદ્દીની છે.

**અકીદો** : જે માણસ અલ્લાહ તઆલાની જાતે પાક સિવાય બીજી કોઈ મખ્લૂકમાંની ચીજને કદીમ (એટલે કે જે હમેશાંથી હોય) માને અથવા જગતને હાદિષ (પછીથી ઉદ્ભવનાર નાશવંત) હોવામાં શક કરે તે કાફિર છે.

**અકીદો** : જેવી રીતે અલ્લાહ તઆલા દુનિયા અને દુનિયાની તમામ ચીજોનો પેદા કરનાર છે. એવી જ રીતે આપણા કર્મો અને કર્તવ્યોનો પણ તે જ પેદા કરનાર છે. (ખાલિક છે.)

**અકીદો** : કોઈ પણ ચીજ અલ્લાહ તઆલાના ઈલ્મ (જાણ)ની બહાર નથી, પેદા થઈ ચૂકી હોય કે પેદા થનાર હોય, અશક્ય હોય કે શક્ય, પૂર્ણ હોય કે અપૂર્ણ. સૌને હમેશાંથી જ જાણતો હતો અને હજીયે જાણે છે, અને હમેશાં સુધી જાણશે. ચીજો બદલાય છે, પરંતુ તેનો ઈલ્મ બદલાતો નથી. દિલ (હૃદયો)માં ઉઠતા વસવસા અને વિચારોની પણ એને ખબર છે એના ઈલ્મ જ્ઞાનની કોઈ જ હદ નથી.

**અકીદો** : અલ્લાહની મરજી અને ઈરાદા વિના કંઈ જ બની શક્તું નથી પરંતુ સારી બાબતથી તે રાજી થાય છે અને બુરી બાબતથી તે નારાજ થાય છે.

**અકીદો** : અલ્લાહ તઆલા દરેક શક્ય ચીજ પર કુદરત રાખે છે. કોઈ પણ શક્ય બાબત તેની કુદરતની બહાર નથી અને અશક્ય બાબત એની કુદરત હેઠળ નથી. અશક્ય ઉપર કુદરત માનવી ઈલાહિયતના ઈન્કાર કરવા બરાબર છે.

**અકીદો** : ભલાઈ–બુરાઈ, કુફ્ર–ઈમાન, નેકી, ગુનાહ, અલ્લાહ તઆલાની કુદરત અને પેદા કરવાથી જ છે.

**અકીદો** : ખરેખર રોજી પહોંચાડનાર તે જ છે, ફરિશ્તા વગેરે વસીલા અને બહાનાં છે.

**અકીદો** : સવાબ આપવો કે અઝાબ, બંદાના ફાયદાનું જ કામ કરવું વગેરે અલ્લાહ તઆલા માટે કોઈ બાબત વાજિબ નથી. એટલા માટે કે તે માલિક પોતે જ છે. જે ચાહે તે કરે, જે ચાહે તે હુકમ આપે, સવાબ આપે તો તેની મહેરબાની અને અઝાબ (શિક્ષા) કરે તો તેનો ન્યાય. હા ! તેની એ મહેરબાનીથી તે જ હુકમ આપે છે જે બંદા કરી શકે છે. મુસલમાનોને પોતાની મહેરબાનીથી તે જરૂર જન્નત અર્પણ કરશે અને કાફિરોને પોતાના ન્યાય (ઈન્સાફ)થી દોઝખમાં નાંખશે, એટલા માટે કે તેણે વાયદો કર્યો છે કે કુફ્રના સિવાય ગમે તે ગુનાહને પોતે ચાહશે તો માફ કરી દેશે. અને એનો વાયદો–વઈદો (વોરનીંગ) બદલાતી નથી એટલા માટે અઝાબ–સવાબ જરૂર થશે.

**અકીદો** : અલ્લાહ તઆલા દુનિયાથી બેપરવા છે એને કોઈ ફાયદો કે નુકસાન પહોંચાડી શક્તું નથી. અને પહોંચી પણ શક્તું નથી. એ જે કંઈ કરે છે તેમાં એનો પોતાનો કોઈ ફાયદો કે ગરજ નથી હોતી. જગતને પેદા કરવામાં એનો કોઈ ફાયદો નથી કે ન કરવામાં એનું કોઈ નુકસાન પણ નથી. પોતાની મહેરબાની, ન્યાય, કુદરત, કમાલ જાહેર કરવા માટે મખ્લૂકને પેદા કરી.

**અકીદો** : અલ્લાહ તઆલાના દરેક કાર્યમાં ઘણા જ રહસ્યો (ભેદો) હોય છે પછી ભલે તે આપણી સમજમાં આવે કે ન આવે. એમાં તેની હિકમત (રહસ્ય) છે કે દુનિયામાં એક ચીજને બીજી ચીજનું કારણ બહાનું બનાવ્યું. દા.ત. આગને ગરમી પહોંચાડવાનું બહાનું, પાણીને ઠંડી પહોંચાડવાનું બહાનું, આંખને જોવાના માટે, કાનને સાંભળવા માટે બહાનાં રૂપ બનાવ્યાં. અગર જો તે ઈચ્છે તો આગ ઠંડક અને પાણી ગરમી આપે. આંખ સાંભળવાનું અને કાન જોવાનું કામ આપે.

**અકીદો** : અલ્લાહ તઆલા માટે દરેક પ્રકારની ઐબ અને નુકસાન અશક્ય છે. જેવી રીતે અસત્ય, જહાલત, ભૂલ, જુલ્મ, બેશરમી વિગેરે તમામ બુરાઈઓ અલ્લાહ તઆલા માટે અશક્ય છે. **અને જો કોઈ એમ માને કે "ખુદા જૂઠુ બોલી શકે છે પરંતુ બોલતો નથી." (દેવબંદી મોલ્વીઓનો અકીદો એવો છે. –***પ્રકાશક***) તો તે જાણે એવું માને છે કે ખુદા ઐબવાળો છે પરંતુ તે પોતાની ઐબને છુપાવી રાખે છે.** પછી એક જૂઠુ બોલવાની જ શી વાત ! બલ્કે દરેક બુરાઈઓની એ જ હાલત થઈ જશે કે એમાં છે તો ખરી પણ તે કરતો નથી. જેમ કે જુલ્મ, ચોરી, ફના, જણવું વિગેરે તમામ ઐબો અલ્લાહ માટે કોઈપણ જાતની ઐબ કે નુકસાનને શક્ય માનવી કે જાણવી ખુદાને ઐબવાળો માનવા બરાબર છે બલ્કે ખુદાનો ઈન્કાર કરેલો ગણાશે. અલ્લાહ તઆલા એવા ગંદા અકીદાથી દરેક માણસને બચાવી રાખે.

### પાંચ ચીજાને લઈને શૈતાન બદ્નસીબ (અસફળ) રહ્યો

૧. ગુનો કરી તેનો અસ્વીકાર કર્યો.

૨. ગુના પર શરમ ન કરી.

૩. પોતાના નફ્સને ધમકાવ્યો નહીં.

૪. તૌબાનો ઈરાદો ન કર્યો.

૫. અલ્લાહની રહમતથી નાઉમ્મીદ રહ્યો.

### પાંચ ચીજાને લઈને હઝરત આદમ عليه السلام સફળ થઈ ગયા

૧. ખતાનો સ્વીકાર કરી લીધો.

૨. ખતા પર શરમ કરી.

૩. નફ્સની બુરાઈ કરી.

૪. તૌબામાં જલ્દી કરી.

૫. અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થયા.

–રજૂ. *હાજી હનીફ મુહમ્મદ અરગામાવાળા–ભરૂચ*



# સદ્‌વર્તન (હુસ્ને અખ્લાક) અને આપણા નબી ﷺ

અઝ : સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા-કપડવંજ *(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ, રાજપુરીગેટ, બાલાસિનોર)*

**(લેખ હરીફાઈમાં પ્રથમ નંબર પામેલ લેખ)**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّي عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

આપ ﷺ ના સદ્‌વર્તનના વિષયમાં ખલ્કે ખુદાથી શું પૂછવું ?! જ્યારે કે ખૂદ ખાલિકે અખ્લાક ઈર્શાદ ફર્માવે છે :–

وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ○

**"અને બેશક ! તમારા અખ્લાક અતિ ઉચ્ચ છે."** *(સૂ. કલમ, આ. ૪)*

આજે લગભગ ચૌદસો (૧૪૦૦) વર્ષ પસાર થઈ ગયા પણ પછી દુશ્મનાને રસૂલની શું તાકત કે આપને ખરાબ વર્તનવાળા કહી શકે ! એ સમયે જ્યારે કે આપ પોતાના દુશ્મનોની ટોળીમાં પોતાના સદ્‌વર્તનનું પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે ખુદાવંદે કુદૂસે કુર્આનમાં ફર્માવી દીધું :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ج وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَا نْفَضُّوْا مِنْ حَوْلِكَ ص

"હે હબીબ ! ખુદાની રહમતથી આપ લોકોની સાથે નરમીથી પેશ આવો છો. અગર આપ ક્યાંક બુરા વર્તન અને સખત દિલવાવાળા હોત તો આ લોકો આપના પાસેથી હટી જતા." *(સૂ. આલે ઈમ્રાન, આ. ૧૫૯)* રસૂલના દુશ્મનોને કુર્આનની ઝબાનથી આ એલાને ખુદાવંદી સાંભળ્યું પરંતુ કોઈની પણ એ હિંમ્મત ન થઈ શકી કે એના વિરૂધ્ધ ભાષણ આપે, અથવા તે સૂર્યથી પ્રકાશિત હકીકતને કોઈ જૂઠલાવતુ. બલ્કે આપના મોટા મોટા દુશ્મનોએ એ વાતને માની કે આપ સૌથી મહાન, સર્વ શ્રેષ્ઠ સદ્‌વર્તન અને નરમીવાળા છે.

સુબ્હાનલ્લાહ ! હઝરત આઈશા رضی اللہ عنہا એ એક જ વાક્યમાં આપના સદ્‌વર્તનના સાચા દશ્યનો ચિતાર આપતાં ઈર્શાદ ફર્માવ્યું કે :–

فَكَانَ خُلُقُهُ الْقُرْآنَ- "એટલે કે તા'લીમાતે કુર્આન પર પૂરે પૂરો અમલ એ જ આપના અખ્લાક હતા."

અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ નું નામનામી તો આપે સાંભળ્યું જ હશે ! આપ દરબારે નબુવ્વતના બહુ જ પ્રિય અને માનીતા અને મુખ્ય સેવકોમાંથી છે. આપનું બયાન છે કે મેં સળંગ દસ (૧૦) વર્ષ સુધી સફર તથા હઝર, ઘેરના અંદર તથા બહાર આપ ﷺ ની ચાકરી કરી, પરંતુ આપ

ﷺ એ ક્યારેય મને ઉફ નથી કહ્યું. અને ક્યારેક મેં કોઈ કામ આપની તબિયતની વિરૂધ્ધ કર્યું તો ક્યારેય મને એમ નથી કહ્યું કે તેં આ કામ કેમ કર્યું ? અને ક્યારેક મેં કોઈ કામ છોડી દીધું તો ક્યારેય મને નથી ધમકાવ્યો કે તેં આ કામ કેમ ન કર્યું ? અને આપનું વર્તન બધી દુનિયાના ઈન્સાનોથી વધુ સારું હતું.

અને એ જ જનાબ અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : એટલે કે રહમતે આલમ દુનિયાના બાદશાહ હોવા છતાં એટલા પ્રમાણમાં નરમ દિલ અને સાદાઈ અને નમ્રતાવાળા હતા કે બધા જ નાના મોટાની બિમારીપુર્સી ફર્માવતા અને બધા જ મો'મિનોની મૈયતના જનાઝાની પાછળ પાછળ ચાલતા અને સંપૂર્ણ નમ્રતાથી પોતાના ગુલામોની દા'વત કબૂલ ફર્માવતા અને હુઝૂર અકરમ ﷺ જ્યારે કોઈની સાથે મુસાફો ફર્માવતા તો જ્યાં સુધી સામેવાળી વ્યક્તિ પોતાનો હાથ જુદો ન કરી લે ત્યાં સુધી આપ પોતાનો દસ્તે મુબારક અલગ ન ફર્માવતા. અને ન તો પોતાનો ચેહરો તેના સામેથી ફેરવી લેતા. અને કોઈ મજલિસમાં પોતાના ચાહવાવાળાઓના સામે ક્યારેય પોતાના પગો લાંબા ન ફર્માવતા.

હુઝૂર ﷺ નું એક ઈસ્મે મુબારક عَفُوٌ છે (ﷺ) **અફુવ્વુન**નો શાબ્દિક અર્થ છે, ખતાઓ માફ કરવી, એ પણ એવી ખતાઓ જેનું માફ કરવું અશક્ય છે. હુઝૂરના **અફુવ્વુન** અને દરગુઝર કરવાની સાબિતીમાં ફત્હે મક્કાના પછીનું એક દષ્ટાંત આપવામાં આવે છે, કે જ્યારે મુસલમાનોને પૂરી તાકત હાંસલ થઈ ચૂકી હતી અને તેઓ મજબૂરી અને લાચારીવાળી જિંદગી પસાર કરી ચૂક્યા હતા, જે લોકો બદર, ઓહદ, ખંદક વગેરે જંગોમાં દુશ્મનોના સરદાર હતા, જેમણે ન જાણે કેટલાય મુસલમાનોને શહીદ કર્યા હતા, તેઓને હુઝૂરની ખિદમતમાં લાવવામાં આવ્યા તો રહમતે મુજસ્સમ ﷺ એ ન કે કેવળ માફ કર્યું પરંતુ એલાન પણ કરી દીધું કે જે માણસ અબૂ સુફિયાનના ઘરમાં પનાહ લેશે તો તે માણસ અમનમાં રહેશે ! જે શખ્સ કા'બાની હદોમાં પ્રવેશી જાય તે આપણી પનાહમાં છે, જે પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે, જે ભાગી જાય, જે હથિયાર ફેંકી દે તેમનો પીછો ન કરવામાં આવે.... વગેરે. સુબ્હાનલ્લાહ ! આવું અફુવ્વુન અને કરમનું દષ્ટાંત કોઈપણ ઈતિહાસમાં નથી મળી શક્તું, ન કોઈ પેશ કરી શક્શે. મક્કાના કાફિરો એવા જુલ્મ અને સિતમ આપ પર અને આપના ચાહવાવાળાઓના ઉપર કર્યા છે કે જેને કેવળ સાંભળવાથી કાળજુ મોં એ આવી જાય છે, જુઓ ! ત્રણ (૩) વર્ષ શોઅબે અબી તાલિબમાં (બહિષ્કારનાં) આપના ખાનદાન અને નાનાં બાળકો સાથે ભૂખ્યા અને તરસ્યા વિતાવ્યાં તે કોઈ સામાન્ય વાત નથી ! તેનું અનુમાન તે જ વ્યક્તિ લગાડી શકે છે કે જેણે આ મુસીબત ઝીલી હોય. તેર (૧૩) વર્ષ સુધી મક્કામાં કાફિરો અને મુશ્રિકોએ શું શું ન કર્યું ?! હિજરત પછી પણ આપને અને આપના જાંનિષારોને એક દિવસ પણ ચેન ન લેવા દીધું. છતાં પણ તે હિંસાચારી લોકોના ઉપર સંપૂર્ણ કાબૂ અને ઈખ્તિયાર હાંસલ થઈ ગયા પછી પણ આપે તે બધાને પણ માફ કરી દીધા અને સદ્‌વર્તનનું એક એવું દષ્ટાંત પૂરું પાડયું કે આજ સુધી કોઈ ઈતિહાસમાં નથી મળી શક્તું.

આપે તે દરિન્દા સિફત (જંગલી) સ્ત્રીને પણ માફ કરી દીધી કે જેણે આપના પ્રિય કાકા હઝરત હમ્ઝાને શહીદ કરાવીને આપનું કાળજુ ચાવ્યું ! સદ્‌વર્તનના આ મહાન પ્રર્દશન સિવાય આપની આખી જિંદગી આપના મહાન ચારિત્ર્યનું મોં બોલતું ષબૂત છે. આપે ક્યારેય પોતાના નફ્સ માટે ગુસ્સો ન કર્યો, પૂરી જિંદગી કોઈના સાથે બદલો ન લીધો. પથ્થરો, ગાળો અને તોહમતોના વરસાદના જવાબમાં પણ દુઆએ ખૈર કરી. આપના સદ્‌વર્તનનો એ હાલ

હતો કે ખૂદ અલ્લાહ તઆલાએ પોતાના કલામે મુબારકમાં ○ وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ઈર્શાદ ફર્માવી આપની પ્રશંસા ફર્માવી કે, ''આપ સદ્‌વર્તાવના ઉચ્ચ સ્થાને બિરાજમાન છો !''

આપનું નામ عَفُوٌّ એટલા માટે છે કે અલ્લાહ તઆલાએ આ જ નામના સાથે આપની કુર્આન અને તૌરાતમાં તારીફ ફર્માવી છે જેવું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને આસની હદીષમાં છે કે તૌરાતમાં આપની નિશાનીઓ એ રીતે વર્ણવવામાં આવી છે કે આપ બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા પરંતુ આપ ﷺ માફ ફર્માવે છે. આપની આદતે શરીફા اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ-ના પ્રમાણે હતી એટલે કે આપ બુરાઈનો બદલો પણ નેકી અને એહસાનથી આપતા હતા. આપે ક્યારેય પણ પોતાના માટે બદલો ન લીધો અને ન તો કોઈ મુસલમાન પર લઅનત કરી અને ન તો જંગના સિવાય આપે કોઈને પોતાના હાથથી તકલીફ પહોંચાડી.


ઓહદની લડાઈમાં મુશ્રિકોએ આપના દાંત મુબારકને શહીદ કર્યા, આપના હોઠ અને પેશાની મુબારકને ઝખ્મી કર્યા, એટલે સુધી કે આપ લોહીલુહાણ થઈ એક ખાડામાં આવી ગયા તો સહાબાને આ સખ્ત અસહ્ય ગુજર્યું, સહન ન થયું તો સહાબાએ અર્ઝ કરી કે આપ જાલિમોના હક્કમાં બદ્‌દુઆ કરો ! તો જવાબમાં રહમતે આલમ ﷺ એ ફર્માવ્યું, મને લઅનત મોકલવા માટે નથી મોકલવામાં આવ્યો પરંતુ અલ્લાહની તરફ બોલાવવા માટે મોકલવામાં આવ્યો છે ! રહમત બનીને આવ્યો છું ! હે અલ્લાહ ! મારી કૌમની મગફેરત ફર્માવ ! એમને હિદાયત આપ કે તે નથી જાણતા.

આપને ઝેર આપવામાં આવ્યું તો ખબર પડવા પર તે વ્યક્તિને પણ માફ કરી દીધું. આપને શહીદ કરવાનો પણ કેટલાકે ઈરાદો કર્યો પરંતુ આપે તેમને પણ માફ કરી દીધું. અરે ! ગઝવએ બદરમાં કેટલાક યુદ્ધ કૈદીઓ લાવવામાં આવ્યા જેમાં આપના કાકા હઝરત અબ્બાસ પણ હતા. તે રાત્રે આપને ઊંઘ ન આવી અને આપ કરવટ બદલતા રહ્યા. એક અન્સારી સહાબીએ પૂછયું કે હુઝૂર ! શું આપની તબિયત સારી નથી ? આપે જણાવ્યું કે નહીં ! પણ હઝરત અબ્બાસના કણસવાનો અવાજ મને પરેશાન કરે છે ! અન્સારી સહાબીએ ઉઠીને હઝરત અબ્બાસના બંધ ઢીલા કરી નાખ્યા જેથી હઝરત અબ્બાસ સૂઈ ગયા. થોડીવાર પછી અન્સારી હાજર થયા. આપે જણાવ્યું કે અબ્બાસનો અવાજ કેમ નથી આવતો ? અન્સારીએ જવાબ આપ્યો કે મેં એમના બંધ ઢીલા કરી નાખ્યા છે. હુઝૂરે ફર્માવ્યું કે જાવ ! દરેક કૈદીઓ સાથે તેવો જ વર્તાવ કરો ! તે પછી આપ ﷺ એ આરામ ફર્માવ્યો. આ છે આપણા નબી ﷺ નું સદ્‌વર્તન. *(સંપૂર્ણ)*


## જેવો ગુનોહ તેવી તૌબા

**જેવો ગુનોહ તેવી તૌબા જરૂરી છે એટલે કે જો ગૈર મેહરમ ઔરતને જોઈ છે તો એની તૌબા એ કે કુર્આને કરીમને જુએ તથા તિલાવતથી પોતાની આંખોને પાક કરે, ગાયનો વગેરે સાંભળ્યાં તો તેના માટે તૌબા એ છે કે કુર્આને કરીમને સાંભળે, જનાબત (ગુસ્લની હાજત)ની હાલતમાં મસ્જિદમાં બેઠો તો તેની તૌબા એ છે કે પાક સાફ થઈને મસ્જિદમાં એ'તેકાફની નિય્યતથી બેસે, દારૂ પીધો તો તેની તૌબા એ છે કે હલાલ અને પાક ચીજોનો ઉપયોગ કરે અને સદકો તથા ખૈરાત પણ કરે, મુસલમાનોને તકલીફ આપી તો તેમની સાથે સારો વર્તાવ તથા એહસાન કરે અને જો કોઈનું ખૂન કરી નાખ્યું છે તો તેના કફ્ફારામાં ગુલામ આઝાદ કરે.**

*–(નુઝહતુલ મજાલિસ–૨૭૭)*



# ઈમામ અહમદ રઝાનાં સાયન્ટિફિક મંતવ્યો



-કાર્યાલય

વર્તમાન સદીના પ્રારંભમાં હિંદુસ્તાનની ભૂમિ પર ઈલ્મ તથા હિકમતની એવી મહાન હસ્તી ગુજરી જેની વાસ્તવિક છબી રજૂ કરવી એ લખાણ તથા કલમની પહોંચ બહારની વાત છે જેને ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીના નામથી ઓળખવામાં આવે છે. ઈલ્મ તથા વિદ્યાનો તો એવો અજોડ ફકીહ હતો કે ફિકહ પરેશાન છે અને બુદ્ધિ આશ્ચર્યમાં ગરકાવ છે કે કયો તે ઈલ્મ છે જેમાં આપ નિષ્ણાત નથી. બલ્કે હકીકત તો એ છે કે એક મોટી સંખ્યા એવા ઈલ્મોની છે જેમાં ઈમામ અહમદ રઝાને મહારત હતી અને આજે પૃથ્વીના પટ પર તેનો જાણકાર મુશ્કેલીથી જ મળી શકે. ઈતિહાસની આ કેટલી આશ્ચર્યજનક હકીકત છે કે જેને જમાનો એક મોલ્વી સમજી રહ્યો હતો પણ આજના નિષ્ણાતો તેના લખાણને સમજવાથી લાચાર છે ! આ સ્થળે એક દૃષ્ટાંત જુઓ :–

''ઈલ્મે જફર (જ્યોતિષ શાસ્ત્ર) જે અમુક ઉસૂલો તથા કાનૂનો થકી ગયબી બાબતોને જાણવાનું નામ છે જેનો જાણનાર વર્તમાનકાળમાં કદાચ જ કોઈ હોય, એમાં ઈમામ અહમદ રઝાને ઘણી પહોંચ હતી ખૂદ ફર્માવે છે, ''કે ઈલ્મે જફર ન કોઈ ઉસ્તાદથી શીખ્યું ન કોઈનાથી ચર્ચા થઈ બલ્કે સૈયદ અબુલ હસન નૂરીમિયાં મારહરવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ એનો એક કાયદો ઉલ્લેખ કરીને સમજાવી દીધો હતો. આ એક કાયદાથી કાંઈ કેટલાયે અન્ય કાયદાઓ જાણી લીધા. પછી તે ઈલ્મની એક મહત્વની કિતાબ શૈખ અકબર મુહીય્યુદ્દીન ઈબ્ને અરબીની લખેલી હાથ લાગી એના પર કેવળ મહેનત કરી જાણે કે જફરથી જ શીખ્યો અને એમાં એક કિતાબ *''સફરુસ્સફર અનિલ જફર બિલ જફર''* લખી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ની ઝિયારત માટે હાજર થયો તો વિચાર્યું કે આ આખા વિ□નું કેન્દ્ર છે જ્યાં વિ□ભરના ઈલ્મવાળાઓ એકત્ર થાય છે, કદાચ કોઈ એવો મળે જે ઈલ્મે જફરનો નિષ્ણાત હોય તો તેનાથી એની પરિપૂર્ણતા કરી લઉં. માલૂમ કરતાં જાણવા મળ્યું કે મૌલાના અબ્દુર્રહ્‌માન દહાન એના જાણકાર છે. એ સાંભળીને ખુશી થઈ, મુલાકાત થઈ અને કેટલાય કલાકો એકાંતમાં ચર્ચા ચાલી જેનું પરિણામ એ આવ્યું કે જે કાયદાઓ મૌલાના અબ્દુર્રહ્‌માન દહાનના અપૂર્ણ હતા તે ઘણે ખરે અંશે પૂર્ણ થઈ ગયા. મૌલાના સૈયદ હુસૈન મદની અરબસ્તાનથી બરેલી શરીફ તશરીફ લાવ્યા અને ૧૪ મહીના બરેલી શરીફમાં રોકાણ કરીને આ'લા હઝરતથી ઈલ્મે જફરની તા'લીમ મેળવી. તેમના માટે તથા અન્ય અરબસ્તાનના આલિમો માટે ઈમામ અહમદ રઝાએ ઈલ્મે જફર તથા તકસીરમાં એક સંપૂર્ણ કિતાબ *''અતાઈબુલ્ અકસીર ફી ઈલ્મિત્તકસીર''* અરબી ભાષામાં ડિક્ટેટ કરાવી. જ્યારે તેમણે ઈલ્મે જફરના કાયદાઓની પરિપૂર્ણતા કરી લીધી તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની પાસે જેટલા પ્રમાણમાં પણ મટિરિયલ, નુસ્ખા, કુંડળીઓ પોતે તૈયાર કરેલ હતી તે સૌ વિદાય કરતી વેળા તેમને સુપ્રત કરી દીધું

અને હમેશાંના માટે એ ઈલ્મને અલવિદા કરી આપી.

વર્તમાન પ્રગતિ પામેલ યુગમાં ઈલ્મનાં જેટલાં ક્ષેત્રો (વિભાગો) અત્યાર સુધી શોધેલ છે તે સર્વમાં ન કેવળ એ કે આપની પહોંચની સાક્ષીઓ મૌજૂદ છે બલ્કે આપની કિતાબોમાં તેની ઉચ્ચ કક્ષાની તેહકીકો (સંશોધનો) પણ જોવા મળે છે, એ અલગ વાત છે કે જે ક્ષેત્રમાં આપની ઈલ્મી ખિદમતોથી લોકોને વાસ્તો પડયો તે ક્ષેત્રમાં આપની શખ્સિયત નીકળીને સામે આવી અને જેનાથી વાસ્તો ન પડયો તે હજી સુધી પર્દામાં છુપાયેલ છે. એમાંથી એક *સાયન્સ (વિજ્ઞાન)* પણ છે. ઈમામ અહમદ રઝાને સાયન્સમાં કેટલા અંશે પહોંચ હતી ? તેમના સાઈન્સી ખયાલોની હદ શું હતી ? એ સવાલોના જવાબો શોધવાને બદલે જો હું એવું કહું કે **ઈમામ અહમદ રઝા નજીકના ભૂતકાળના એક એવા વૈજ્ઞાનિકનું નામ છે જેની સાયન્ટિફિક શોધો તથા લખાણો ભૂતકાળના તથા વર્તમાનકાળના સર્વ વૈજ્ઞાનિકો માટે એક ચેલેંજ છે,** તો કદાચ લોકો મને ગલત ખયાલ કરશે, પરંતુ તેમ છતાંય હકીકતનો ઈન્કાર કોઈના વશની વાત નથી, ચાહે તે ઉઘાડી હોય કે છુપી.

વાસ્તવમાં ચીજોની હકીકતને જાણવા તથા તેને પારખવાનું નામ સાયન્સ છે. પણ ઈમામ અહમદ રઝાની સાઈન્સી માન્યતાઓનો આધાર ઈસ્લામી માન્યતાઓ છે, કેમ કે **વર્તમાન સાયન્સ આઝાદ અને બેલગામ છે,** તેના માટે કોઈ વર્તુળ નથી, જ્યારે કે **ઈમામ અહમદ રઝાનું સાયન્સ ઈસ્લામી વર્તુળમાં ઘુમતુ રહે છે, અને શરીઅત તથા હકીકતથી વિમુખ નથી થતું.** આ તે ઈમાન તથા યકીનની બિના પર છે જે ઈસ્લામી માન્યતાઓની હક્કાનિયતના બારામાં આપને હતું. એનો એક સ્પષ્ટ નિર્દેશ આપની વાણીમાં મળે છે કે જ્યારે આપની સમક્ષ તજવીઝ પેશ કરવામાં આવી કે ઈસ્લામી સાહિત્યને સાયન્સી વિચારધારા પ્રમાણે કરી દેવામાં આવે. તો આપે ફર્માવ્યું, "સાયન્સ એ રીતે મુસલમાન થશે નહીં, આમ તો ઈસ્લામે સાયન્સને સ્વીકાર્યું ન કે સાયન્સે ઈસ્લામને, બલ્કે એનો તરીકો એ કે તે ઈસ્લામી માન્યતાઓ જેનાથી સાયન્સ ટકરાય છે તેને સાબિત કરવામાં આવે અને સાયન્સી વિચારશૈલી થકી જ તેની હક્કાનિયતને સ્પષ્ટ કરવામાં આવે.

આવું આપે પ્રેક્ટિકલી કરીને પણ બતાવ્યું કે અમુક તે ઈસ્લામી માન્યતાઓ જેનાથી વૈજ્ઞાનિકો મતભેદ કરે છે તેને સાબિત કરવાને માટે આપે ભરપુર કોશિશ કરી. જેમ કે વર્તમાન વૈજ્ઞાનિકો સૃષ્ટિની વ્યવસ્થાનો ખુલાસો એ રીતે કરે છે કે સૂર્ય તેનું કેન્દ્ર છે જે સ્થિર છે, પૃથ્વી તેની આસપાસ એક ગ્રહની જેમ ઘુમી રહી છે જેના થકી દિવસ રાત તથા ઋતુઓ બદલાતી રહે છે. કુર્આનમાં છે કે, **"બેશક ! અલ્લાહે રોકી રાખેલ છે આકાશ તથા પૃથ્વીને જેથી હાલે નહીં.** અને જો તેઓ હટી જાય તો તેમને કોણ રોકનાર છે અલ્લાહના સિવાય ?! બેશક ! તે નરમીવાળો બખ્શનારો છે." *(સૂરએ ફાતિર, આ. ૪૦, પારા–૨૩, રુકૂઅ–૨)*

સાયન્સ પોતાના મંતવ્યના સમર્થનમાં અગણિત દલીલો રજૂ કરે છે, પણ ઈમામ અહમદ રઝાએ એના અનુસંધાનમાં એક મજબૂત કિતાબ *"ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન"* લખી જેમાં પચાસ દલીલો વડે સાયન્સની માન્યતાઓ તથા દલીલોની ઉઘાડી રીતે રદ કરી કે દમ મારવાની મજાલ નથી છોડી. પછી ત્યાર બાદ ૫૪ મજબૂત દલીલો વડે પૃથ્વીની સ્થિરતાને સાબિત કરી. એટલે **પૂરી ૧૦૪ અકલી દલીલો વડે વૈજ્ઞાનિક મંતવ્યને રદ કર્યું અને ઈસ્લામી માન્યતાને સાબિત કરી. આખી કિતાબ ગ્રહગતિ વિજ્ઞાન, ભૂમિતિ, લોગેરિજમ, ગણિત અવકાશ શાસ્ત્રથી ભરેલી છે,** એમાં પૃથ્વીની

હરકત (પરિભ્રમણ) માનવા પર અસંખ્ય સ્થિતિઓનું બદલાવું સાબિત કર્યું છે.

આપની ૫૦૦થી વિશેષ કિતાબો વિવિધ ઠેકાણે વૈજ્ઞાનિક સંશોધનોથી લબરેઝ છે, ખાસ કરીને *ફતાવા રઝવિય્યહ*માં ઠેકઠેકાણે વૈજ્ઞાનિક સંશોધન જોવા મળે છે. જેમ કે પાણીનો રંગ કયો છે ? એના અનુસંધાનમાં આપનું સંશોધન પાયાનું સ્થાન ધરાવે છે. પાણીના રંગ વિહોણા હોવા પર આપે વાંધો ઉઠાવ્યો, એ જ પ્રમાણે પાણીનો રંગ લીલો તથા સફેદ હોવા પર પણ વાંધો ઉઠાવ્યો છે. પછી આપે પ્રેક્ટિકલો અને સાક્ષીઓ થકી સાબિત કર્યું છે કે પાણીનો રંગ હલકો કાળાશ પડતો છે.

*"હદયતુલ મુતઆલ ફી હદ્દિલ્ ઈસ્તિકબાલ"* માં કિબ્લાની દિશાના બારામાં આપે વ્યક્તિગત સંશોધન કર્યું અને સાબિત કર્યું કે કુતુબ (ધ્રુવ) તારાને જમણી બાજુ માનીને સામેની દિશાને કિબ્લો હોવાનો નિયમ દુરુસ્ત નથી. જેમ કે ફર્માવે છે કે, "બરેલીની મસ્જિદો કિબ્લાથી બે ડિગ્રી ઉત્તર તથા મુંબઈની મોટા ભાગની મસ્જિદોથી કિબ્લાથી દસ ડિગ્રી દક્ષિણ બાજુ હટેલી છે." એના અનુસંધાનમાં કિબ્લો નિશ્ચિત કરવાના માટે એવા નિયમો બનાવ્યા કે ખૂદ ફર્માવે છે, "એના પર અમલ કરીને જો સર્વ પડદાઓ હટાવી દેવામાં આવે તો કિબ્લો તદ્દન નજરો સમક્ષ હશે." એના અનુસંધાનમાં આપની કામિલ કિતાબ *"કશ્ફુલ ઈલ્લતિ અન સિમ્તિલ કિબ્લા"* એ અભ્યાસને પાત્ર છે. *"અલ્કશ્ફુલ શાફિયા લિ અહ્કામિ ફૂનૂજરાકિયા"*માં અવાજના બારામાં આપે ઘણી દુર્લભ વૈજ્ઞાનિક સંશોધન કર્યું છે જે આપનું જ કામ છે. જેમાં આપે અવાજની હકીકત અને અવાજના તરંગોનું સંપૂર્ણ સંશોધન કર્યું છે. ભૂમિતીનું વિસ્તારપૂર્વક વર્ણન આપની કિતાબો દા.ત. *શમાઈમુલ્ અંબર, ફતાવા રઝવિય્યહ, ફૌઝુલ્ મુબીન, કશ્ફુલ ઈલ્લત અન સિમ્તિલ્ કિબ્લા* વગેરેમાં ઠેકઠેકાણે છે. ભૂગોળના સંબંધે આપનું સંશોધન ઈજતેહાદી કક્ષાએ પહોંચેલ છે, તેનું સવિસ્તાર વર્ણન *"હુસ્નુત્તાઅલ્લુમલિ બયાનિ હદ્દિત્તયમ્મુમ"*માં છે જેમાં માટીના પ્રકારમાંથી હોવા માટે પાંચ ગુણધર્મો સળગવું, પીગળવું, નરમ થવું, રાખ થવું, આગથી નરમ થઈને કોઈ રૂપ ધારણ કરી લેવું એ વર્ણન કરીને દર્શાવ્યું કે અસલમાં આ સૌ ત્રણ અથવા બેના પ્રતિ પલટે છે. આ સંશોધનોમાં આપે એવા એવા પથ્થરોનું વર્ણન કર્યું છે જે પૂરા જગતમાં એકાદ બે જ પ્રદેશોમાં જોવા મળે છે. જે જે પથ્થરો વડે તયમ્મુમ જાઈઝ છે ફકીહોએ તેના જેટલા પ્રકાર બતાવ્યા છે તેના ઉપર આપે ૧૦૭ પ્રકારોનો ઉમેરો કર્યો છે, એ કિતાબમાં પૂરી વિગત છે અહીં કેવળ નમૂનો જુઓ :–

"એ જ પ્રમાણે જે દરો દીવાર તથા છત પર સંદલા કે સિમેન્ટ ફરેલ હોય, જે દરો દીવાર પર રેતી લાગેલ હોય, જેના પર બદામી, લાખી, લાલ, લીલી, પીળી, આછા લીલા કલરની, આસ્માની, કથ્થી, ઝંઘારી, રાખોડી, ચકલીના પાંખ જેવા રંગની, પ્યાજી, ફીરોઝી રંગતો હોય ભલે લાલમાં શન્જર્ફ (ગંધક તથા પારાની મિશ્રધાતુ), લીલુ પોપટી જેમ, આંબાની છાલ, બકાઈન (લીમડા જેમ પાંદડાંવાળુ ઝાડ)નાં પાંદડાં, પીળામાં ક્યારેક મુલ્તાનીના સિવાય "ઢાક"ના ફૂલ, આછા લીલામાં પોપટી રંગ, આસ્માનીમાં હલકો નારંગી, લાજુર્દ, કથ્થામાં બાવળની છાલ, લીલામાં લીલો પોપટી, રાખોડીમાં હલકો નારંગી, ચકલીની પાંખ જેવા કલરમાં લાજુર્દ, પ્યાજીમાં પીળી માટી જેમ, ફીરોઝીમાં પોપટી વગેરે વગેરે અલગ ચીજોનો ઉમેરો છે પણ છેવટે તો માટીનું ઢેફુ છે એનો ભાગ વિશેષ અને અધિક છે તથા તેનું બીજાથી મિશ્રણ તેમાં રંગત લાવવા માટે હોય છે. પાકી કબર કે ત્યાં નજાસતનું ગુમાન નથી, આરસપહાણ, સંગે મૂસા, સંગે સૈયદ, સંગે સુર્ખ, ચોખંડી ગાઢ લીલો, સંગે

સિતારા લાલશ પડતો ખૂબ જ ચમકદાર, ગૌદંતી સફેદ, આસ્માની ચમકદાર તેના નગીના પણ બને છે, હજરુલ યહૂદ, મુકનાતીસ, સંગે સમાક જેના ખલ મશહૂર છે, સાન, સલી, કરન્ડ, કસોટી, ચકમાક, રેલ્વેનો કોલસો કે પથ્થર છે, સ્લેટ, તુર્કિસ્તાનનો તે પથ્થર કે જે લાકડી જેમ સળગે છે, શામ શરીફ (સીરીયા)નો તે પથ્થર કે આગમાં લપેટાઈ જાય છે, સકલબાનો તે પથ્થર કે ગરમ પાણીથી સળગી ઉઠે છે અને તેલથી ઓલવાય છે, હજરે ફતીલા જેની બત્તી બનાવીને સળગાવે છે. આ ચારેવ પથ્થરનું વર્ણન ઉપર આવી ગયું, કુદરતી બિલ્લાર પથ્થર છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૧, પેજ-૬૯૭)*

આપે એ સંશોધન પણ રજૂ કર્યું કે સૂર્ય ક્ષિતિજ પર જાહેર થતાં પહેલાં એ જ પ્રમાણે ડૂબી ગયા બાદ પણ શા માટે દેખાય છે ? જેમાં બતાવ્યું કે કિરણો સફર કરીને મલાએ કષીફમાંથી મલાએ લતીફમાં જ્યારે દાખલ થાય છે તો કેવી રીતે પરત થનાર થઈ જાય છે. જેવી રીતે પાણીમાં કોઈ ડંડો કે લાકડી એ રીતે રાખવામાં આવે કે અમુક હિસ્સો પાણીમાં હોય અને અમુક બહાર તો પાણીવાળો ભાગ વાંકો જણાશે. આપે પૃથ્વી તથા અન્ય ગ્રહો વચ્ચે આકર્ષણબળ માનવાનો ઈન્કાર કરી આપ્યો અને વસ્તુના ઉપરથી નીચે આવવાનો સબબ ખૂદ તે વજનદાર ચીજોનો તકાઝો વર્ણન કર્યો છે. સમુદ્ર ભરતી તથા ઓટનું કારણ ચંદ્રને ઠરાવવા પર આપે જબરદસ્ત વાંધાઓ લીધા છે એમાં એક વાંધો એ પણ છે કે જો ચંદ્રથી જ ભરતી તથા ઓટ છે તો પછી નહેરો અને મોટા તળાવોમાં ભરતી તથા ઓટ કેમ નથી ?! શું અહીં ચંદ્ર બેઅસર થઈ ગયો ? પછી આપે સમુદ્રના ભરતી તથા ઓટના કારણ પ્રતિ નિર્દેશ આ હદીષથી કર્યો છે જેમાં ફર્માવવામાં આવ્યું છે કે **ان تحت البحر ناراً** "બેશક ! સમુદ્ર નીચે આગ છે." પણ **આપે ફિઝિક્સના સબબો તથા કારણોના સંશોધનને આપનું સ્થાન નથી બનાવ્યું, નહીં તો થોડુક ધ્યાન એ જ બાજુ કરી આપત તો મુસલમાનોને પશ્ચિમી વૈજ્ઞાનિકોથી બેપરવા કરી આપત.**

પાણીમાં કોષો (છિદ્રો) છે કે નથી ? એના અનુસંધાનમાં ફર્માવે છે, "નથી", કે પાણીની પ્રકૃતિમાં અવકાશ ભરવાની શક્તિ રાખવામાં આવી છે જેથી અનિવાર્ય છે કે જે છિદ્રો (કોષો) ધારી લેવામાં આવે તેના તરફ તે પાણી કે જે ઉપર છે તે ઉતરશે અને તેને ન ભરશે. અને છિદ્રો હોવા બાબતે આધુનિક તત્વચિંતકોની એ દલીલ કે ખાંડ નાખવાથી પાણીમાં પીગળી જાય છે અને તેની ઘનતા નથી વધતી તે સ્વીકાર્ય નથી. જ્યારે ખાંડ નોંધપાત્ર ઉમેરાશે તો જરૂર ઘનતાનું વધવું મેહસૂસ થશે. પણ એક માણસ હોઝના કિનારે ઉભો છે અને બીજો ડૂબકી મારે છે અને બહારવાળો માણસ મોટા અવાજે બુમ પાડે, જો છિદ્રો છે તો જરૂર સાંભળશે અને સાંભળે છે. તો જાણવા મળ્યું કે છિદ્રો છે. એથી ઉલ્ટુ એક રૂમ તદ્દન કાચથી બનેલો ધારી લો જેમાં ક્યાંય કાણુ ન હોય તેના અંદરનો અવાજ બહાર આવશે નહીં અને બહારનો અવાજ અંદર જશે નહીં, ભલે અંદર તથા બહાર બે વ્યક્તિઓ એકબીજાને અડીને બુમ પાડીને પોકારે. પણ આ દલીલ પણ પૂરતી નથી, અવાજ પહોંચવા માટે બંને વચ્ચેના અવકાશમાં મોજાંનાં તરંગો જોઈએ, છિદ્રોની શું જરૂર ! હા, જ્યારે તરંગો ન હોય ત્યાં છિદ્રો થકી પહોંચશે. કાચમાં ન તરંગો ન છિદ્રો છે જેથી પહોંચશે નહીં. પાકી ઈમારતમાં તરંગો નથી છિદ્રો છે એનાથી પહોંચે છે. આબોહવા ખૂદ પોતાના તરંગોથી પહોંચાડે છે અને પાણીના તળાવમાં બે વ્યક્તિ બંને છેડા પર ઈંટ પર ઈંટ મારે તો અવાજ પહોંચશે પણ એટલો નહીં જેટલી હવામાં પહોંચે." *(અલ્મલ્ફૂઝ, ભાગ-૧, પેજ-૧૪૮, અઝ : આ'લા હઝરત)*

ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧ માં આ સંશોધન મૌજૂદ છે કે કાચમાં તીરાડ પડી જાય તો ત્યાં સફેદી કેમ જણાય છે ? પાણી બાઝીને બરફ બનીને સફેદ શા માટે જણાય છે ? બિલ્લોર તથા કાચ વગેરેને પીસવાથી સફેદ શાથી લાગે છે ? ચાર તત્વોના એકબીજાથી બદલવાના કુલ કેટલા પ્રકારો છે ? ખાણની દરેક ચીજ ગંધક અને પારાની જાતિમાંથી છે, વગેરે. એ જ પ્રમાણે વર્તમાનકાળમાં મેડિકલ સાયન્સની એ માન્યતા કે ઘણી બીમારીઓ ચેપી હોય છે તેને પણ આપે સ્વીકાર્યું નથી, એના બારામાં આપની એક પૂરી કિતાબ છે. આપની માન્યતા છે કે હકીકતમાં કોઈ બીમારી ચેપી નથી હોતી પરંતુ જો કોઈ એવો અકીદો રાખે કે અમુક બીમારીઓ ચેપી હોય છે તેના માટે અલ્લાહ તે બીમારીઓના તેના હક્કમાં ચેપી બનાવી દેશે. જેમ કે ઈર્શાદ છે :–

انا عند ظن عبدی بی-

સમયની ગતિની સાથે સાથે આપના વૈજ્ઞાનિક સંશોધન ઉપર પણ કામ ચાલી રહ્યું છે અને રીસર્ચ સ્કોલર્સ એના બારામાં વ્યસ્ત છે. ખાસ કરીને આપની કિતાબ *"ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન"* ની પ્રતિ સંશોધકોના ખાસ ધ્યાનની જરૂરત છે જેના પ્રતિ હવે સંશોધકો વધી રહ્યા છે. દુનિયાની મહાન મહાન યુનિવર્સિટીઓમાં આપની શખ્સિયત પર સંશોધન ચાલુ છે.

–*(જામે નૂર, દિલ્હી, જાન્યુ. ૨૦૦૪)*

## સાચી નિય્યતની બરકતો

-કાર્યાલય

હઝરત અલ્લામા દમીરી رحمۃ اللہ علیہ "હયાતુલ હયવાન"માં લખે છે કે જ્યારે હઝરત આદમ علیہ السلام જમીન પર તશરીફ લાવ્યા તો જંગલનાં જાનવરો આપની ખિદમતમાં સલામ તથા ઝિયારતના માટે હાજર થયાં. આપ દરેક જાતીના માટે દુઆ કરતા રહ્યા, એટલે સુધી કે એક હરણોની ટોળી આવી. તો આપે તેમના માટે પણ દુઆ ફર્માવી અને તેમની પીઠ પર મહોબ્બતભેર હાથ ફેરવ્યો તો એમનામાં કસ્તૂરી પૈદા થઈ ગઈ જેનાથી જંગલ મહેકી ઉઠયું. હરણોની એક બીજી ટોળીએ તેમને ખુશ્બુનો સબબ પૂછયો તો તેમણે કહ્યું કે, જ્યારે અમે હઝરત આદમ علیہ السلام ની ઝિયારત (દીદાર) માટે હાજર થયાં તો આપે દુઆ આપવાની સાથે સાથ અમારી પીઠ પર મહોબ્બતભર્યો હાથ ફેરવી આપ્યો જેના લીધે અમે આ ખૂબીના માલિક બની ગયાં. આ સાંભળતાં જ હરણોની બીજી ટોળી હઝરત આદમ علیہ السلام ની સેવામાં હાજર થઈ. આપે દુઆ ફર્માવી અને તેમની પીઠ પર પોતાનો હાથ મુબારક પણ ફેરવ્યો, પણ છતાં તેમનામાં ખુશ્બુ જાહેર ન થઈ ! તેઓ પોતાની જાતીનાં તે હરણો પાસે પાછાં ગયાં અને કહેવા લાગ્યાં કે અમે પણ તમારી જેમ અમલ કર્યો હતો પણ અમારામાં મહેક પૈદા ન થઈ શકી તેનું શું કારણ ?! તેના જવાબમાં તેમણે કહ્યું, અમે તો હઝરત આદમ علیہ السلام ની ઝિયારત કેવળ અલ્લાહને રાજી કરવાની નિય્યતે કરી હતી અને તમારી હાજરી કેવળ ખુશ્બુ મેળવવા માટે હતી ! અમે અમારી સાચી નિખાલસ (નિઃસ્વાર્થ) નિય્યતના સબબે એ ખૂબીથી સરફરાઝ થયાં અને તમે નિય્યતમાં નિખાલસતા ન હોવાને કારણે વંચિત રહ્યાં. –*(નુઝહતુલ મજાલિસ, પેજ–૩૪)*

## શું તમારે જન્નતી જોવો છે ?!

નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે જન્નતી લોકોને જોવા ચાહે તેણે તલબાએ કિરામના દીદાર કરવા જોઈએ. તેમજ આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે તાલિબે ઈલ્મ કોઈ આલિમે દીનથી દીની ઈલ્મો પ્રાપ્ત કરવા જાય છે તેને માટે દરેક ડગલે એક એક વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે અને દરેક કદમના બદલે જન્નતમાં શહેર આપવામાં આવે છે. જ્યારે જમીન પર ચાલે છે તો જમીનનું દરેક રજકણ તેના માટે દુઆ કરે છે.

–(નુઝહતુલ મજાલિસ–૩૦૬)

–કાર્યાલય

# ઈસ્લામમાં સૂર્યગ્રહણની હકીકત

-કાર્યાલય

આ વીજળીક ગતિ જમાનામાં વૈજ્ઞાનિક શોધોએ જે પ્રગતિ હાંસલ કરી છે એનાથી દુનિયાવાળાઓને ભૌતિક લાભો તો હાંસલ થાય છે પણ એમાંથી મોટા ભાગના રૂહાનિયતથી એકદમ મેહરૂમ થઈ ચૂક્યા છે. દષ્ટિકોણના એતબારથી પોતાને બુદ્ધિશાળી કહેવડાવનારા ભાઈઓ ઘણા મસાઈલમાં ઈસ્લામી દષ્ટિકોણને બદલે સાઈન્સી દષ્ટિકોણનું સમર્થન તથા તરફદારી કરીને પોતાના ઈલ્મ તથા જાણકારીનું અસ્થાને પ્રદર્શન કરે છે. જો કે એ પુરવાર થયેલ હકીકત છે કે ઈસ્લામી દષ્ટિકોણો (માન્યતાઓ) દરેક જમાનામાં ખરેખર હકીકત પર આધારિત હોય છે. એમાં તબદીલી નથી થતી. આ પ્રકારના સમર્થન તથા તરફદારીનું મૂળ કારણ એ છે કે વૈજ્ઞાનિક શોધો અને વૈજ્ઞાનિક દષ્ટિકોણ એ બંનેને એક ખાનામાં રાખવું છે, જ્યારે એક બાબત જાહેર છે જ્યારે બીજી છુપી છે. જાહેરી તથા અનુભવેલી બાબતમાં વિ□સ ન કરવો એ તો અર્થહિન છે પરંતુ શોધાયેલ પ્રયોગોની જેમ સિદ્ધાંતિક ગુપ્ત બાબતોમાં પણ વિજ્ઞાનનું દરેક રીતે અનુસરણ સમજદારી સાથે મેળ નથી ખાતુ, ખાસ કરીને ત્યારે કે જ્યારે એ સિદ્ધાંત ઈસ્લામી દષ્ટિકોણથી વિપરીત હોય.

પૃથ્વીના ભ્રમણનો સિદ્ધાંત પણ વિજ્ઞાનનો એવો બેહૂદા તથા ગલત તેમજ અવાસ્તવિક સિદ્ધાંત છે જેના પર ખૂદ વિજ્ઞાનિકોને જ સંતોષ નથી ! કેટલાય વૈજ્ઞાનિકો છે જેમણે પૃથ્વીના ભ્રમણના પૂરાણા સિદ્ધાંતથી ફરી જઈને જમીનની સ્થિરતાનો સિદ્ધાંત રજૂ કર્યો છે. પરંતુ એ આશ્ચર્ય તથા હેરતની વાત છે કે કેટલાય ઈસ્લામના દાવેદારો ન્યૂટનના પૃથ્વીની ગતિ વિશેના સિદ્ધાંતના હજી સુધી સમર્થક છે, જ્યારે કે જરૂરત હતી કે ઈસ્લામી દષ્ટિકોણ પર રચનાત્મક રીતે ચિંતન તથા ખોજ કરીને તેની હકીકતોને સ્પષ્ટ કરવામાં આવતી. એના અનુસંધાનમાં કેટલાય બુદ્ધિશાળી કહેવાતા જ્ઞાનીઓ સાથે આ લખનારને ચર્ચાઓ પણ થઈ. અમુકે તો ન્યૂટનની માન્યતાથી ફરી જઈને ઈસ્લામી દષ્ટિકોણને સમર્થન કર્યુ પરંતું કેટલાક પોતાની જીદ પર અડેલા રહ્યા. એના અનુસંધાન મારા એક મિત્ર જનાબ માસ્ટર શકીલ અન્વરે લેખિત રૂપે એક મહત્વની શંકાનો હલ પૂછયો. તેમણે લખ્યું કે જો પૃથ્વીની ગતિના સિદ્ધાંતના બારામાં જો ઈસ્લામી સિદ્ધાંત સહીહ છે અને વૈજ્ઞાનિક સિદ્ધાંત ગલત છે તો પછી મહીનાઓ બલ્કે વર્ષો પહેલાંથી વૈજ્ઞાનિકો સૂર્ય તથા ચંદ્ર ગ્રહણને નિશ્ચિત કેવી રીતે કરી દે છે ? અને અનુભવ છે કે નિશ્ચિત સમયે ચંદ્ર કે સૂર્ય સૂર્યગ્રહણ થાય છે. જેનાથી વૈજ્ઞાનિક સિદ્ધાંત ખરો હોવાનું જાહેરી રીતે સમર્થન મળે છે. એમનો પ્રશ્ન નિખાલસતાપૂર્ણ હતો અને તેઓ ઈસ્લામી દષ્ટિકોણ અને વર્તમાનકાળના તકાઝાઓના આઈનામાં આ શંકાનો ઉકેલ શોધવા ચાહતા હતા. સમયની તંગીના હિસાબે મેં તેમને સંક્ષિપ્ત જવાબ લખી મોકલ્યો અને એટલાથી સંતોષ ન થાય તો વિગતે જવાબ લખવાનો વાયદો કર્યો. વાંચકોના લાભ કાજે તેમને મોકલેલ જવાબ અહીં રજૂ કરવામાં આવે છે. શક્ય છે કે ઘણા દિમાગોમાં આ પ્રશ્ન ચકરાવો લઈ રહ્યો હોય અને મારા જવાબથી તેમને તસલ્લી તથા સંતોષ થઈ જાય.

"મને ખુશી છે કે વૈજ્ઞાનિક સિદ્ધાંતને તમે ઈસ્લામિક દષ્ટિકોણમાં જાણવાની કોશિશ કરી, નહીં તો આજ કાલ તો નવી રોશનીમાં મુસલમાન હોવાના દાવેદારો પણ સાયન્સની કહી દીધેલ દરેક વાત

પાછળ એવી રીતે ભાગે છે કે તેમને ઈસ્લામી દષ્ટિકોણ માલૂમ કરવાની ફુરસદ જ નથી ! અને ન તો તેઓ ઈસ્લામ દષ્ટિકોણને સાચા દિલથી કબૂલ કરવાની પોઝિશનમાં હોય છે. જ્યારે કે એ હકીકત છે કે સાયન્સ એન્ડ ટેક્નોલોજીના આ દૌરમાં પણ તેહકીકને અંતે ઈસ્લામી દષ્ટિકોણની સત્યતા પુરવાર થાય છે.

ચંદ્ર તથા સૂર્યને ગતિશીલ માનવામાં આવે અને પૃથ્વીને સ્થિર, અથવા પૃથ્વીને તથા તેની આસપાસ ચંદ્રને ગતિશીલ માનવામાં આવે અને સૂર્યને સ્થિર, અથવા આકાશ અને ચંદ્રને ગતિશીલ માનવામાં આવે અને પૃથ્વીને સ્થિર. આ તમામ સંજોગોમાં ચંદ્ર ગ્રહણ તથા સૂર્યગ્રહણનો નિશ્ચિત સમય એના આવતાં પહેલાં કહી શકાય છે, અને કહેવામાં આવે છે. ઈસ્લામી દષ્ટિકોણવાળા, ખગોળશાસ્ત્રી અને વૈજ્ઞાનિકો સર્વે સમયથી પહેલાં પોતપોતાની હિસાબના આધારે ગ્રહણના સમયને નિશ્ચિત કરી આપે છે. હિસાબી એતબારથી સમયને નિશ્ચિત કરવામાં સાયન્સ અને ઈસ્લામ તથા ખગોળશાસ્ત્રીઓના વચ્ચે કોઈ ફરક નથી થતો, કેવળ એને કાઢવાની પદ્ધતિમાં ફરક હોય છે. હવે વિગત સાંભળો : ઈસ્લામ અને ખગોળશાસ્ત્રીઓની દષ્ટિએ જેવી રીતે ચંદ્ર તથા સૂરજનું અસ્તિત્વ છે તેવી રીતે આકાશનું અસ્તિત્વ છે, પણ વૈજ્ઞાનિકો એવું કહે છે કે ચંદ્ર તથા સૂરજનું અસ્તિત્વ છે આકાશનું અસ્તિત્વ નથી. આપણે જેને જોઈએ તથા આકાશ સમજીએ છીએ તે અસલમાં નજરનો છેડો છે જે આસ્માની રંગમાં મેહસૂસ થાય છે. ચંદ્ર તથા સૂરજ અને જમીન તથા આકાશના ગીતશીલ હોવા ન હોવા બાબતે ત્રણ સિદ્ધાંતો છે :–

**(૧) વૈજ્ઞાનિક સિદ્ધાંત** : વૈજ્ઞાનિકો કહે છે કે સૂર્ય સ્થિર છે અને તેની આસપાસ લંબગોળ ધરી પર પૃથ્વી તેની પરિક્રમા કરે છે અને પૃથ્વીની આસપાસ ચંદ્ર પરિક્રમા કરે છે.

**(૨) ફિલોસોફિકલ સિદ્ધાંત** : ખગોળ શાસ્ત્રીઓ પૃથ્વીને સ્થિર માને છે અને આકાશને ગતિશીલ અને આકાશના અવકાશમાં ચંદ્ર તથા સૂર્યના અસ્તિત્વને માને છે. અને આસમાનના ગતિ કરવાના લીધે આ તારાઓને જમીનની આસપાસ ચક્ર કાપનારા માને છે.

**(૩) ઈસ્લામી દષ્ટિકોણ** : ઈસ્લામી મસ્અલો એ છે કે ન પૃથ્વી ગતિમય છે ન આકાશ, બલ્કે બંને સ્થિર છે, અલ્બત્ત આસ્માનની નીચે તેના અવકાશમાં ચંદ્ર તથા સૂર્ય ભ્રમણ કરે છે. અલ્લાહ عزوجل નો ઈર્શાદ છે :–

اِنَّ اللــه يُـمسِكُ السـمٰـوٰتِ والارض ان تَـزوُلَاه ولَئن زالتاان امسكهما من احدمن بعده انه كان حليماً غفوراًه۔

**“બેશક ! અલ્લાહે આકાશ તથા જમીનને રોકી રાખેલ છે કે હલનચલન ન કરે. અને જો હટી જાય તો તેને કોણ રોકે અલ્લાહના સિવાય. બેશક ! તે સંયમ (હિલમ)વાળો અને બખ્શનાર છે.”** હટી જવાથી મતલબ સરકવું, હલનચલન કરવું છે. ચાહે તે હલન ચલન સીધી ગતિમાં હોય કે વર્તુળમય ગતિ. તદન ગતિનો ઈન્કાર જ મુરાદ છે. **જેથી જમીન તથા આકાશ બંનેનું હલનચલન ગલત સાબિત થયું.** આયતે કરીમાનો આ જ અર્થ સહાબાએ કિરામ, તાબઈને એઝામ, મુફસ્સિરીને કિરામએ લીધો. સહાબામાં ફકીહ સૈયેદના અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ رضی اللہ عنہما ને જણાવવામાં આવ્યું કે હઝરત કઅબનું કહેવું છે કે આસ્માન ઘંટીના પડની જેમ એક ધરી પર ઘુમી રહ્યું છે અને તે ધરી એક ફરિશ્તાના ખભા પર છે. આપે ફર્માવ્યું, કઅબ ગલત કહે છે, **અલ્લાહ તઆલા ફર્માવે છે કે એણે આસ્માન તથા જમીનને હલનચલનથી રોકી રાખેલ છે.**

પૃથ્વીની ગતિ બાબતે વૈજ્ઞાનિકોની દલીલોની સચોટ ઉઘાડી રદ જોવી હોય તો મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہٗ ની કિતાબ *''ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન''*નો અભ્યાસ કરો. ચંદ્ર તથા સૂર્ય ગતિમાં છે. કુર્આને કરીમમાં છે :–

**كُلٌّ فِى فَلَكٍ يَسْبَحُوْنَ۔**''દરેક (ચંદ્ર તથા સૂરજ) એક ઘેરાવમાં તરી રહેલ છે.'' જેનાથી સાબિત થયું કે ચંદ્ર તથા સૂર્ય ભ્રમણશીલ છે ન કે જમીન, જેમ કે વૈજ્ઞાનિકો કહે છે. અને આસ્માન નહીં જેમ કે પૂરાણા ખગોળ શાસ્ત્રીઓ કહે છે. એ વર્ણન કરવામાં આવી ચૂક્યું અને તમે પણ જોયું કે પ્રશ્નાવલિમાં વૈજ્ઞાનિકોની પૃથ્વીના ગતિશીલ હોવાની માન્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ સૂર્ય સ્થિર છે અને તેની આસપાસ લંબગોળ ધરી પર પૃથ્વી ચક્કર લગાડે છે અને પૃથ્વીની આસપાસ ચંદ્ર તેની પરિક્રમા કરે છે.

જ્યારે ઈસ્લામની દૃષ્ટિએ પૃથ્વી સ્થિર છે અને સૂર્ય તેમજ ચંદ્ર તેનો તવાફ (પરિક્રમા) કરે છે. પંરતુ સૂર્યની આસપાસ જમીનની પરિભ્રમણની ગતિ વૈજ્ઞાનિકો એ જ માને છે જે અહલે ઈસ્લામની દૃષ્ટિએ પૃથ્વીની આસપાસ સૂર્યની ચક્ર કાપવાની ગતિ છે. જેવી રીતે વૈજ્ઞાનિકો નજીક પૃથ્વી એક વરસ (સૂરજમય)માં સૂર્યની પરિક્રમા કરી લે છે એ જ રીતે અહલે ઈસ્લામ દૃષ્ટિએ સૂરજ એક વરસમાં પૃથ્વીની પરિક્રમા કરી લે છે અને બંનેની દૃષ્ટિએ એકમતથી ચંદ્ર એક મહીનામાં પૃથ્વીની પરિક્રમા કરી લે છે. ચંદ્ર તથા સૂર્યની પરિક્રમાની જે ગતિ ઈસ્લામે નિશ્ચિત કરી છે તે જ ગતિ જમીન અને ચંદ્રની પરિક્રમાની વૈજ્ઞાનિકોએ નક્કી કરી છે ખગોળશાસ્ત્રીઓ પણ ચંદ્ર તથા સૂર્યની એ જ ગતિ દર્શાવે છે. ખગોળશાસ્ત્રીઓ રાશી ચક્ર માને છે એટલે તે માર્ગ જેના પર ચંદ્ર તથા સૂર્ય તથા અન્ય તારાઓ જમીનની આસપાસ પરિક્રમા કરતા જોવા મળે છે એને ''સૂર્ય માર્ગ'' પણ કહે છે, આ રેખા વિષુવવૃત્તથી ૨૩.૨૭ અંશ ઉત્તર તરફ અને ૨૩.૨૭ અંશ દક્ષિણ તરફ આવેલ છે એટલે સૂર્ય માર્ગ તે વર્તુળ છે જે સૂર્ય ગતિ કરતો રહી ૨૩.૨૭ અંશની અંદર બનાવે છે રાશી ચક્રના બારામાં ૧૨ ભાગો કરવામાં આવ્યા છે તેમાંથી દરેકને બુર્જ (રાશી) કહેવામાં આવે છે. દરેક રાશીના ત્રીસ દરજા હોય છે એ રીતે બાર રાશીઓના ૩૬૦ દરજ્જા થાય છે. સૂર્ય એક દિવસમાં રાશી ચક્રનો લગભગ એક દરજો કવર કરે છે અને વરસ ભરમાં તે બાર રાશીઓનો એક ફેરો સંપૂર્ણ કરી લે છે. અને વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે જમીન વરસભરમાં આ બાર રાશીઓનો ફેરો પૂરો કરે છે.

## ★ ઈસ્લામી દૃષ્ટિકોણથી ગ્રહણ ★

જ્યારે સૂર્ય પોતાની ધરી પર પરિક્રમા કરતાં કરતાં અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ચક્રાવો લગાડતાં લગાડતાં એ સ્થિતિમાં આવે કે ચંદ્ર અને સૂર્યની વચ્ચે પૃથ્વી આડી થઈ જાય તો ''ચંદ્ર ગ્રહણ'' થઈ જાય છે અને જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આડો આવે ત્યારે ''સૂર્ય ગ્રહણ'' થઈ જાય છે ખગોળવિદ્યાની પ્રખ્યાત કિતાબ તસ્રીહમાં છે.


**اذا اجتمع القمر بالشمس عند الراس اوالذنب حال القمر بيننا و بين الشمس فستر القمر اياهاكلاً اوبعضاً وهو الكسوف واذا استقبل القمر الشمس كذالك حالت الارض بينهما و وقع كل القمر اوبعضة مخروط ظل الارض وهو الخسوف۔**

*(પેજ–૫૪)*


## ★ વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગ્રહણ ★

જ્યારે જમીન સૂર્યની આસપાસ પરિક્રમા કરતી કરતી અને ચંદ્ર પૃથ્વીની આસપાસ પરિક્રમા કરતાં કરતાં એ સ્થિતિમાં આવી જાય કે ચંદ્ર અને

સૂર્યની વચ્ચે જમીન આવી જાય તો "ચંદ્ર ગ્રહણ" થઈ જાય છે. અને જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આડે આવી જાય ત્યારે "સૂર્યગ્રહણ" થઈ જાય છે. નીચે સ્પષ્ટતા ખાતર બે આકૃતિઓ આપવામાં આવે છે : નં. ૧ માં ઈસ્લામના અને ખગોળવિદ્યાના દૃષ્ટિકોણની આકૃતિ છે અને નં. ૨ માં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણની આકૃતિ છે.




જ્યારે ચંદ્ર અને સૂર્ય પરિક્રમા કરતાં કરતાં ૧-૨-૩ ની સ્થિતિમાં આવી જાય એટલે પૃથ્વી, ચંદ્ર અને સૂર્ય એક જ સીધી લાઈનમાં હોય અને ચંદ્ર વચ્ચે હોય તો **"સૂર્યગ્રહણ"** થઈ જાય છે અને જો ચંદ્ર તથા સૂર્યની ગતિથી એ સ્થિતિ ઊભી થાય કે વચ્ચે જમીન આડી આવે ત્યારે **"ચંદ્રગ્રહણ"** થઈ જાય છે.




આકૃતિ ૨ માં **૧** : પૃથ્વી છે, મોટુ વર્તુળ પૃથ્વીનો પરિક્રમા માર્ગ છે. **૨** : ચંદ્ર છે બીજુ વર્તુળ ચંદ્રનો પરિક્રમા માર્ગ છે. **૩** : સૂર્ય છે. એ નાનુ વર્તુળ સૂર્ય છે જે સ્થિર છે. અહીં પણ પૃથ્વી અને ચંદ્રના ચક્કરથી જ્યારે એ સ્થિતિ ઊભી થાય કે ચંદ્ર અને સૂર્યની વચ્ચે પૃથ્વી આડી આવે તો **"ચંદ્ર ગ્રહણ"** થશે અને જો પૃથ્વી અને સૂર્યની વચ્ચે ખૂદ ચંદ્ર આડો આવી જાય તો **સૂર્ય ગ્રહણ** થઈ જાય છે.

પ્રથમ સ્થિતિમાં સૂર્ય અને ચંદ્રની ગતિ નિશ્ચિત છે કે સૂર્ય એક વરસમાં (સૂર્યથી ગણેલ વર્ષ) પૃથ્વીની પરિક્રમા પૂર્ણ કરે છે અને ચંદ્ર એક મહીનામાં (કમરી) જમીનની પરિક્રમા પૂર્ણ કરે છે. આ સંજોગોમાં ક્યારેક ચંદ્ર અને સૂર્ય વચ્ચે પૃથ્વી આડી થઈ જાય છે અને ક્યારેક પૃથ્વી અને સૂર્ય વચ્ચે ચંદ્ર આડો આવી જાય છે. બીજી સ્થિતિમાં પૃથ્વી અને ચંદ્રની ગતિ નિશ્ચિત છે. પૃથ્વી એક (શમ્સી) વરસમાં સૂર્યની પરિક્રમા કરે છે અને ચંદ્ર એક (કમરી)મહીનામાં પૃથ્વીનો તવાફ કરે છે. એ રીતે અહીં પણ ક્યારેક ચંદ્ર અને સૂર્ય વચ્ચે પૃથ્વી આવી જાય છે તો ક્યારેક પૃથ્વી અને સૂર્ય વચ્ચે ચંદ્ર આડો આવી જાય છે. રહી હિસાબની વાત તો એ ઈસ્લામ તથા વિજ્ઞાન બંનેની દૃષ્ટિમાં સમાન છે, અલ્બત્ત તેને કાઢવાના તરીકા ભિન્ન ભિન્ન છે એટલા માટે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના હિસાબ કાઢવામાં ઈસ્લામી દૃષ્ટિકોણ અને ખગોળશાસ્ત્રીઓ તથા વૈજ્ઞાનિકો વચ્ચે કોઈ ફરક પડતો નથી, ભલે ને તરીકા અલગ અલગ છે. પૃથ્વીને કેન્દ્ર માનીને એની આસપાસ ચંદ્ર તથા સૂર્યનું પરિભ્રમણ માનો અથવા સૂર્યને કેન્દ્રમાં ગણીને એની આસપાસ પૃથ્વી તથા ચંદ્રનું પરિભ્રમણ માનો પણ ગણત્રીની રૂએ બંનેમાં સમાનતા રહેશે અને સર્વને માન્ય છે કે જ્યારે ગણત્રી ક્રમસર પધ્ધતિસર હોય અને એમાં બીજી કોઈ એવી ચીજ ન હોય જે ગોઠવણ (પદ્ધતિ) વિરૂધ્ધ હોય તો સમયથી પહેલાં વરસો અગાઉથી ગણત્રી કરીને સચોટ પરિણામ તારવી શકાય છે. એટલા માટે ગ્રહણ થવાના વરસો પહેલાં ગણત્રી થકી માલૂમ કરી લેવામાં આવે છે કે ફલાણી સન, ફલાણા મહીના, ફલાણી તારીખ અને ફલાણા સમયે ગ્રહણ થશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

*(-મૌલાના આલે મુસ્તફા મિસ્બાહી, જામે નૂર, દિલ્હી, જાન્યુ-૦૪)*

# શું તમે જાણો છો ?

અઝ : જનાબ મુહમ્મદ ઈમરાન-વોરાસમની
(મુતઅલ્લિમ : અલ્જામેઅતુલ અશરફિયા, મુબારકપુર)

- સૌ પ્રથમ ઈદુલ ફિત્ર (રમઝાન ઈદ)ની નમાઝ પહેલી શવ્વાલ હિ.સ. ૨ માં મદીના મુનવ્વરામાં અદા કરવામાં આવી.
- સૌથી પહેલાં ખુત્બો પૈગંબરે ઈસ્લામ ﷺ એ મક્કા શરીફમાં ૩ નબવી સનમાં સફા પહાડી પર આપ્યો.
- સૌથી પહેલાં ઈસ્લામ સ્વીકારવાવાળી સ્ત્રી હઝરત ખદીજા رضی اللہ عنہا છે.
- સૌથી પહેલાં ઈસ્લામ સ્વીકારવાવાળા બાળકનું નામ હઝરત અલી رضی اللہ عنہ છે.
- સૌથી પહેલાં જે મદ્રસો કુર્આન શરીફની તા'લીમ માટે તૈયાર કરવામાં આવ્યો તે મસ્જિદે નબવી છે.
- સૌથી પહેલાં જે માણસે ઈસ્લામના ઝંડાને બુલંદ કર્યો તે હઝરત બુરીદહ અસ્લમી رضی اللہ عنہ છે.
- સૌથી પહેલાં જેહાદ માટે ઈસ્લામી ઝંડો (ધ્વજ) પૈગંબરે ઈસ્લામ ﷺ એ તૈયાર કર્યો.
- સૌથી પહેલાં જંગ જે ઈસ્લામ માટે લડવામાં આવી તે ગઝવએ બદર રમઝાન હિ.સ. ૨ માં થઈ હતી.
- સૌથી પહેલાં જે મુસલમાનને ગઝવએ બદરમાં શહાદત મળી તે હઝરત ઉબૈદ બિન હારિષ رضی اللہ عنہ છે.
- સૌથી પહેલાં જે દુશ્મન ગઝવએ બદરમાં માર્યો ગયો તે ઉત્બા બિન રબીઆ છે.
- સૌથી પહેલાં હદીષોને સંગ્રહ કરવાનું કામ હઝરત અમ્માદ બિન શહાબ ઝહરી رضی اللہ عنہ એ કર્યું છે.
- સૌથી પહેલાં હદીષોને લખાણના રૂપમાં તરતીબ આપી તે ઈમામ ઝહરી رضی اللہ عنہ છે.
- એક સહાબી જેમનું નામ કુર્આન શરીફમાં આવ્યું તે હઝરત ઝૈદ બિન હારિષ رضی اللہ عنہ છે.
- સૌથી પહેલાં જે સહાબીએ ઈસ્લામ સ્વીકારવાનું લોકોને (આમ) એલાન કર્યું તે હઝરત ઈબ્ને હારિષ તમીમી છે.
- અઝાનની શરૂઆત હિ.સ. ૨ માં થઈ.
- ખાનએ કા'બામાં પહેલી અઝાન હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہ એ ફતહ થવાના મોકા પર આપી હતી.
- નબુવ્વતનો જૂઠો દાવો કરવાવાળો જેણે રસૂલુલ્લાહ ﷺ ના મુકાબલામાં ખૂદ પોતાની નબુવ્વતનો દાવો કર્યો તે મુસૈલમા કઝઝાબ છે.
- હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ જેમણે મક્કા ફતહ થવાના મોકા પર ઈસ્લામ કબૂલ કર્યો તે પહેલાં ઈસ્લામના ઘણા સખ્ત દુશ્મન હતા.
- પહેલા શખ્સ જેમણે પુરજોશ અંદાઝમાં ખુલ્લે આમ ઈસ્લામ સ્વીકાર્યો તે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ છે. જે ઈસ્લામ સ્વીકાર્યા પછી રસૂલે ખુદા ﷺ ના ખલીફા બન્યા.
- સૌ પ્રથમ ખાનએ કા'બામાં ખુલ્લે આમ નમાઝ પઢવામાં આવી જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈસ્લામ સ્વીકાર્યો.
- સૌ પ્રથમ રસૂલુલ્લાહ ﷺ એ પોતાના સહાબી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને સૈફુલ્લાહ (અલ્લાહની તલવાર)ના શાનદાર

લકબથી જંગે મૌતા પછી હિ.સ. ૮ (આઠ)માં નવાઝયા.

- સૌ પ્રથમ એ જંગ જે સરઝમીને અરબથી બહાર લડવામાં આવી તે ગઝવએ મૌતા જમાદીઉલ અવ્વલ. હિ.સ. ૮ (આઠ)માં હતી.
- સૌ પ્રથમ ઈસ્લામમાં હજ્જ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની સરદારીમાં હિ.સ. નવ (૯)માં અદા કરવામાં આવી હતી.
- સૌ પ્રથમ મુસ્લિમ નૌજવાન જેણે આગળ વધીને રસૂલુલ્લાહ ﷺ થી ખૂદ પોતાના બાપથી લડવાની પરવાનગી માંગી તે હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ છે. જ્યારે ઉત્બાએ મુસલમાનોને એક એકની સાથે લડવાનું ચેલેંજ કર્યું ત્યારે ગઝવએ બદરમાં મક્કાની ફોજના મેજર પોતાના બાપ ઉત્બાથી લડવા માટે રસૂલુલ્લાહ ﷺ થી પરવાનગી માંગી પરંતુ રસૂલુલ્લાહ ﷺ એ પરવાનગી ન આપી.
- સૌ પ્રથમ ઈસ્લામ માટે તલવાર હઝરત ઝુબૈર બિન અવામ رضی اللہ عنہ એ મ્યાનમાંથી બહાર કાઢી.
- સૌ પ્રથમ જે દુશ્મન રસૂલુલ્લાહ ﷺ ના હાથે જંગે ઓહદમાં જખ્મી થયો તે હારિષ બિન અસ્મા છે.
- સૌ પ્રથમ સહાબી જેણે ગઝવએ બદરમાં દુશ્મનના ચેલેંજને સ્વીકારીને એક એક સાથે મુકાબલો કરવા માટે પહોંચ્યા તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ.
- સૌ પ્રથમ ઈસ્લામ માટે હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ એ કાફિરોથી એક ઝપટના દરમ્યાન તીર ચલાવ્યું પણ દુશ્મન બચી ગયો.
- સૌ પ્રથમ જુમ્આની નમાઝ રસૂલુલ્લાહ ﷺ એ ૧૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧ માં મદીનામાં સાલિમના ઈલાકામાં પઢાવી.

*(પેજ નં. ૩૯ નું ચાલુ.....)*

એનું ઈમાન જ નથી, હવે એની ઈબાદત શું કામની ?! પછી ઈબ્લીસ આગળ વધ્યો. થોડીવારમાં સૂરજ નીકળવાનો જ હતો કે આલિમ સાહબ ઉતાવળથી નમાઝના માટે બહાર નીકળ્યા. ઈબ્લીસ સામે આવ્યો અને બોલ્યો, અસ્સલામુ અલૈકુમ !

**આલિમ** : વઅલૈકુમુસ્સલામ.

**ઈબ્લીસ** : મારે એક મસ્અલો પૂછવો છે !

**આલિમ** : જલ્દી પૂછો ! નમાઝનો સમય થોડો જ બાકી છે.

**ઈબ્લીસ** : હુઝૂર ! શું અલ્લાહ તઆલા એ વાતની તાકાત ધરાવે છે કે આસમાન તથા જમીનને આ નાનકડી શીશીમાં ભેગાં કરી દે ?!

**આલિમ** : મલઊન ! તું ઈબ્લીસ છે ! અરે મરદૂદ ! આ શીશી તો ઘણી જ મોટી છે ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત એવો શક્તિશાળી છે કે જો ઈચ્છે તો કરોડો આસમાનો તથા જમીનોને એક સોયના નાકાની અંદર પસાર કરી દે. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું છે : اِنَّ اللّٰہَ عَلٰی کُلِّ شَیۡءٍ قَدِیۡرٌ એટલે **"બેશક ! અલ્લાહ બધું જ કરી શકે છે."**

આલિમ સાહબ ગયા પછી ઈબ્લીસે પોતાના શૈતાન ચેલાઓથી કહ્યું, જોયું તમે લોકોએ ! આ ઈલ્મની જ બરકત છે કે આ આલિમ મારી હાથકડીઓથી બિલકુલ બચીને નીકળી ગયો. *(આમ્મ કુતૂબ)*

**ફાયદા** : જે ઈલ્મના લીધે માણસને ઈસ્લામી અકીદાઓ અને હલાલ તથા હરામની વાતોની આગાહી થાય છે એને દીનનું ઈલ્મ કહે છે. ઈલ્મે દીનને પ્રાપ્ત કરવું દરેક મુસલમાન પર ફર્ઝ છે, કેમ કે માત્ર આ ઈલ્મના લીધે ઈબ્લીસના ધોકાથી બચી શકાય છે. એના સિવાય જેટલા ઈલ્મો છે જેમ કે ખેતિનો ઈલ્મ, વ્યાપારનું ઈલ્મ, વકીલાતનું ઈલ્મ, ડોક્ટરીનું ઈલ્મ વગેરે... તો તે માત્ર રોટલી કમાવવાના માટે છે.

# મુસલમાનોના બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ ની ઈન્સાફ પસંદી

અઝ : જનાબ મૌલાના સૈયદઅલી મિસ્બાહી વાગરાવાળા (ઉસ્તાદ દારુલ ઉલૂમ બુખારિયા–ચાંચવેલ)

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ઘણા બહાદુર, હક્કપસંદ અને ઉચ્ચ કોટીના ઈન્સાફ પસંદ હતા. તેમજ ઘણુ સાદુ જીવન પસાર કરતા હતા. ખિલાફતના કામોમાં તેમની સચ્ચાઈ, ઈમાનદારી અને ઈન્સાફપસંદી ઘણી જ પ્રખ્યાત છે. એમના ખિલાફતના સમયમાં ઈસ્લામ અને મુસલમાનોને ઘણી મોટી સફળતાઓ મળી. એમના ખિલાફતના સમયમાં છત્રીસ હજાર શહેર અને કિલ્લાઓ ફતહ થયા. બસરા, કૂફા તથા અન્ય આવાં કેટલાયે શહેરો આબાદ થયાં.

તે ઘણા સાફ બોલવાવાળા, દીનદાર મુસલમાન હતા.

એકવાર તેમણે મિમ્બર પર તકરીર કરતી વખતે કહ્યું કે, "હે લોકો ! જો હું દીન છોડીને દુનિયા તરફ ઝુકી જાઉં તો તમે શું કરશો ?!"

ટોળામાંથી એક માણસ ઊભો થયો અને તલવાર મ્યાનમાંથી કાઢીને કહ્યું, "જો તમે દીનથી ફરી જાવ તો અમે માથુ ઉડાવી દઈ શું !"

હઝરત ઉમર رضی اللہ عنہ એ માણસની સાફ બોલી અને હક્કપરસ્તી પર ઘણા ખુશ થયા અને આપે ફર્માવ્યું, "ખુદાનો શુક્ર છે કે મુસલમાનોમાં આવા હિમ્મતવાળા માણસો છે કે જો હું આડા માર્ગે ચાલું તો એ મને સીધો કરી આપશે. હઝરત ઉમર ફારૂક પોતે પણ સાફ બોલવાવાળા અને દિલેર હતા. એમના ખિલાફતના સમયમાં આમ માણસો પણ સાફ બોલનાર અને બહાદુર હતા.

એકવાર મિમ્બર પર ખુત્બો આપવા માટે ઊભા થયા અને એમણે કહ્યું, હે લોકો ! સાંભળો !

એક માણસ તરત ઊભો થઈને બોલી પડયો ! અમે તમારી કોઈ પણ વાત નહીં સાંભળીએ ! કેમ કે અમને તમારા અદલો ઈન્સાફ વિશે શંકા થઈ ગઈ છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, "તમે તમારી શંકા બતાવો !"

તે માણસે પૂછયું કે, "માલે ગનીમતમાં જે ચાદરો આવી હતી તે બધાને એક એક વહેંચવામાં આવી હતી, પરંતુ તમારા શરીર પર એક કુર્તો અને એક ચાદર છે અને આ કુર્તો તે ચાદરનો બનેલો જણાય છે. તમે અમને બતાવો કે આ વધારાનું કાપડ તમારી પાસે ક્યાંથી આવ્યું ? અને ભાગથી વધારે તમે શું કામ લીધું ?"

આ પ્રશ્નને સાંભળીને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના પુત્ર અબ્દુલ્લાહ ઊભા થયા અને તે માણસને સંતોષ આપતાં કહ્યું કે, "ખરેખર માલે ગનીમતની ચાદરોમાંથી બધાને એક એક જ મળી હતી. અમીરુલ મુ'મિનીનના ભાગમાં પણ એક ચાદર આવી છે, પણ મેં મારા ભાગની ચાદર પણ અમીરુલ મુ'મિનીનને આપી હતી તે ચાદરનો આ કુર્તો છે જેના વિશે તમને નાઈન્સાફીનો ખ્યાલ આવ્યો."

હઝરત ઉમર رضی اللہ عنہ એકવાર બીમાર પડયા, દવા માટે મધની જરૂરત પડી. તે સમયે મધ બૈતુલમાલમાં હતું. પરંતુ તેને વગર ઈજાઝતે વાપરી શક્તા ન હતા. તેના માટે એમણે મુસલમાનોના આમ મજમામાં ફર્માવ્યું, "જો તમારી અનુમતી હોય તો હું બૈતુલમાલથી થોડુ મધ લઈ લઉં." તો લોકોએ ખુશીથી અનુમતી આપી.

ભાઈઓ ! નસીહત પકડવાની વાત છે કે સમયના રાજાએ બૈતુલમાલથી મધ જેવી નાની વસ્તુ પણ તે સમય સુધી લેવી પસંદ ન કરી જ્યાં સુધી બધા મુસલમાનોની અનુમતી ન મેળવી લીધી. (વર્તમાન શાસકો આના પરથી કાંઈ બોધ લેશે !)

*–(તારીખે ઈસ્લામ)*

# બાળકોનો તર્બિયતી ગુલશન

-કાર્યાલય

## ઈલ્મની બરકત

શૈતાનોનો સરદાર ઈબ્લીસ છે. ઈબ્લીસ માનવોનો ખુલ્લો દુશ્મન છે. એ અને એના ચેલા માણસોને ગુમરાહ કરવાના માટે દરેક સમયે કમર કસીને તૈયાર રહે છે. દરરોજ અસરના પછી સાંજના સમયે ઈબ્લીસનો તખ્ત બિછાવાય છે એની આજુબાજુ તમામ શૈતાન જમા થઈને પોત પોતાનું કામ ઈબ્લીસના દરબારમાં રજૂ કરે છે.

એકવાર શૈતાન પોત પોતાનાં કારનામાંઓ સંભળાવવાના માટે ઈબ્લીસના દરબારમાં જમા હતા. એમનાથી એક શૈતાન બોલ્યો કે મેં આટલા લોકોને બહેકાવ્યા અને એમનાથી હરામ કામ કરાવ્યું. એવી રીતે બીજા શૈતાનો પણ પોત પોતાની બદ્‌માશી સંભળાવતા રહ્યા.

ઈબ્લીસે બધાની વાતો સાંભળી અને ચૂપ રહ્યો, કોઈને કોઈ શાબાશી ન આપી. પછી છેવટે એક શૈતાન બોલ્યો કે આજે મેં ફલાણા તાલિબે ઈલ્મને બહેકાવીને પઢવાથી અટકાવી દીધો.

આટલું સાંભળતાં જ ઈબ્લીસ ખુશીનો માર્યો તખ્ત પરથી ઉછળીને નીચે આવી ગયો અને એને પોતાના ગળે મિલાવ્યો અને બોલ્યો, અન્ત ! અન્ત ! એટલે વખાણવા લાયક કામ તેં કર્યું ! બીજા શૈતાન આ જોઈને બળીને ખાક થઈ ઉઠયા કે અમે લોકોએ આટલાં મોટાં કામો કર્યાં પરંતુ અમારા કોઈ વખાણ નહીં ! અને એણે એક તાલિબે ઈલ્મને પઢવાથી રોકી લીધો તો આ મામૂલી કામ પર એ શાબાશીના લાયક થઈ ગયો !

ઈબ્લીસે કહ્યું કે તમને અસલ વાત ખબર નથી, તમારા લોકોનાં બધાં કામ આ શૈતાનના કારણે પાર પડયાં છે. જો આ માણસને ઈલ્મથી અલગ ન રાખતો તો તમે લોકો માણસને કદી પણ ન બહેકાવી શક્તા. સારું, એવી જગા બતાવો જ્યાં મોટો આબિદ રહે છે પણ આલિમ નથી અને ત્યાં એક આલિમ પણ રહેતો હોય. શૈતાને એક જગ્યાનું નામ લીધું. ઈબ્લીસ સવાર સવારમાં સૂર્ય નીકળતા પહેલાં પોતાની સાથે તમામ શૈતાનોને લઈને એ જગ્યા પર પહોંચ્યો અને એક માણસની શકલ બનાવીને રસ્તા પર ઊભો થઈ ગયો. આબિદ સાહબ (આબિદ એટલે ઈબાદત કરનારો) તહજ્જુદની નમાઝના પછી ફજરની નમાઝ માટે મસ્જિદના તરફ જઈ રહ્યા હતા. ઈબ્લીસ રસ્તામાં ઊભો જ હતો તેને જોઈને બોલ્યો, અસ્સલામુ અલૈકુમ !

**આબિદ** : વઅલૈકુમુસ્સલામ !

**ઈબ્લીસ** : હઝરત ! મારે એક શરીઅતનો મસ્અલો પૂછવો છે !

**આબિદ** : જલ્દી પૂછો, મારે નમાઝ માટે જવું છે.

**ઈબ્લીસ** : (પોતાના ખિસ્સામાંથી એક નાની શીશી બહાર કાઢે છે એને બતાવીને પૂછે છે) હઝરત ! શું અલ્લાહ તઆલા એ વાતની તાકાત ધરાવે છે કે આ શીશીમાં આસમાન અને જમીનને દાખલ કરી દે ?!

**આબિદ** : (થોડીક વાર ચૂપ રહીને વિચારતો રહ્યો પછી બોલ્યો) ક્યાં જમીન તથા આસમાન અને ક્યાં આ નાની શીશી ?! ભલા એ કઈ રીતે શક્ય છે ?!

**ઈબ્લીસ** : બસ ! હઝરત ! મારે આટલું જ પૂછવું હતું, હવે આપ જાવ !

શૈતાનો ઊભા ઊભા આ તમાશો જોઈ રહ્યા હતા. ઈબ્લીસે એમનાથી કહ્યું, તમે શું જોયું ?! મેં એની બધી ઈબાદત ધૂળમાં મિલાવી દીધી ! આ આબિદ પોતાની બેઈલ્મીના કારણે અલ્લાહ તઆલાની તાકાતનો જ ઈન્કાર કરી બેઠો, ખુદાની તાકાત પર

*(વધુ પેજ નં. ૩૭ પર.........)*

# અઝવાજે મુતહ્હરાત

رضی اللہ تعالیٰ عنہن

અઝ : હઝરત મુફ્તી હારૂન રશીદ અમજદી કાદરી કંબોલ્વી (હાલ : લંડન, યુ.કે.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક બીવીઓનો લકબ ઉમ્મહાતુલ મુ'મિનીન છે. એટલે કે ઈમાનવાળાઓની માંઓ. કારણ કે કુર્આન મજીદથી એ વાત સાબિત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીવીઓ (પત્નીઓ) મર્તબામાં દુનિયાની આમ ઔરતોથી ઘણી જ અફઝલ છે. દુનિયાની બીજી ઔરતો એમના દરજા સુધી કદી પણ પહોંચી શક્તી નથી. એમનો સવાબ બીજી સ્ત્રીઓથી વધારે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તમામ બીવીઓ પાક અને બેગુનાહ હતી. એક વખત મુનાફિકોએ તેણીઓની ઉપર એક જૂઠો આક્ષેપ લગાડયો તો કુર્આન મજીદે તેણીઓનું બેગુનાહ હોવાનું એલાન ફર્માવ્યું અને જૂઠો આક્ષેપ લગાડવાવાળાઓને એંસી એંસી કોરડાઓની સજા આપવામાં આવી. તેણીઓ ઈલ્મ તથા ફઝલ, ઝોહદ તથા તકવા, હયા તથા પરહેઝગારી અને સખાવતમા અજોડ હતી. ઈસ્લામમાં ઘણી સહૂલતો એમની બરકતથી પ્રાપ્ત થઈ. એમાંથી એક તયમ્મુમ પણ છે જે હઝરત આઈશા رضی اللہ عنہا ની બરકતથી આપણને મળ્યું. અને ઔરતોના ઘણા એવા મસ્અલા છે જે તેણીઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછીને હલ ફર્માવ્યા.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની તમામ બીવીઓથી પ્યાર કરતા હતા અને દરેકના દિલને રાજી પણ રાખતા અને આપની બીવીઓ પણ આપને જાનથી વધુ પ્યાર રાખતી હતી અને એમની મહોબ્બતને પોતાનું ઈમાન સમજતી હતી. અને આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી નિકાહનો બદલો છે કે આપની બીવીઓને "ઉમ્મહાતુલ મુ'મિનીન" (ઈમાનવાળાઓની માંઓ)ના અઝીમ ખિતાબથી નવાઝવામાં આવી.

## અઝવાજે મુતહ્હરાત કુર્આને પાકની રોશનીમાં

ઉમ્મહાતુલ મુ'મિનીનની ફઝીલતમાં કુર્આન મજીદમાં ઘણી આયતો આવેલી છે. નીચે અમુક આયતો પેશ કરવામાં આવે છે.

### ★ આયત : ૧ ★

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ج

**તર્જુમો** : "અય નબીની બીબીઓ ! તમે બીજી સ્ત્રીઓ જેવી નથી. જો અલ્લાહથી ડરો તો વાતમાં એવી નરમાશ ન કરો કે દિલનો માંદો કંઈક લાલચ કરે. હા ! સારી વાત કહો." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૨)*

યા'ની તમારો મર્તબો બીજી ઔરતોથી ઘણો જ મોટો છે. અને તમારો બદલો સૌથી વધારે છે. દુનિયાની ઔરતોમાં તમારી કોઈ પણ બરાબરી કરી શક્તી નથી. આ આયતે કરીમામાં અદબની તા'લીમ છે કે અગર જરૂરતના કારણે કોઈ ગૈર મર્દથી પર્દા પાછળ વાત કરવાનો મોકો આપે તો પોતાની વાતમાં લચક ન પૈદા કરે. વાત ઘણી સાદગીથી કરે. એમની બારગાહમાં પરહેઝગારી મુનાસિબ છે. *-(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

### ★ આયત : ૨ ★

وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَاَقِمْنَ الصَّلٰوةَ وَاٰتِيْنَ الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ط اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا ج

**તર્જુમો :** "અને પોતાના ઘરોમાં રોકાયેલી રહો અને વગર પરદે રહો નહીં જેમ કે આગલી જહાલતની બેપર્દગી, અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો. અલ્લાહ તો એ જ ઈચ્છે છે અય નબીના ઘરાવાળાઓ ! કે તમારાથી પ્રત્યેક નાપાકી દૂર કરી નાખે અને તમને પાક કરીને ખૂબ સ્વચ્છ કરી આપે." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૩)*

આગલી જહાલતનો અર્થ ઈસ્લામ પહેલાંનો સમય છે કે તે સમયમાં સ્ત્રીઓ નખરાં કરતી કરતી નીકળતી હતી, પોતાના શણગાર અને ખૂબસૂરતીને જાહેર કરતી હતી કે તેને પર પુરૂષો જુએ, કપડાંઓ એવાં પહેરતી હતી કે જેનાથી શરીરનાં અંગો સારી રીતે ઢંકાય નહીં. અને પાછલી જહાલત એટલે આખરી જમાનો જેમાં લોકોનાં કામો પહેલાંની જેવાં થઈ જશે, એટલે કે ગુનાહોની નાપાકીથી તમે લબદાવો નહીં. આ આયતથી એહલે બૈતની ફઝીલત સાબિત થઈ અને એહલે બૈતમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીવીઓ ઉપરાંત હઝરત ખાતૂને જન્નત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا અને હઝત અલી મુર્તઝા, હઝરત હસન, હઝરત હુસૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ સામેલ છે. આયતો અને હદીષોને ભેગી કરવાથી એ જ પરિણામ તરી આવે છે અને હઝરત અબૂ મન્સૂર માતુરીદી رضی اللہ عنہ એ એવું જ કહ્યું છે.

આ આયતમાં રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના એહલે બૈતને નસીહત કરવામાં આવી છે જેથી તેઓ ગુનાહોથી બચે તેમ જ તકવા અને પરહેઝગારીના પાબંદ રહે. ગુનાહોને નાપાકી અને પરહેઝગારીને પાક તરીકે ઓળખાવવામાં આવ્યું. કારણ કે ગુનાહો આચરનાર તેનાથી એવો જ ખરડાઈ જાય છે જેવી રીતે કે શરીર નાપાકીથી. આવી રીતે વર્ણવવાનો હેતુ એ છે કે બુદ્ધિશાળી લોકોને ગુનાહોથી ધૃણા કરાવવામાં આવે અને તકવા તેમજ પરહેઝગારીનું આકર્ષણ અપાવવામાં આવે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, ભાગ-૨, પેજ-૯૬૨)*

**★ આયત : ૩ ★**

يٰنِسَآءَ النَّبِيِّ مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا ....الخ

**તર્જુમો :** "અય નબીની પત્નીઓ ! તમારામાં જે સ્પષ્ટ રીતે હયા વિરૂધ્ધની ચેષ્ટા કરે તેના પર બીજાઓ કરતાં બમણો અઝાબ થશે. અને એ અલ્લાહ માટે સહેલું છે." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૦)*

**★ આયત : ૪ ★**

وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا ....الخ

**તર્જુમો:** "અને તમારામાં આજ્ઞાંકિત રહે અલ્લાહ અને રસૂલની અને સારાં કામ કરે અમે તેને બીજાઓથી બમણો સવાબ આપીશું. અને અમે તેના માટે આબરૂ ભરી રોજી તૈયારી કરી રાખી છે." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૧)*

એટલે કે બીજાઓને એક નેકીનો સવાબ દસ ગણો આપીશું તો તમને વીસ ગણો કારણ કે તમામ જહાનની સ્ત્રીઓ પર તમને શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. અને તમારા અમલમાં પણ બે કારણો છે : એક તે ફર્માંબરદારી બીજું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ખુશ રાખવા તેમજ થોડા પર સબર કરી સદ્વર્તન વડે હુઝૂરને રાજી રાખવા. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, ભાગ-૨, પેજ-૯૬૧)*

જે વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીવીઓએ આપની પાસે દુનિયાના સરસામાનની માંગણી કરી અને આપના દિલને તકલીફ થઈ જેથી અલ્લાહે આપના દિલને તસલ્લી માટે નીચે મુજબ આયતો નાઝિલ ફર્માવી :-

**★ આયત : ૫ ★**

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ اِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا ....الخ

**તર્જુમો :** "અય ગૈબ કહેનાર ! (નબી) પોતાની પત્નીઓને કહી દો, જો તમે દુનિયાનું જીવન અને તેનો શણગાર ઈચ્છતી હોઉ તો આવો ! હું તમને માલ આપું અને સારી રીતે છોડી દઉં !" *(પારા-૨૧, સૂરએ અહઝાબ, આયત-૨૮)*

### ★ આયત : ૬ ★

وَاِنْ كُنْتُنَّ تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ .....الخ

**તર્જુમો :** "અને જો તમે અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતનું ઘર ઈચ્છતી હોઉ તો બેશક ! અલ્લાહે તમારી નેકીવાળીઓ માટે મહાન બદલો તૈયાર કરી રાખ્યો છે." *(પારા-૨૧, સૂરએ અહઝાબ, આયત-૨૯)*

આ આયતનો શાને નુઝૂલ એ છે કે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીબીઓએ આપની પાસે દુનિયાના સરસામાનની માંગણી કરી અને ખાધા ખોરાકીના ખર્ચમાં વધારો કરવાની ઈચ્છા દર્શાવી. પણ ત્યાં તો કમાલ દરજ્જાની દુનિયા તરફથી બેપરવાઈ સિવાય કશું હતું જ નહીં. દુનિયાનું ધન અને તેને ભેગું કરવું ગમતું જ ન હતું તેથી એ માંગણી આપના દિલને ગમી નહીં અને આ આયત ઉતરી અને બીબીઓને ઈખ્તિયાર આપવામાં આવ્યો. તે સમયે હુઝૂરની નવ બીબીઓ હતી. પાંચ કુરૈશ ખાનદાનની હતી તેમનાં નામો આ મુજબ છે : આઈશા બિન્તે અબૂબક્ર, હફસા બિન્તે ઉમર ફારૂક, ઉમ્મે હબીબા અબૂ સુફયાન, ઉમ્મે સલ્મા બિન્તે અબૂ ઉમૈયા, સૌદા બિન્તે ઝમ્આ. અને અરબના અન્ય કબીલાની ચાર બીબીઓ : ઝૈનબ બિન્તે જહશ અસદિયહ્, મૈમૂના બિન્તે હારિષ હિલાલીયહ્, સફિયહ બિન્તે હુય્ય અખ્તબ બૈબરિય્યહ્, જુવૈરિયહ્ બિન્તે હારિષ મુસ્તલ કિય્ય. (رضی اللہ تعالیٰ انھن)

સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સૌ પ્રથમ હઝરત આઈશા رضی اللہ عنہا ને આ આયત સંભળાવીને ઈખ્તિયાર આપ્યો અને કહ્યું કે (નિર્ણય કરવામાં) ઉતાવળ કરવાની જરૂર નથી, તમારાં માં બાપ સાથે સલાહ મશ્વેરો કરો પછી જે નિર્ણય થાય તે મુજબ કરજો. તેમણે કહ્યું, હુઝૂરની બાબતમાં (વળી) સલાહ મશ્વેરો કેવો ? હું તો અલ્લાહને અને તેના રસૂલને અને આખેરતને ઈચ્છું છું. બાકીની બીબીઓએ પણ આવા જ જવાબ આપ્યા.

### ★ આયત : ૭ ★

وَاذْكُرْنَ مَا يُتْلٰى فِىْ بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ ط اِنَّ اللّٰهَ كَانَ لَطِيْفًا خَبِيْرًا ع

**તર્જુમો :** "અને જે તમારા ઘરોમાં અલ્લાહની આયતો અને હિકમત પઢવામાં આવે છે તેને યાદ કરો. બેશક ! અલ્લાહ દરેક બારીકી જાણનાર ખબરદાર છે." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૪)*

### ★ આયત : ૮ ★

لَا يَحِلُّ لَكَ النِّسَآءُ .....الخ

**તર્જુમો :** "એમના પછી બીજી સ્ત્રીઓ તમને હલાલ નથી અને ન એ કે તેમના બદલે બીજી બીબીઓ બદલો, ભલે તમને તેમનું રૂપ મોહક લાગે. પણ લોંડી તમારા હાથની મિલ્કત (જાઈઝ) છે." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૫૨)*

એટલે કે આ નવ બીબીઓ પછી જેઓ (હાલ) આપના નિકાહમાં છે જેમને આપે (તેમની જાત બાબત) ઈખ્તિયાર આપ્યો ત્યારે તેમણે અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહને પસંદ કર્યા. કારણ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم માટે પત્નીઓની હદ નવ છે જેમ કે ઉમ્મત માટે ચાર. માટે એવું પણ કરશો નહીં કે એમને તલાક આપીને એમની જગ્યાએ બીજી સ્ત્રીઓ સાથે નિકાહ કરી લો. આવી ઈજ્જત એ બીબીઓની એટલા માટે છે કે જ્યારે હુઝૂર સૈયિદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને ઈખ્તિયાર આપ્યો હતો ત્યારે તેમણે અલ્લાહ અને રસૂલને ધારણ કર્યા હતા અને દુનિયાના આરામને ઠુકરાવી દીધો હતો. જેમ કે પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના પૂરતી જ મર્યાદા રાખી હતી. અને આખર સુધી એ બીબીઓ જ

હુઝૂરની સેવામાં રહી હતી. હઝરત આઈશા અને ઉમ્મે સલ્મહ رضی اللہ عنہا એ બયાન કર્યું છે કે છેલ્લે હુઝૂર માટે જેટલી સ્ત્રીઓ સાથે ઈચ્છે તેટલી સ્ત્રીઓ સાથે નિકાહ કરવાનું હલાલ કરી દેવામાં આવ્યું હતું એ અર્થ મુજબ આ આયત મન્સૂખ છે. અને એની નાસિખ "ઈન્ના અહલલના અઝવાજક..." વાળી આયત છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, ભાગ-૨, પેજ-૯૭૦)*

**★ આયત : ૯ ★**

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ ط

**તર્જુમો :** "અને જ્યારે તમે તેમની પાસે વાપરવાની કોઈ વસ્તુ માંગો ત્યારે પર્દાની બહારથી માંગો." *(પારા-૨૨, સૂરએ અહઝાબ, આયત-૫૩)*

મુસલમાન પોતાની સગી માંને જોઈ પણ શકે છે અને એકાંતમાં બેસીને વાત પણ કરી શકે છે. પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદ્દસ બીબીઓથી દરેક મુસલમાને પર્દો કરવો ફર્ઝ છે અને એકાંતમાં તેણીઓ સાથે બેસવું હરામ છે.

આવી જ રીતે પોતાની માં ના માં બાપ છોકરાંઓના નાના નાની અને માંના ભાઈ બહેનો, મામા માસી કહેવામાં આવે છે પરંતુ અઝવાજે મુતહ્હરાતના માં બાપ ઉમ્મતના નાના નાની અને તેણીઓના ભાઈ બહેનો મામા માસી કહેવામાં ન આવે. આ હુકમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક બીબીઓ માટે છે જેમનાથી આપે નિકાહ કર્યો છે ચાહે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم થી પહેલાં તેણીનો ઈન્તેકાલ થઈ ગયો હોય કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી, આ બધી જ ઉમ્મતની માંઓ અને દરેક ઉમ્મતીના માટે પોતાની સગી માં કરતાં વધુ તેણીઓની તા'ઝીમ કરવી વાજિબ છે. *(તફસીરે ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૧૬)*

હુઝૂરની બધી જ બીબીઓ દુનિયાભરની તમામ ઔરતોથી સર્વશ્રેષ્ઠ (અફઝલ) છે. પરંતુ તેણીઓનો દરજ્જો આપસમાં એક બીજાથી ઓછો વધારે છે. હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہا અને હઝરત આઈશા رضی اللہ عنہا સૌથી અફઝલ છે. હઝરત આઈશા સિદીકા તો નિકાહના સમયે કુંવારાં હતાં, અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખદીજતુલ કુબરાના નિકાહના સમયે કુંવારા હતા જ્યારે કે તેણી બેવા અને ચાલીસ વર્ષીય હતી અને હુઝૂરની ઉમ્ર તે સમયે ફક્ત પચ્ચીસ વર્ષની હતી. અને હુઝૂરની નસ્લે પાક હઝરત ખદીજતુલ કુબરાથી ફેલાઈ. હુઝૂરે હઝરત ખદીજતુલ કુબરાની જિંદગીમાં બીજા કોઈની સાથે નિકાહ નથી કર્યો. હમેશાં હુઝૂર હઝરત ખદીજતુલ કુબરાના તરફથી કુર્બાની કરતા હતા અને હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ઈલ્મ તથા ફઝલમાં તમામ ઔરતોમાં બેમિષાલ કે સહાબાએ કિરામના ઈલ્મી ઈખ્તિલાફનો હલ આપ જ શોધતાં હતાં. મહબૂબાએ મહબૂબે રબ્બુલ આલમીન આપનો લકબ હતો. આપના બિસ્તરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર વહી નાઝિલ થતી અને હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم સલામ અર્ઝ કરતા. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم નો વિસાલ શરીફ આપના સીના મુબારકની બાજુમાં અને ગોદશરીફમાં થયો. તેણીનો હુજરો (રૂમ) કયામત સુધી ફરિશ્તાઓ અને ઈન્સાનો, જિન્નતોની ઝિયારતગાહ બન્યો, કારણ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ હુજરો આખરી આરામગાહ થયો. ખુદ સિદીકા સિદીકની બેટી સૈયિદુલ અંબિયાની દુનિયા અને આખેરતની બીબી છે.

**જિન્કા પેહલૂ હો નબી કી આખરી આરામગાહ**
**જિન્કે હુજરે મેં કયામત તક નબી હો જા ગુંઝી**

જ્યારે તેણી પર અમુક લોકોએ જૂઠો આક્ષેપ મૂક્યો તો સૂરએ નૂરે તેણીની નૂરાનિયત અને બરાઅતને બયાન કરી. અત્યારે પણ કયામત સુધી જે મુસલમાનો કુર્આન શરીફ પઢતા રહેશે તેણીની અસ્મત (પવિત્રતા)ની ગવાહી આપતા રહેશે.

**વો જો હૈ સૂરએ નૂરી જિન્કી ગવાહ**
**ઉન્કી નૂરાની સૂરત પે લાખોં સલામ**

*-(શાને હબીબુર્રહ્માન, પેજ-૧૩૭)*

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

(હિકાયત : ૦૬)

## મલિકએ સબા બિલ્કીસ

મુલ્કે યમનના ઈલાકા સબાની મલિકા બિલ્કીસ બહું મોટી રાણી હતી અને એની પાસે સલ્તનતના દરેક સાઝો સામાન પ્રાપ્ત હતા અને તેનો જે તખ્ત હતો તે બહુ મોટો હતો. સોના તથા ચાંદીનો બનેલો હતો અને મોટા મોટા અમૂલ્ય જવાહેરાતથી શણગારેલો હતો. આ તખ્ત એંસી મિટર લાંબો, ચાલીસ મિટર પહોળો તથા ત્રીસ મિટર ઊંચો હતો. આ પણ હઝરત સુલૈમાન عليه السلام નો હતો. હઝરત સુલૈમાન عليه السلام એ એક દિવસ પોતાના દરબારમાં હુદહુદ પક્ષીને ગેર હાજર જોઈ ફર્માવ્યું કે હુદહુદની ગેરહાજરી પર હું એને શિક્ષા કરીશ, નહીંતર ઠીક બહાનુ બયાન કરે. થોડી વાર પછી હુદહુદ પણ આવી ગયું અને એણે સબાની રાણી બિલ્કીસની સ્થિતિ વર્ણન કરી કે તેણી બહુ મોટી હુકમરાન છે. એની પાસે એક મોટો સારો અને બહુ ભારી તખ્ત પણ છે જેની ઉપર તેણી બેસે છે પણ તે મુશ્રિકા છે અને તેણીની પ્રજા સૂરજની પૂજા કરે છે અને અલ્લાહને સિજદો નથી કરતા. હઝરત સુલૈમાન عليه السلام એ હુદહુદની વાતચીત સાંભળી સબાની રાણી બિલ્કીસના નામે એક પત્ર લખ્યો જેનું લખાણ આ હતું :

اِنَّہٗ مِنْ سُلَیْمَانَ وَاِنَّہٗ بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ اَلَّا تَعْلُوْا عَلَیَّ وَاْتُوْنِیْ مُسْلِمِیْنَ۔

**તર્જુમો** : "બેશક ! તે સુલૈમાન તરફથી છે અને બેશક ! તે અલ્લાહના નામથી છે જે ઘણો જ મહેરબાન રહમતવાળો. એ કે મારી ઉપર ઉચ્ચતા ઈચ્છો નહીં અને માથુ નમાવતા મારી સમક્ષ હાજર થાવ." *(પારા. ૧૯, રુકૂઅ : ૧૭)*

હુદહુદ આ પત્ર લઈ સબામાં જઈ પહોંચ્યો અને સબાની રાણી બિલ્કીસના તખ્ત પર જઈ નાંખ્યો. બિલ્કીસે વાંચ્યો તો ગભરાઈ ગઈ અને પોતાના વજીરો સામે પત્ર રજૂ કર્યો કે લો આ પત્ર વાંચો અને પોતાનો મશ્વેરો (ખયાલ) બયાન કરો અને બતાવો કે હું સુલૈમાન પાસે જાઉં કે ન જાઉં ! તેઓએ કહ્યું કે, અમો તો બહાદુર યોદ્ધાઓ છીએ, સુલૈમાનથી આપણને કોઈ ખતરો નથી, પછી તો આપનો જે ખયાલ હોય તે જ બરાબર છે. બિલ્કીસ બુદ્ધિ ધરાવનાર હતી, તેણીએ કહ્યું, લડાઈનું પરિણાબ ખરાબ છે. જો તે જીતી જશે તો આવીને ઉલટ પલટ કરી દેશે, ઈજ્જતવાળાઓને ઝલીલ કરી દેશે. કેમ કે બાદશાહોની આ જ આદત હોય છે. સુલેહ કરી લેવી બેહતર છે. પ્રથમ વાર તો તેની પાસે જવું સારુ નથી. ભલાઈ એમાં છે કે પહેલાં થોડા હદીયા દઈને એલચી (સંદેશ પહોંચાડનાર)ને મોકલવામાં આવે એનાથી સુલેમાનની પૂરી સ્થિતિ જણાય જશે. આ બાબત બધાને ગમી અને અમૂલ્ય હદીયા લઈને સંદેશાવાહકને મોકલીએ. જેથી સુલૈમાન એ માલને જોઈને નરમ થઈ જાય. બિલ્કીસની આ ભૂલ હતી કે સુલૈમાન عليه السلام તો અલ્લાહના પૈગંબર હતા એમનો મકસદ તો તે સૂરજ પરસ્ત રાણીને ઈસ્લામમાં લાવવા અને બુરાઈથી બચાવવાનો હતો એટલા માટે તેણીનો એલચી જ્યારે અમૂલ્ય હદીયા લઈને સુલૈમાન عليه السلام ની પાસે પહોંચ્યા ત્યારે આપે એનો કોઈ લેહાજ ન કરીને એવું ફર્માવ્યું કે, અલ્લાહનું દીધેલું મારા પાસે બધું જ છે. આવા હદીયાથી તમે જ ખુશ થઈ જાવ ! જઈને તેને કહી દો કે તે મુસલમાન બનીને હાજર થાય, નહીંતર હું એવું જબરદસ્ત લશ્કર મોકલીશ કે જેનો કોઈ મુકાબલો નહીં કરી શકે અને હું તેઓને ત્યાંથી બેઈજ્જત કરીને કાઢી મૂકીશ. એલચી તો તે તરફ રવાના થઈ ગયા અને આ તરફ હઝરત સુલૈમાન عليه السلام એ પોતાના દરબારીઓને કહ્યું કે તમારામાંથી છે કોઈ બિલ્કીસના આવતા પહેલાં મારા પાસે એનો તખ્ત ઉઠાવી લાવે ?! એક મોટા બહાદુર જિન્ને કહ્યું, હુઝૂર ! હું તે તખ્ત આપના દરબારથી જવાથી પહેલાં

લઈ આવું છું. એક બીજા દરબારીએ જે કિતાબનું ઈલ્મ જાણતો હતો તેણે કહ્યું, હુઝૂર ! હું એના તખ્તને આપના પલક ઝપકવા પહેલાં લઈ આવું છું. જેથી પલક ઝપકતાંની સાથે એણે તે તખ્ત લાવીને હઝરત સુલૈમાન عليه السلام ના સમક્ષ હાજર કરી દીધો. ત્યાર પછી બિલ્કીસ જયારે દરબારે સુલૈમાનમાં પહોંચી તો પોતાનાથી પહેલાં ત્યાં પોતાનો તખ્ત જોઈને આશ્ચર્યમાં પડી ગઈ અને કહેવા લાગી, હુઝૂર ! અમને તો પહેલાંથી જ ખબર પડી ગઈ હતી કે તમો બહુ તાકતવર અને ખુદાના બરગુઝીદા છો અને પછી કહેવા લાગી :–

رَبِّ اِنِّی ظَلَمْتُ نَفْسِی وَاَسْلَمْتُ مَعَ سُلَیْمَانَ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ۔

**તર્જુમો** : "અય મારા રબ ! મેં મારા પ્રાણ પર જુલ્મ કર્યો અને હવે સુલૈમાન સાથે અલ્લાહ સમક્ષ ગરદન નમાવું છું જે રબ સારા જગતનો." *(પા. ૧૯, રૂકૂઅ : ૧૮)*

**બોધ** : અલ્લાહના પૈગંબર શિર્ક તથા કુફ્રથી લોકોને વંચિત કરવા તશરીફ લાવે છે અને ગુમરાહોને ગુમરાહીથી બચાવીને અલ્લાહની આગળ નમાવી દે છે. એ પણ જણાયું કે કોઈ કેટલીય મોટી રાજ સત્તાનો માલિક, બાદશાહ તથા હુકમરાન પણ કેમ ન હોય ! અલ્લાહના પૈગંબરની સામે કાંઈ પણ નથી અને એમને દુનિયવી જાહોજલાલ (બુલંદ મર્તબા, ઈજ્જત) તથા માલ, સામાનની કાંઈ પરવા નથી હોતી. મુફસ્સિરીને લખ્યું છે કે હઝરત સુલૈમાન عليه السلام ના દરબાર અને બિલ્કીસના તખ્તની જગ્યાના દરમ્યાન ફાસલો બે મહીનાના રસ્તાનો હતો અને તખ્તની લંબાઈ તથા પહોળાઈ તમો વાંચી ચૂક્યા છો કે ત્રીસ મિટર ઊંચો, ચાલીસ મિટર પહોળો અને એંસી મિટર લાંબો હતો. આ લાંબી મુસાફરી અને આટલો વજનદાર હોવા છતાં હઝરત સુલૈમાન عليه السلام ની સોહબતમાં રહેવાવાળો એને એક પળમાં જ લઈ આવ્યો ! તો પછી સૈયદુલ્ અંબિયા ﷺ ની ઉમ્મતના ઔલિયા દૂર દરાઝના ફાસલાથી કોઈની મદદ તથા રક્ષા માટે કેમ ન પહોંચી શકે ?! તદ્ઉપરાંત સુલૈમાન عليه السلام નો એક સિપાહી જો કે બે મહીનાનો સફર સેકન્ડમાં ખતમ કરી શકે છે તો સૈયદુલ્ અંબિયા ﷺ મેઅરાજની રાતમાં ફર્શ તથા અર્શનો સફર પળભરમાં કેમ ખતમ નથી કરી શક્તા ?!

કુર્આને પાકમાં આ કિતાબનું ઈલ્મ ધરાવનારનો પળમાં જ તખ્તને લઈ આવવાનો પ્રસંગ આ શબ્દોમાં વર્ણન કરેલો છે :–

قَالَ الَّذِی عِنْدَہٗ عِلْمٌ مِّنَ الْکِتَابِ اَنَا اٰتِیْکَ بِہٖ قَبْلَ اَنْ یَّرْتَدَّ اِلَیْکَ طَرْفُکَ۔

**તર્જુમો** : "તેણે કહ્યું જેની પાસે કિતાબનું ઈલ્મ હતું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં." *(પા. ૧૯, રૂકૂઅ : ૧૮)*

આયતે શરીફામાં જે اٰتِیْکَ بِہٖ નો શબ્દ છે. એનો અર્થ છે : "હું તેને આપના સમક્ષ લઈ આવીશ" આ "લઈ આવીશ" ત્યારે પેશ આવી શકે છે જ્યારે કે તે પહેલાં જાય પણ એટલે કે તે પહેલાં જશે પછી લઈને આવશે, આવવા માટે પહેલાં જવું જરૂરી છે. સમજો કે એણે આમ અર્ઝ કરી કે, હું જઈશ અને આંખ ઝપકતાં પહેલાં લઈને આવીશ. જેથી તે આંખ ઝપકતાં પહેલાં એટલા દૂર ગયો પણ અને આવી પણ ગયો અને એટલી જલ્દીમાં કે દરબારથી ગાયબ પણ ન થયો. આ છે સુલૈમાન عليه السلام ના એક સિપાહીની કરામત કે એક જ સમયમાં અહીંયા પણ અને ત્યાં પણ. પછી સૈયદુલ્ અંબિયા ﷺ નું એક વખતમાં કેટલીય જગ્યાએ હોવું કેમ શક્ય નથી ?! અને એ પણ જાણવા મળ્યું કે યુદ્ધ અને લડાઈ સારી વસ્તુ નથી એટલા માટે યુદ્ધની ઈચ્છા પણ ગુનોહ છે. મુસલમાન અમ્નો સલામતીનો નિમંત્રક છે એટલા માટે જ મુસલમાનોએ જ્યારે યુદ્ધ કર્યું મુદાફેઆના (ફિત્નો રોકવા) કર્યું, જારેહાન (ઝખ્મી કરવા) નહીં જારેહાના યુદ્ધ કાફિરોનો દસ્તૂર છે. મુસલમાનો માટે આ સબક છે કે તે પોતે યુદ્ધ ન છેડે (પહેલ ન કરે !) અને જો દુશ્મન પહેલ કરે તો પછી فَلَا تُوَلُّوْھُمُ الْاَدْبَارَ۔ ના અનુસાર જંગથી પીઠ ફેરવવી ગુનોહ છે. સારાંશ કે મુસલમાનો માટે એ હુકમ છે કે કોઈને ન છેડો અને જો કોઈ છેડે તો ન છોડો.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ✪ "બરકાતે ખ્વાજા"માસિક ગમ્યું ! ✪

જનાબ તંત્રી : બરકાતે ખ્વાજા ! અસ્સલામુ અલૈકુમ ! ફેબ્રુઆરી મહીનાનું "બરકાતે ખ્વાજા" મળ્યું. પ્રથમવાર અભ્યાસ કર્યો. અલ્હમ્દુલિલ્લાહ ! અંકને તમામ ખૂબીઓ વડે સજાવેલ તથા શણગારેલ પામ્યો. સર્વ લેખો પ્રશંસાને પાત્ર છે અને સર્વ સામગ્રી ખૂબથી ખૂબતર છે. આ અંકની કામયાબી યકીનન ! બેહતરીન કોશિશ તથા અનથક મહેનતોનું ફળ છે. અલ્લાહથી દુઆ છે કે તમને દીને મતીનની ખિદમતનો હોંસલો તથા જઝબો બખ્શે. (આમીન)

**–*મુહમ્મદ અસ્ગરઅલી અશરફી, ડીસાવાળા***

*(ખાદિમ : દારુલ ઉલૂમ અહલે બયત, નાપા)*

★ ✪ ✪ ☆

જનાબ શબ્બીરભાઈ, અસ્સલામુ અલૈકુમ !

"બરકાતે ખ્વાજા"ના અંકો મળ્યા. ઘણી જ ઈલ્મી માહિતીથી ભરપૂર અને મને ખૂબ નવી જાણકારી મળી. તેના બદલ ખૂબ ખૂબ આભાર !

**–ઈકબાલ આઈ. માણેક** *(ગાંધીધામ)*

## ✪ જયપૂરના હાજીઓની ખિદમત ✪

જયપૂર એરપોર્ટથી હજ્જ તથા ઝિયારત માટે જનારા હાજીઓની તા. ૮ થી ૧૬ જાન્યુ. ૦૫ સુધી એરપોર્ટ ખાતે તર્બિયત તથા એહરામ બાંધવાની પધ્ધતિ તથા દુઆ, તલબિયા વગેરે એરપોર્ટ ઉપડતા સુધીની ખિદમતની જવાબદારી **સુન્ની દા'વતે ઈસ્લામી**ના મુબલ્લિગોએ ખૂબ જ ઉમદા રીતે નિભાવી હતી.

જેમાં જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભરૂચી, સૈયદ અમીન માલેગાંવી તથા મુંબઈથી જનાબ ઈફતેખારભાઈ, સૈયદ અહમદ, સૈયદ મુહમ્મદ, ઈબ્રાહીમભાઈ વિક્રોલી, હાફેઝ સગીર, સલીમ નાગોરી તથા જોધપૂર, મકરાણા, પાલી વગેરેના મુબલ્લિગોએ સતત મેહનત કરી હતી. (મૌલા તઆલા જઝાએ ખૈર અતા કરે, આમીન.) *–તંત્રી*

## ✪ નાપાડમાં સુન્ની ઈજતેમા ✪

**નાપાડ** (તા. જિ. આણંદ) ખાતે પીરે તરીકત મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)ની સદારતમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો **"અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા"** તા ૧૬–૦૩–૨૦૦૫ બુધવારે રાત્રે ઈશા બાદ રાખવામાં આવ્યો છે જેમાં અન્ય ઉલમા, સાદાતે કિરામ તથા મુબલ્લિગોના કાફલા તશરીફ લાવશે. ઈન્શાઅલ્લાહ !

## ✪ શાદી મુબારક હો ! ✪

**જંબુસર** : હાફેઝ મુહમ્મદ યુસુફ પટેલ (બાબુ હાફેજી)ની નેક પુત્રી જૈનબબાનુની શાદી તાંદલજાના મૌ. યાકૂબ સૂફીના નેક ફરઝંદ હસનરઝા સાથે તા. ૩૧–૧–૦૪ ના રોજ રાખવામાં આવી.

(મુબારકબાદ ! *–તંત્રી*)

**મછાસરા** : હાફેઝ ઈબ્રાહીમ ભાઈખાંની નેક પુત્રી અનીસાબાનુની શાદી સૂરત હાજી હસન અલીના નેક પુત્ર મુજીબુર્રહમાન સાથે તા. ૬–૨–૨૦૦૫ ના રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી*)

## ✪ અણમોલ કિતાબ મંગાવો ✪

વિર્દો વઝાઈફની કિતાબ......

**અલ્ વઝીફતુલ કરીમા** (હદિયો : રૂા. ૧૫/–)

**પ્રાપ્તિસ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા) મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત

મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

## આ છે લેખનકાર્યના શોખીન નસીબદાર તલબા !

''બરકાતે ખ્વાજા'' (માસિક)ની લેખ હરીફાઈમાં લેખ મોકલવા માટેની ટહેલ પર "**સદ્‌વર્તન અને આપણા નબી** ﷺ" વિષય પર લેખ લખી મોકલનારા **૨૪** મુજાહિદ તલબાનાં નામો આ પ્રમાણે છે :

### દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી દયાદરા

- મલેક સિકંદર– દહેગામ
- મો. આરિફ પીરમિયાં–મેહલેજ
- મો. સઈદ રફીક–સૂરત
- સજ્જાદ હુસૈન દિવાન
- મો. ઈલ્યાસ ઈસ્માઈલ–મછાસરા
- સૈયદ ફિરોઝ અકબર–વિલાયત
- મલેક આરિફ ગુલામ–દહેગામ
- સૈયદ મુઝમ્મિલ યૂનુસ–જંબુસર
- હાજી સુહેલ હાજી અબ્દુલ્લાહ માટલી દયાદરા
- મો. હસીબ સાબિરમિયાં કાજી
- ઈમ્તયાઝ મુલ્તાની–ડાભા
- અબ્દુલકદીર ઐયૂબભાઈ–પાલેજ
- મુનવ્વર ગુલામરસૂલ
- દસ્તગીર ઈસ્માઈલ બોરડીવાલા–દયાદરા
- સૈયદ ઝાકિર બસીર–વિલાયત
- ઈમરાન યાકૂબ–સરનાર

### જામિઆ અશ્રફિયા મુબારકપુર

- હાફેઝ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાલા–દયાદરા
- મુહમ્મદ શાકિર પટેલ–દયાદરા
- તનવીર અહમદ–પેટલાદ

### દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચ

- પટેલ મુબારક–ચાંચવેલ
- મુહમ્મદ સિરાજ મલેક–દહેગામ
- ઝૈનુલ આબેદીન નાગોરી–ભરૂચ

### દા. ઉ. અશ્રફિયા મુસ્તફાઈયા ટંકારીયા

- હાફેઝ ઈમરાન ઐયૂબ (કોવારીવાળા)–ટંકારીઆ

### દા. ઉ. શૈખુલ ઈસ્લામ બાલાસિનોર

- સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | **સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા** | રૂા. ૩૦૦/– | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | **હાફેઝ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાળા દયાદરવી** | રૂા. ૨૦૦/– | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | **જનાબ મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી** | રૂા. ૧૦૦/– | (ત્રીજુ ઈનામ) |
| **નંબર ૪ :** | **જનાબ તન્વીર અહમદ પેટલાદી** | રૂા. ૦૫૦/– | (ચોથુ ઈનામ) |
| **નંબર ૫ :** | **જનાબ પટેલ મુબારક ચાંચવેલી** | રૂા. ૦૫૦/– | (પાંચમુ ઈનામ) |

આ પાંચવને મુબારકબાદી અર્પીએ છીએ તથા સર્વ ભાગ લેનારા તલબાને હરીફાઈમાં ભાગ લેવા બદલ મુબારકબાદ ! લેખ હરીફાઈમાં ભાગ લેનારા સર્વ તલબાને **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તરફથી **પાંચ** કિતાબો તોહફા રૂપે આપવામાં આવશે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

## સારી વાતોનો હુકમ આપવો, બુરી વાતોથી રોકવાનું મહત્વ

આ વિષય પર તા. **૧૦–એપ્રિલ–૨૦૦૫** સુધી લેખો સ્વીકારવામાં આવશે.

## લેખ મોકલનારા તલબાને અગત્યની સૂચના

**અલ્હમ્દુલિલ્લાહ** ! ઘણી ખુશીની વાત છે કે દારુલ ઉલૂમોના એ તલબા કે જેઓ અત્યારે તા'લીમ હેઠળ છે તેમનામાંથી જ આવતી કાલના સુન્નીઓના રહબરો પાકશે, ઈન્શાઅલ્લાહ ! અને તેમનામાં ઘણા દીને હક્ક માટે કલમ ચલાવવા થનગની રહ્યા છે અને જેમણે પણ લેખ મોકલ્યો જેવો પણ બન્યો લખી મોકલ્યો સર્વને મુબારકબાદ આપીએ છીએ !

પણ લેખન બાબતે લખનારા થોડીક કાળજી પણ કેળવતા જાય તો આવતી કાલના જરૂર તેઓ ઉમદા દીની કલમકાર હશે અને દીનના માટે કલમી જેહાદ કરવાનું સદ્‌ભાગ્ય તેમને મળશે.

- સૌ પ્રથમ તો કલમ ઉઠાવે તો એમાં **નિય્યતમાં નિખાલસતા** કેળવે કે કેવળ અને કેવળ અલ્લાહ عزوجل વ રસૂલ ﷺ ને રાજી કરવા માટે જ લખે.
- બીજું કે **કયા વિષયમાં, કોના વિશે, શું લખવાનું છે એના પ્રતિ પ્રથમ દિમાગને કેન્દ્રિત કરે** અને એના વિષયને લગતી કિતાબોનો, ઉચ્ચ આલિમોના લખાણોનો, કુર્આન, હદીષમાં એ વિશેના વર્ણનોનો ખૂબ અભ્યાસ કરે, તેને સમજે અને ખૂબ જ ચિંતન મનન કરે પછી સુંદર શરૂઆત કરવાની કોશિશ સાથે કલમ ચલાવે. કુર્આન, હદીષ, ઉલમાની કિતાબોના હવાલાથી લેખને જાનદાર બનાવે. અરબીને અરબીમાં રજૂ કરે અથવા સૂરત, આયત નંબર જરૂર લખે.
- અવાર નવાર ઉલમાથી એ બાબતે માહિતીઓ એકત્ર કરે, ઉલમાના મશ્વરા લે, કાંઈ પણ પૂછવામાં નાનમ ન અનુભવે તો એવું સચોટ લખાણ લખાશે કે જેમાં વાંચકને નસીહત લેવાની સામગ્રી મળી રહેશે.
- કોઈ કિતાબમાંથી વિષય વસ્તુ સમજ્યા વિના કે કોઈનો લેખ સમજ્યા વિના ઉતારી લેવાથી લખાણમાં નિખાર આવશે નહીં. કેવળ લખવા પૂરતું લખી મોકલવું કાંઈ ફાયદાકારક નથી.
- અને ગુજરાતી ભાષાની જોડણી સુધારવા તથા સભ્યવાણીના ઉપયોગ માટે સતત ગુજરાતી દીની સાહિત્ય તથા અન્ય અંકોના વાંચનની આદત રાખે, ગુજરાતી શબ્દકોશનો અભ્યાસ પણ કરે જેથી શબ્દભંડોળ પણ એકત્ર થતો જશે.

**ચેતવણી** : **"માસૂમ"** શબ્દ ફરિશ્તા તથા નબી સિવાય કોઈના માટે વાપરવો જાઈઝ નથી તથા કોઈ કાફિર માટે **"મહાત્મા"** શબ્દ લખવો જાઈઝ નથી બલ્કે કોઈ વલી કે અન્ય મુસલમાન માટે પણ એ શબ્દ જાઈઝ નથી. (મહાત્મા = રૂહુલ કુદ્‌સ એ હઝરત જિબ્રઈલ علیہ السلام નો લકબ છે) માટે એ બાબતે મુફતીનો સંપર્ક કરીને તેઓ કહે તેવો અમલ કરે.

**ચેતવણી** : **"સ.અ.વ."** લખવું **હરામ** છે. એવું કદી પણ ન લખે, એ દેવબંદી વહાબીની ગુસ્તાખીભરી આદત છે. પૂરું દુરૂદ صلی اللہ تعالیٰ علیہ وسلم લખે. તે જ પ્રમાણે **રદી.** તથા **રહ.** તથા **અલ.** તથા **સલ.** પણ લખવું જાઈઝ નથી પૂરેપૂરું رضی اللہ عنہ, رحمۃ اللہ علیہ તથા علیہ السلام લખે.

**નોંધ** : લેખ મોકલો તો ૬૫૦–૭૦૦ શબ્દ ફુલ સ્કેપ લીટીવાળા લગભગ **ત્રણ** પેજો પર સુવ્યવસ્થિત જોડણી સાથે લખવું, વધુ પડતો લાંબો લેખ અવગણ્ય ગણાશે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*